દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 206 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 September 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત-ચીન હરીફ નહીં, પણ ભાગીદાર બનશેઃ મોદી

## કૈલાસ માનસરોવર, સીધી ફ્લાઈટ, વિઝા, સીમાવિવાદ સહિત વિવિધ મુદ્દે દ્વિપક્ષી મંત્રણા

તિયાનજિન (ચીન) : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે અહીં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની વાર્ષિક શિખર પરિષદની પહેલાં ચીનના પ્રમુખ શી જિનપિંગની સાથે કૈલાસ માનસરોવર યાત્રા, વેપારી સંબંધ, સીમાવિવાદ, સીધી ફ્લાઈટ, સરળ વિઝા પ્રક્રિયા સહિતના વિવિધ દ્વિપક્ષી મુદ્દે મંત્રણા કરી હતી અને જણાવ્યું હતું કે ભારત અને ચીનના દ્વિપક્ષી સંબંધ હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં નિર્ણાયક સાબિત થશે. બન્ને દેશની કુલ વસતિ અંદાજે ૨.૮ અબજ એટલે કે દુનિયાની કુલ વસતિના ૩૪ ટકા છે. બન્ને દેશ સીમાવિવાદને બાજુ પર રાખીને એકબીજાના હરીફ નહીં પણ વિકાસમાં ભાગીદાર બનશે તો લાભદાયક પુરવાર થશે. દરમિયાન ચીનના પ્રમુખ શી જિનપિંગે મોદીને જણાવ્યું હતું કે હાલની

(જુઓ પાનું ૨) ▶▶

## ‘‘સ્વદેશી ઉત્પાદનો માટે ગર્વ લો’’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી દિવસોમાં તહેવારોની મોસમ ચરમસીમાએ પહોંચશે ત્યારે દેશવાસીઓને સ્વદેશી ઉત્પાદનો પર ગર્વ લેવાની હાકલ કરી છે. તેમણે ‘વોકલ ફોર લોકલ’ના મંત્ર પર ભાર મૂકતાં કહ્યું કે આત્મનિર્ભર ભારતના માર્ગે ચાલવાથી વિકસિત ભારતનું નિર્માણ થશે.

વડા પ્રધાને ‘મન કી બાત’ કાર્યક્રમમાં જણાવ્યું કે જીવનમાં જરૂરી દરેક વસ્તુ ‘સ્વદેશી’ હોવી જોઇએ. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકા ટૅરિફ લાદવામાં આવ્યા બાદ અમેરિકા સાથેના

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતે અમેરિકા માટે બધી પોસ્ટલ સર્વિસ કરી બંધ

નવી દિલ્હીઃ ભારતે અમેરિકા માટે તમામ કેટેગરીમાં પોસ્ટલ સર્વિસ બુકિંગ સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધો છે. સંચાર મંત્રાલયના ટપાલ વિભાગે આ સંદર્ભમાં એક નોટિસ જાહેર કરી છે. આ નોટિસ અનુસાર, અમેરિકા જતી તમામ શ્રેણીની ટપાલોનું બુકિંગ સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં ૧૦૦ ડૉલર સુધીની ભેટ, દસ્તાવેજો, પાર્સલ અને પત્રોનો સમાવેશ થાય છે. મંત્રાલયે આ નિર્ણયનું કારણ અમેરિકા લઈને જતા કેરિયરોને પડતી મુશ્કેલીઓ અને ત્યાંના નિયમો અંગેની અસ્પષ્ટતાને ગણાવી છે.

અગાઉ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે અમેરિકા જતી હવાઈ કંપનીઓ આવા શિપમેન્ટ વહન કરવાનો ઇનકાર કરી રહી છે કારણ કે યુએસ કસ્ટમ્સ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા

(જુઓ પાનું ૨) ▶▶

## ફેક્ટરીમાં વિસ્ફોટઃ બે લોકોનાં મોત

લખનઊ : ઉત્તર પ્રદેશની રાજધાની લખનઊમાં ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. જેમાં બે લોકોનાં મોત થયા છે. તેમજ પાંચ લોકો ઘાયલ થયા છે.

આ વિસ્ફોટ એટલો તીવ્ર હતો કે બિલ્ડિંગ ધરાશાયી થઈ હતી અને બે લોકો માર્યા ગયા હતા. તેમજ બિલ્ડીંગના કાટમાળમાં હજુ અનેક લોકો ફસાયા હોવાના દાવો કર્યો છે. જયારે કાટમાળમાંથી ઘાયલ લોકોને કાઢીને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ■

### ગુજરાતીઓ અને મુંબઈનું ગૌરવ

## હંસલ મહેતાનાં પત્ની સફીના હુસૈનની સંસ્થાને મેગસેસે અવૉર્ડ

મુંબઈઃ ગુજરાતીઓ અને મુંબઈના ગૌરવસમા ફિલ્મ દિગ્દર્શક હંસલ મહેતાનાં પત્ની સફીના હુસૈનની મુંબઈમાં વડું મથક ધરાવતી સંસ્થા ‘એડ્યુકેટ ગર્લ્સ’ને મેગસેસે અવૉર્ડ માટે પસંદ કરાઇ છે.

અંતરિયાળ ગામોમાં શાળામાં ન જતી બાળાઓના શિક્ષણ માટે સેવા કરતી આ બિનનફાકારક સંસ્થાને ૨૦૨૫ની રેમન મેગસેસે અવૉર્ડના વિજેતા ઘોષિત કરવામાં આવી છે. છોકરીઓને ભણતર આપતી સંસ્થા ‘એડ્યુકેટ ગર્લ્સ’એ નવા ઈતિહાસનું સર્જન કર્યું છે. રેમન મેગસેસે અવૉર્ડ ફાઉન્ડેશને એક નિવેદનમાં કહ્યું હતું કે આ સંસ્થા મેગસેસે અવૉર્ડ મેળવનારી પ્રથમ ભારતીય સંસ્થા બની છે એશિયાનું નોબલ પારિતોષિક ગણાતું આ ઈનામ એશિયાના લોકોએ નિઃસ્વાર્થ સેવા કરીને દાખવેલા મહાનતાના જુસ્સાનું સન્માન કરે છે.

બીજા બે વિજેતામાં માલદીવના શાહિના અલી (પર્યાવરણના કાર્યમાં) અને ફિલિપાઇન્સના ફલેવિયાનો એન્ટોનિયો વિલાન્યુએવાનો સમાવેશ થાય છે.

૬૭મો રેમન મેગસેસે અવૉર્ડ વિતરણ સમારોહ સાત નવેમ્બરે

(જુઓ પાનું ૨) ▶▶

## એર ઈન્ડિયાની ફ્લાઈટના એન્જિનમાં આગ લાગી

નવી દિલ્હીઃ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક પછી એક ખામીઓ આવી રહી છે. આજે અમદાવાદ વિમાન દુર્ઘટના જેવી બીજી ઘટના ઘટતા રહી ગઈ છે. દિલ્હીમાં એર ઈન્ડિયાની એક ફ્લાઈટમાં આગ લાગવાના સંકેતો મળ્યા હતા. જેને લઈને વિમાનનું ઇમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

આજે દિલ્હી એરપોર્ટ પરથી એર ઈન્ડિયાની એઆઈ ૨૯૧૩ ફ્લાઈટે ઈન્દોર જવા માટે ટેક ઓફ કર્યું હતું.

(જુઓ પાનું ૨) ▶▶

## મોટર વાહન કર અંગે સુપ્રીમ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

નવી દિલ્હીઃ મોટર વાહન કર એ વળતર આપનાર છે અને જો કોઇ વાહનનો ઉપયોગ જાહેર સ્થળે કરવામાં આવતો નથી અથવા ઉપયોગ માટે રાખવામાં આવતા નથી તો તેના માલિક પર તે સમયગાળા માટે મોટર વાહન કરનો બોજ નાખવો જોઇએ નહીં, એમ વડી અદાલતે જણાવ્યું હતું.

ન્યાયાધીશ મનોજ મિશ્રા અને ન્યાયાધીશ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે આંધ્ર પ્રદેશ હાઇ કોર્ટના ડિસેમ્બર

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પ ભારત નહીં આવે

નવી દિલ્હીઃ અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધોમાં તણાવ દિવસે ને દિવસે વધી રહ્યો છે. દરમિયાન ૫૦ ટકા ટૅરિફ લાદ્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે પણ તેમનો ભારત પ્રવાસ રદ કર્યો છે. ન્યૂ યોર્ક ટાઈમ્સના તાજેતરના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકન રાષ્ટ્રપતિ હવે ક્વાડ સમિટ માટે ભારત આવવાના નથી. શનિવારે અમેરિકન અખબારમાં પ્રકાશિત થયેલા આ અહેવાલમાં ટ્રમ્પના કાર્યક્રમ સાથે સંકળાયેલા સૂત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, ટ્રમ્પે અગાઉ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાણ કરી હતી કે તેઓ વર્ષના અંતમાં ભારતની મુલાકાત લેશે, પરંતુ હવે તેમણે આ યોજના રદ કરી દીધી છે. હાલમાં આ રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા પર અમેરિકા અને ભારત બંને સરકારો તરફથી કોઈ સત્તાવાર પ્રતિભાવ આવ્યો નથી.

આ વર્ષના અંતમાં ભારતમાં ક્વાડ

(જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તરાખંડમાં બે ટનલમાં ૧૯ શ્રમિકો ફસાયા

પથૌરાગઢ : ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લાના ધારચુલા નજીક એલાગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનના કારણે ધૌલીગંગા પાવર પ્રોજેક્ટની સામાન્ય અને ઈમરજન્સી ટનલ તરફ જતો માર્ગ બંધ થઈ ગયો હતો જેના કારણે નેશનલ હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ (એનએચપીસી) ના ૧૯ શ્રમિકો પાવર હાઉસની અંદર ફસાઈ ગયા હતા. અધિકારીઓએ રવિવારે આ માહિતી આપી હતી.

ધારચુલાના ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ જીતેન્દ્ર વર્માએ જણાવ્યું હતું કે કાટમાળ દૂર કરવા માટે મશીનો કામે

(જુઓ પાનું ૨) ▶▶

## માતા વૈષ્ણોદેવી યાત્રા છઠ્ઠા દિવસે પણ સ્થગિત

### કાશ્મીરના કટરામાં હૉટેલો ખાલી કરાવાઈ

કટરા/જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના કટરામાં તાજેતરમાં થયેલા ભૂસ્ખલન બાદ વહીવટીતંત્રે હોટલ અને ધર્મશાળાઓ ખાલી કરવાના આદેશો જાહેર કર્યા છે. ભૂસ્ખલનના ભયને કારણે વહીવટીતંત્રે કટરામાં કોમર્શિયલ સંસ્થાઓ ખાલી કરવાનો આદેશ આપ્યો છે.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કટરા કાર્યાલયે રવિવારે આ આદેશ જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે કટરા સબ-ડિવિઝનમાં તાજેતરના

(જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપને જરૂર પડશે ત્યારે રામસેતુને ફરી યાદ કરશે

**સુપ્રીમ** કોર્ટે રામસેતુને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની માગ કરતી સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો એ સાથે જ સાવ ભૂલાઈ ગયેલો રામસેતુનો મુદ્દો ફરી ચર્ચામાં છે. સ્વામી વરસોથી રામસેતુને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરાવવા મથે છે અને ૨૦૦૭માં પહેલી વાર અરજી કરેલી. ભાજપ એ વખતે સ્વામીની સાથે હતો પણ સત્તામાં આવતાં જ ભાજપે ગુલાંટ લગાવીને રામસેતુને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાના બદલે મુદ્દાને લટકાવી દેવાની નીતિ અપનાવી છે તેથી સ્વામી પાછા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે.

સ્વામીની અરજીના પગલે જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે સ્વામીની અરજી પર સુનાવણીની સંમતિ આપીને કેન્દ્રને ચાર અઠવાડિયામાં જવાબ આપવા કહ્યું છે. સ્વામીનો દાવો છે કે રામસેતુ એક પુરાતત્ત્વીય સ્થળ જ નથી પણ કરોડો લોકો માટે શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર પણ છે. વૈજ્ઞાનિક અને પુરાતત્ત્વીય અભ્યાસો એ વાતનો પુરાવો છે કે રામસેતુ માનવસર્જિત માળખું છે અને તેને હિંદુઓ તીર્થસ્થાન માને છે.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર હવે શું જવાબ આપે છે એ જોવાનું છે કેમ કે અત્યાર લગી આ મુદ્દે ભાજપ સરકારનું વલણ મહેતા મારેય નહીં ને ભણાવેય નહીં એવું રહ્યું છે. 'રામસેતુ'ને હેરિટેજ સાઈટ જાહેર કરીને તેનું જતન કરવાની માગણી ભાજપે જોરશોરથી ઉઠાવી હતી. કેન્દ્રમાં ડો. મનમોહન સિંહની સરકાર હતી ત્યારે ૨૦૧૨માં સેતુસમુદ્રમ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો.

દેશ માટે ફાયદાકારક આ પ્રોજેક્ટ 'રામસેતુ' પરથી બનવાનો હતો પણ ભાજપે તેનો ઉગ્રતાથી વિરોધ કર્યો હતો. સેતુસમુદ્રમ પ્રોજેક્ટ હાથ ધરીને કોંગ્રેસ સરકાર દેશના કરોડો હિંદુઓની આસ્થા પર પ્રહાર કરવા માગે છે એવો આક્ષેપ કર્યો હતો. ભાજપ એ વખતે પ્રચાર કરતો કે, કોંગ્રેસની માનસિકતા હિંદુ વિરોધી હોવાથી સરકાર બીજા વિકલ્પો વિશે વિચારવાના બદલે રામસેતુનો નાશ કરવાનો જ તેનો ઉદ્દેશ છે. ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં 'રામસેતુ'ને હેરિટેજ સાઈટ બનાવવાનું વચન પણ આપેલું પણ સત્તામાં આવ્યા પછી ભાજપે આખી વાતને ભૂલાવી દીધી. બલ્કે એક રીતે હાથ જ અધ્ધર કરી દીધા છે. ભાજપ જેને હિંદુઓની શ્રદ્ધાનું કેન્દ્ર ગણાવતો હતો એ રામસેતુના અસ્તિત્વનો સુધ્ધાં ભાજપની નરેન્દ્ર મોદી સરકારે ઈન્કાર કરી દીધેલો છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ડિસેમ્બર ૨૦૨૨માં એક સવાલના જવાબમાં રાજ્યસભામાં કહેલું કે, સેટેલાઇટ ઈમેજના કારણે રામસેતુ કઈ રીતે બન્યો તેની કે આ પુલ કેટલો જૂનો છે એ વિશે સીધી ને સચોટ માહિતી આપી શકતી નથી. સિંહના કહેવા પ્રમાણે, ભારતનો ઇતિહાસ ૧૮,૦૦૦ વર્ષથી વધુ જૂનો છે અને ઐતિહાસિક તથ્યો પ્રમાણે, રામસેતુ લગભગ ૫૬ કિમી લાંબો હતો. સ્પેસ ટેકનોલોજી દ્વારા આપણે રામસેતુના મનાતા કેટલાક ટુકડા, ટાપુઓ તથા અમુક પ્રકારના ચૂનાના પથ્થરો શોધી શક્યા છીએ પણ એ બધા રામસેતુના અવશેષો અથવા પુલના ભાગો હોવાનું ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી. આ સરકારી રાહે અપાયો જવાબ છે ને તેમાં આડકતરી રીતે રામસેતુના અસ્તિત્વનો જ ઈન્કાર કરી દેવાયો છે.

આ જવાબના પગલે સ્વામી સુપ્રીમ કોર્ટમાં ગયેલા ને એ વખતે કેન્દ્ર સરકારે કોર્ટમાં અલગ જ વાત કરી હતી. કેન્દ્ર સરકારનું કહેવું હતું કે રામસેતુને રાષ્ટ્રીય વારસો જાહેર કરવાના મુદ્દા પર વિચારણા ચાલી રહી છે અને બહુ જલદી નિર્ણય લેવાશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના જવાબને પગલે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આદેશ આપીને આ અંગે શક્ય એટલી ઝડપથી નિર્ણય લેવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે એવું પણ કહેલું કે, કેન્દ્ર સરકારની કામગીરીથી સ્વામીને સંતોષ ન થાય તો ફરીથી કોર્ટમાં અરજી કરવાની સ્વતંત્રતા છે.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો એ વાત અઢી વર્ષ જૂની છે. મોદી સરકારે અઢી વર્ષમાં કશું ના કર્યું એટલે સ્વામી પાછા કોર્ટમાં પહોંચ્યા છે. નવી અરજીમાં સ્વામીએ સુપ્રીમ કોર્ટના ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના આદેશનો ઉલ્લેખ કરીને રજૂઆત કરી છે કે, ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના આદેશ પછી પોતે ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કેન્દ્ર સરકાર સમક્ષ તમામ દસ્તાવેજો સાથે રજૂઆત રજૂ કરી હતી પણ કશું ના થયું. આ પછી ૧૩ મે ૨૦૨૫ના રોજ નવેસરથી રજૂઆત મોકલી પણ અત્યાર સુધી તેમને કે સુપ્રીમ કોર્ટને કોઈ જવાબ મળ્યો નથી તેથી કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલયને સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર શક્ય તેટલી વહેલી તકે અને સમયમર્યાદામાં સ્વામીની અરજી અંગે નિર્ણય લેવાનો આદેશ આપવામાં આવે.

રામસેતુનો મુદ્દો હવે કેન્દ્ર સરકારના જવાબ અને સુપ્રીમ કોર્ટના વલણ પર નિર્ભર છે પણ વધારે નિર્ભર સુપ્રીમ કોર્ટના વલણ પર છે કેમ કે ભાજપ સરકારને તો રામસેતુના મુદ્દાને ભૂલાવી દેવામાં જ રસ છે. આ કારણે જ કેન્દ્રમાં ૧૧ વર્ષથી સત્તામાં હોવા છતાં કશું કર્યું નથી. આ વિવાદના મૂળમાં સેતુસમુદ્રમ પ્રોજેક્ટ હતો. આ પ્રોજેક્ટ હાથ ધરાય તો રામસેતુને નુકસાન થાય એવો દાવો કરાતો હતો પણ ૨૦૧૪મા, મોદી સરકારે નિર્ણય લીધો કે પંબન પાસને ઊંડો કરીને સેતુસમુદ્રમ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવશે કે જેથી રામસેતુને કોઈ નુકસાન ના થાય.

ભાજપે એ વખતે પોતે રામસેતુ મુદ્દે ગંભીર હોવાનો દેખાડો કરવા આ જાહેરાત તો કરી પણ ૧૧ વર્ષમાં ના સેતુસમુદ્રમ પ્રોજેક્ટ પૂરો થયો કે ના રામસેતુને નેશનલ હેરિટેજ જાહેર કરાયો. હિંદુત્વને લગતા મુદ્દાઓને લંબાવીને તેનો શક્ય એટલો વધારે રાજકીય લાભ લેવો એ ભાજપની માનસિકતા છે. રામસેતુના મુદ્દે પણ એવું જ થયું છે. ભવિષ્યમાં ભાજપ પાસે બીજા મુદ્દા ના રહે ત્યારે રામ સેતુ તેને પાછો યાદ આવી જાય એવું બને પણ અત્યારે તો રામ સેતુ ભાજપની પ્રાયોરિટીમાં જ નથી.

મોદી સરકારની ઉદાસીનતાના કારણે ભૌતિક રીતે ભાજપ સત્તામાં આવ્યો એ પહેલાં જે સ્થિતિ હતી એવી જ સ્થિતિ હજુ છે પણ સૈદ્ધાંતિક રીતે ભાજપ આ પ્રોજેક્ટને કોરાણે મૂકવાનો સંકેત આપી ચૂક્યો છે તેથી મોદી સરકાર પાસેથી કોઈ અપેક્ષા નથી એટલે જે કરવાનું છે એ સુપ્રીમ કોર્ટે કરવાનું છે. સરકાર સંકળાયેલી હોય એવા મોટા ભાગના કેસોમાં સુપ્રીમ કોર્ટનું વલણ પહેલાં ગાજવીજ કરવાનું ને પછી ઠંડા પડી જવાનું છે. ગાજ્યા મેઘ કદી વરસતા નથી તેથી સુપ્રીમ કોર્ટ આ વખતે કોઈ આદેશ આપે છે કે પછી જવાબ માગીને સંતોષ માને છે એ જોવાનું રહે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, સોમવાર, તા. ૧-૯-૨૦૨૫, શ્રી હરિજયંતી, જયેષ્ઠા ગૌરીપૂજન
- ભારતીય દિનાંક ૧૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી મૂળ • ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી ધનુમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ બપોરે ક. ૧૪-૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૨ (તા. ૨) • ઓટઃ સવારે ક. ૦૭-૫૭, રાત્રે ક. ૨૦-૨૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – નવમી. શ્રી હરિજયંતી, જયેષ્ઠા ગૌરીપૂજન, અદુઃખ નવમી, ભાગવત સપ્તાહ પ્રારંભ, તલ નવમી (બંગાલ-ઓરિસ્સા), વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૧૯-૫૪. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

સપ્ટેમ્બર-૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૨૪, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૫૨ ચંદ્ર ઉદયઃ ક. ૧૩-૫૯, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રે ક. ૦૦-૫૪, બુધ ઉદયઃ ક. ૦૫-૩૦, બુધ અસ્તઃ ક. ૧૮-૧૩, શુક્ર ઉદયઃ ક. ૦૪-૦૮, અસ્તઃ ક. ૧૭ઙ૦૧, મંગળ ઉદયઃ ક. ૦૯-૦૩, અસ્તઃ ક. ૨૦-૪૬, ગુરુ ઉદયઃ ક. ૦૨-૪૦, અસ્તઃ ક. ૧૫-૪૭, શનિ ઉદયઃ ક. ૨૦-૦૪, અસ્તઃ સાંજે ક. ૧૮-૦૦, તા. ૧ સપ્ટેમ્બર સૂર્યોદયના સમયે સિંહ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે કુંભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૩મીએ ઉત્તરા ફાલ્ગુનીમાં, તા. ૨૭મીએ હસ્ત નક્ષત્રમાં આવે છે. મંગળ તા. ૩જીએ ચિત્રા નક્ષત્ર, તા. ૨૩મીએ સ્વાતિ નક્ષત્ર, બુધ તા. ૬ પૂર્વાફાલ્ગુની, તા. ૧૩મીએ ઉત્તરાફાલ્ગુની, તા. ૨૧મીએ હસ્ત, તા. ૨૮મીએ ચિત્રામાં પ્રવેશે છે. ગુરુ આખો માસ પુનર્વસુમાં રહે છે. શુક્ર તા. ૩જીએ આશ્લેષામાં, તા. ૧૫મીએ મઘા, તા. ૨૫મીએ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે. વક્રી શનિ ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં સમગ્ર માસમાં ભ્રમણ કરે છે. • મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, શ્રી હરિજયંતી વિશેષપૂજા, જયેષ્ઠા ગૌરી પૂજન, ભાગવત સપ્તાહ પ્રારંભ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણદેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક પૂજા, શ્રી ગણેશ સહસ્ર નામાવલિ, શ્રી વિષ્ણુ સહસ્ર નામાવલી પાઠ વાંચન, શિવપૂજા વિશેષરૂપે. ખેતીવાડી, દસ્તાવેજના નિત્ય થતાં કામકાજ. • આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ કાર્યક્ષેત્રે વ્યવસ્થાનો અભાવ, ચંદ્ર-બુધ ત્રિકોણ પ્રવાસનો શોખ. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૨) ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ ડિગ્રી ૧૭ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત-ચીન

વૈશ્વિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને ભારતે ચીનમાં વિશ્વાસ મૂક્યો છે અને મિત્રતા દૃઢ બનાવવા આગળ આવ્યું છે. તે માટેનો નવી દિલ્હીનો નિર્ણય યોગ્ય સાબિત થશે.

મોદીએ જણાવ્યું હતું કે ભારત-ચીનની સરકાર ઉપરાંત જનતાની વચ્ચે સંબંધ વધારવાની જરૂર છે. સીમાવિવાદને આ દ્વિપક્ષી સંબંધમાં વિઘ્ન સર્જવા દેવા ન જોઈએ. ભારતના વડા પ્રધાને ચીનના પ્રમુખની સામે સરહદ પારથી ફેલાવાતા ત્રાસવાદનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

મોદી અને શીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને ચીન વિકાસના ભાગીદાર છે અને હરીફો નથી. મતભેદોને વિવાદોમાં ન ફેરવવા જોઈએ.

આ બે નેતા દસ મહિનામાં બીજી વાર મળ્યા હતા. વૉશિંગ્ટનની ટૅરિફ પૉલિસીને લીધે ભારત અને અમેરિકાના સંબંધો કથળ્યા છે એ સંદર્ભમાં આ બેઠક મહત્ત્વની છે. ચીન અને ભારતના રાજદ્વારી સંબંધો સ્થાપાયા એની ૭૫મી વર્ષગાંઠ છે એની નોંધ લઈને શીએ કહ્યું હતું કે બે દેશોએ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યથી હાથ ધરવા જોઈએ. ડ્રેગન અને હાથીનું સહકારી નૃત્ય એ બન્ને દેશની સાચી પસંદગી હશે.

શીએ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની એકપક્ષી નીતિની ટીકા કરતા કહ્યું હતું કે બન્ને દેશોએ બહુપક્ષવાદને સમર્થન આપવું જોઈએ.

આપણે બહુપક્ષવાદને પોષવાની આપણી ઐતિહાસિક જવાબદારી સ્વીકારવી જોઈએ. આપણે એશિયા અને વિશ્વની શાંતિ અને સમૃદ્ધિ માટે યોગદાન આપવું જોઈએ. શીએ મોદીને કહ્યું હતું કે વિશ્વ હાલમાં સદીમાં એક જ વાર જોવા મળે એવા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અરાજકતાવાળી અને અસ્થિર છે. ભારત અને ચીન પૂર્વની બે પ્રાચીન સભ્યતા અને વિશ્વના સૌથી વધારે વસતિવાળા દેશ છે . ભારત અને ચીન ગ્લોબલ સાઉથના સૌથી જૂના સભ્ય છે.

મોદી જાપાનની મુલાકાત પછી ચીન આવ્યા હતા. મે ૨૦૨૦ના લદાખ સરહદ વિવાદ બાદ મોદીની ચીનની આ પ્રથમ મુલાકાત છે. મોદી કૈલાસ માનસરોવર યાત્રાની શરૂઆત થઈ એનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે બોર્ડર મેનેજમેન્ટમાં આપણા ખાસ પ્રતિનિધિની સંમતિ છે.

પારસ્પરિક વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે આપણો સહકાર આગળ લઈ જવા આપણે પ્રતિબદ્ધ છે. વડા પ્રધાને એસસીઓના ચીનના યશસ્વી નેતૃત્વ બદલ શીને અભિનંદન આપ્યા હતા.

ભારત અને ચીન સીધી ફ્લાઈટ અને વિઝા સુવિધા વડે લોકો વચ્ચેના નાતાને મજબૂત બનાવવા સંમત થયા હતા. મોદી અને શીએ વિશ્વ વેપારને સ્થિર કરવામાં બન્ને દેશની ભૂમિકાને માન્યતા આપી હતી.

મોદીએ ૨૦૨૬ની બ્રિક્સ શિખર પરિષદમાં આવવાનું શીને આમંત્રણ આપ્યું હતું. ભારત આ પરિષદનું યજમાન છે. (એજન્સી) ■

### હંસલ મહેતા

મનિલામાં મેટ્રોપોલિટન થિયેટરમાં યોજાશે.

મેગસેસેએ એક નિવેદનમાં કહ્યું હતું કે સફીના હુસૈને સ્થાપેલી સંસ્થા 'એજ્યુકેટ ગર્લ્સ'ને એશિયાનું સૌથી પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ સમ્માન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સંસ્થા કિશોરીઓ અને યુવતીઓને સાંસ્કૃતિક ઢાંચામાં રહીને શિક્ષણ આપે છે અને તેમને નિરક્ષતાની ગુલામીમાંથી બહાર કાઢે છે. સંસ્થા છોકરીઓને તેઓની ક્ષમતા સુધી પહોંચાડવામાં સહાય કરે છે. આ સંસ્થા મહિલાઓમાં બહાદુરી અને કૌશલનું સિંચન કરે છે.

સફીના હુસૈને ૨૦૦૭માં આ સંસ્થા સ્થાપી હતી. તેઓ પોતે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સના ગ્રેજ્યએટ છે. તેમણે સાન ફ્રાન્સિસ્કોમાં કામ કર્યું હતું. મહિલા નિરક્ષરતા દૂર કરવાનું બીડું ઉપાડીને તેઓ ભારત પાછા ફર્યા હતા. તેમણે રાજસ્થાનમાં પહેલ કરી હતી. તેમણે સ્કૂલમાં ન જતી બાળાઓને સ્કૂલમાં જવાની પ્રેરણા આપી હતી. આ સંસ્થા બાળાઓ શિક્ષણમાં ઉપાધી ન મેળવે ત્યાં સુધી તેને મદદ કરે છે. ભારતના ૩૦,૦૦૦ ગામડામાં સંસ્થાની પ્રવૃત્તિ ચાલે છે અને ૨૦ લાખથી વધારે છોકરીઓએ આ સંસ્થાની સેવાનો લાભ લીધો છે અને સંસ્થાનો જાળવણીનો દર ૯૦ ટકા રહ્યો છે.

સફીનાએ રવિવારે કહ્યું હતું કે આ અવૉર્ડ મળવો એ ભારત માટે ઐતિહાસિક ક્ષણ છે. અમે અમારું કામ એક છોકરી વડે શરૂ કર્યું હતું. (એજન્સી) ■

### એર ઈન્ડિયાની

ટેક-ઓફ કર્યાની થોડી ક્ષણો બાદ વિમાનમાં આગ લાગવાના સંકેતો મળ્યા હતા. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, "૩૧ ઓગસ્ટે દિલ્હીથી ઈન્દોર જનારી અઈ ૨૯૧૩ ફ્લાઈટે ટેક-ઓફ કર્યા બાદ તરત દિલ્હી પાછી આવી, કારણ કે ક્રૂને જમણા એન્જિનમાં આગ લાગવાનો સંકેત મળ્યો હતો. જેથી માનક પ્રક્રિયાઓનું પાલન કરતા કોકપીટ ક્રૂએ એન્જિન બંધ કરવાનો નિર્ણય લીધો હતો અને વિમાનને સલામત રીતે દિલ્હી પાછું લાવવામાં આવ્યું હતું."

દિલ્હી એરપોર્ટ પર લેન્ડિંગ બાદ વિમાનમાં સવાર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર લાવવામાં આવ્યા છે. તેઓનું વૈકલ્પિક વિમાનમાં સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. જેથી તેઓ જલ્દી ઈન્દોર પહોંચી શકે.

આ ઘટના અંગે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનને જાણ કરી દેવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ખાતે દુર્ઘટનાગ્રસ્ત થયેલા એઆઈ ૭૧૭ના કોકપીટ વોઇસ રેકોર્ડરમાં રેકોર્ડ થયેલી પાયલટની વાતચીતથી જાણવા મળ્યું હતું કે, ટેક-ઓફથી થોડી સેકંડ બાદ બંને ફ્યુઅલ સ્વિચો 'કટઓફ' થઈ ગઈ હતી. ત્યારબાદ પાયલટે તેને 'રન' કરી હતી. પરંતુ એન્જિન સક્રિય થયું ન હતું. ■

### પોસ્ટલ સર્વિસ

નિયમોમાં સ્પષ્ટતાનો અભાવ છે. અમેરિકન વહીવટીતંત્રે ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ એક આદેશ જાહેર કર્યો હતો, જેના હેઠળ અમેરિકા ૨૯ ઓગસ્ટથી ૧૦૦ ડૉલરથી વધુ મૂલ્યની વસ્તુઓ પર કસ્ટમ ડ્યૂટી લાદશે. અગાઉના આદેશમાં અમેરિકા મોકલવામાં આવતા પત્રો, દસ્તાવેજો અને ૧૦૦ ડોલર સુધીની ભેટને વસ્તુઓ યુએસ મોકલવાની મંજૂરી હતી, પરંતુ ૨૯ ઓગસ્ટથી આ બધા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અગાઉ, અમેરિકન સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા કસ્ટમ નિયમોને કારણે દેશના ટપાલ વિભાગે ૧૦૦ ડૉલરથી વધુ મૂલ્યની ભેટો માટે ટપાલ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જાહેર નોટિસના અનુસંધાનમાં, ટપાલ વિભાગે અમેરિકા માટે પોસ્ટલ બુકિંગ સસ્પેન્ડ કરવાની સમીક્ષા કરી છે. અમેરિકા જતી ટપાલ પરિવહન કરવામાં કેરિયર્સની સતત અસમર્થતાને ધ્યાનમાં રાખીને અને વ્યાખ્યાયિત નિયમનકારી પદ્ધતિઓના અભાવે અમેરિકા માટે નિર્ધારિત પત્રો, દસ્તાવેજો અને ૧૦૦ ડૉલર સુધીની ભેટ વસ્તુઓ સહિત તમામ કેટેગરીમાં પોસ્ટલ બુકિંગને સંપૂર્ણપણે સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટપાલ વિભાગે જણાવ્યું હતું કે તે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને વહેલી તકે સેવાઓ ફરીથી શરૂ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. જે ગ્રાહકોએ પહેલાથી જ એવી વસ્તુઓ બુક કરાવી છે જે મોકલી શકાતી નથી તેઓ ટપાલ ખર્ચ પરત મેળવવાનો દાવો કરી શકે છે.

અમેરિકન વહીવટીતંત્ર ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર હેઠળ ૧૦૦ ડોલરથી વધુ મૂલ્યના માલ પર યુએસમાં કસ્ટમ ડ્યૂટી લાગુ પડશે જે ૨૯ ઓગસ્ટથી અમલમાં આવશે.

એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, આંતરરાષ્ટ્રીય પોસ્ટલ નેટવર્કના માધ્યમથી શિપમેન્ટ પહોંચાડતા ટ્રાન્સપોર્ટ કેરિયર્સ, અથવા યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન દ્વારા મંજૂર કરાયેલા અન્ય 'લાયક પક્ષો', પોસ્ટલ શિપમેન્ટ પર ડ્યૂટી એકત્રિત કરવા અને મોકલવા જરૂરી છે. પરિણામે અમેરિકા જતી એર કેરિયર્સે ૨૫ ઓગસ્ટ પછી ઓપરેશનલ અને ટેકિનકલ તૈયારીના અભાવને કારણે પોસ્ટલ કન્સાઇન્મેન્ટ સ્વીકારવામાં અસમર્થતા વ્યક્ત કરી હતી. ■

### મોટર વાહન

૨૦૨૪ના ચુકાદાને પડકારતી અપીલ પર પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. વડી અદાલતે જણાવ્યું કે મોટર વાહન કર એ વળતર આપનાર પ્રકૃતિનો છે. તેનો સીધો સંબંધ અંતિમ ઉપયોગ સાથે છે. મોટર વાહન કર વસૂલવાનો તર્ક એ છે કે જે વ્યક્તિ જાહેર માળખાકીય સુવિધાઓ, જેમ કે રસ્તા અને હાઇવે વગેરેનો ઉપયોગ કરી રહી છે તેમણે આવા ઉપયોગ માટે ચુકવણી કરવી પડશે. આંધ્ર પ્રદેશ મોટર વાહન કરવેરા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૩નો ઉલ્લેખ કરતાં ખંડપીઠે કહ્યું કે વિધાનસભાએ આ જોગવાઇમાં ઇરાદાપૂર્વક 'જાહેર સ્થળ' શબ્દનો ઉપયોગ કર્યો છે. આ કાયદાની કલમ ૩ મોટર વાહનો પર કર લાદવા સાથે સંબંધિત છે.

વડી અદાલતે ૨૯ ઓગસ્ટના રોજ આપેલા પોતાના ચુકાદામાં જણાવ્યું કે જો કોઇ મોટર વાહનનો ઉપયોગ જાહેર સ્થળ પર કરવામાં આવતો નથી અથવા તેને જાહેર સ્થળ પર ઉપયોગ માટે રાખવામાં આવતા નથી તો સંબંધિત વ્યક્તિને જાહેર માળખાકીય સુવિધાઓનો લાભ મળી રહ્યો નથી તેથી આવા સમયગાળા માટે તેના પર મોટર વાહન કરનો બોજ નાખવો જોઇએ નહીં. ■

### સ્વદેશી ઉત્પાદનો

સંબંધોમાં આવેલી ખટાશ વચ્ચે તેમણે વારંવાર દેશને આત્મનિર્ભર બનવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. દેશના વિવિધ ભાગોમાં ગણેશ ઉત્સવ, દુર્ગા પૂજા અને દિવાળીના આગમન પ્રસંગે તેમણે જણાવ્યું કે લોકોએ તહેવારો દરમિયાન સ્વદેશી ઉત્પાદનોને ક્યારેય ભૂલવા જોઇએ નહીં, પછી ભલે તે ભેટ, કપડાં, સુશોભનનો સામાન હોય કે અન્ય વસ્તુઓ ખરીદવાની હોય.

મોદીએ કહ્યું કે ગર્વથી કહો કે આ સ્વદેશી છે, ગર્વથી કહો કે આ સ્વદેશી છે, ગર્વથી કહો કે આ સ્વદેશી છે. આપણે આ ભાવના સાથે આગળ વધવાનું છે. એકમાત્ર મંત્ર વોકલ ફોર લોકલ છે, એકમાત્ર રસ્તો આત્મનિર્ભર ભારત છે, એકમાત્ર ધ્યેય વિકસિત ભારત છે.

મોદીએ તેમના માસિક પ્રસારણમાં જણાવ્યું કે રામાયણ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ હવે વિશ્વના દરેક ખૂણા સુધી પહોંચી રહ્યો છે. તેમણે કહ્યું કે આ મહિનાની શરૂઆતમાં કેનેડાના મિસિસાગામાં ભગવાનની ૫૧ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે આ મહિને રશિયાના અત્યંત ઠંડા પ્રદેશ વ્લાદિવોસ્તોકમાં એક અનોખું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં રામાયણના વિવિધ વિષયો પર રશિયન બાળકો દ્વારા બનાવેલાં ચિત્રો દર્શાવવામાં આવ્યાં હતાં. વિશ્વના વિવિધ ભાગોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે વધતી જાગૃતિને જોઇને ખરેખર આનંદ થાય છે.

વડા પ્રધાને તેમની વાતચીતમાં વરસાદની ઋતુમાં કુદરતી આફતોને કારણે થયેલા વિનાશ અંગે પણ દુઃખ વ્યક્ત કર્યું હતું. મન કી બાતના ૧૨૫મા એપિસોડમાં તેમણે વિનાશક કુદરતી આફત વચ્ચે જમ્મુ અને કાશ્મીરની બે મોટી સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. જેમાં પુલવામામાં પ્રથમ ડે-નાઇટ ક્રિકેટ મેચ અને શ્રીનગરના દાલ તળાવ ખાતે ખેલો ઇન્ડિયા વોટર સ્પોટર્સ ફેસ્ટિવલનો સમાવેશ થાય છે.

દેશમાં કુદરતી આફતોને કારણે મોટી જાનહાનિ અંગે આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના રેડિયો કાર્યક્રમમાં દુખ વ્યક્ત કર્યું હતું. દર મહિનાના રેડિયો પર (૧૨૫મા કાર્યક્રમ)ના મન્થલી કાર્યક્રમને સંબોધતા વડા પ્રધાન મોદીએ અમેરિકા તરફથી લગાવવામાં આવેલા દેશવાસીઓને 'વોકલ ફોર લોકલ'નો મંત્ર આપ્યો હતો. ટેરિફનો ઉલ્લેખ કર્યા વિના દેશવાસીઓને એની સામે લડવા માટે 'આત્મનિર્ભરતા'ને હથિયાર બનાવવાની ભલામણ કરી હતી.

પીએમ મોદીએ કહ્યું કે દેશમાં અત્યારે ગણેશ ઉત્સવની ધૂમ છે. આગામી દિવસોમાં પણ તહેવારોની રોનકમાં વધારો થશે, ત્યારે આ તહેવારોમાં ખાસ કરીને 'સ્વદેશી'ને ક્યારેય ભૂલતા નહીં. ભેટ-સોગાદ પણ એવી જ ખરીદશો, જે ભારતમાં બની હોય, પહેરવાનું પણ એવી વસ્તુઓ રાખજો જે ભારતમાં બની હોય, જ્યારે સજાવટ માટેનો સામાન પર પણ ભારતમાં નિર્માણ કર્યો હોય એવી જ વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખજો.

જીવનની દરેક જરૂરિયાત હવે તમામ સ્વદેશી હોય. આ મુદ્દે પીએમ મોદીએ કહ્યું કે ગૌરવપૂર્વક કહો આ સ્વદેશી છે, ગૌરવપૂર્વક કહો આ સ્વદેશી. આ વાતને લઈને આગળ વધો. એક જ મંત્ર અપનાવો વોકલ ફોર લોકલ, એક જ રસ્તો આત્મનિર્ભર ભારત, એક જ લક્ષ્યાંક વિકસિત ભારત.

તહેવારોના દિવસોમાં પણ ખાસ કરીને સ્વચ્છતા જાળવવાનો પણ આગ્રહ કર્યો હતો. પીએમ મોદીએ સ્વચ્છતા પર ભાર મૂકતા કહ્યું હતું કે જ્યાં સ્વચ્છતા છે, ત્યાં તહેવારોનો આનંદ લઈ શકાય છે. મન કી બાતમાં મને મોટી સંખ્યામાં તમારા સંદેશા મોકલતા રહેવા જણાવ્યું હતું. તમારી તમામ ભલામણો આ કાર્યક્રમ માટે મહત્ત્વની છે. તમારો પ્રતિભાવ પણ મારા સુધી પહોંચાડતા રહો એવું જણાવીને સૌનો આભાર માન્યો હતો. ■

### ઉત્તરાખંડમાં

લગાડવામાં આવી છે અને સાંજ સુધીમાં રસ્તો સાફ કરવામાં આવશે, ત્યારબાદ બધા કામદારો બહાર આવી શકશે. તેમણે કહ્યું હતું કે ઉપરથી સતત કાટમાળ પડવા છતાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશનના જેસીબી મશીનોની મદદથી કાટમાળ દૂર કરવાનું કામ ચાલી રહ્યું છે. વર્માએ કહ્યું હતું કે બધા કામદારો સુરક્ષિત છે અને પાવર હાઉસનો રસ્તો ખુલ્યા પછી તેઓ બહાર નીકળી જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે પાવર પ્રોજેક્ટમાંથી વીજળીનું ઉત્પાદન સામાન્ય રીતે ચાલુ છે. ■

### માતા વૈષ્ણોદેવી

દિવસોમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે બાલિની પુલ અને શાન મંદિર નજીક કદમાલમાં મોટા પાયે ભૂસ્ખલન થયું છે. આ સાથે, કેટલીક જગ્યાએ રસ્તાઓ પણ તૂટી પડ્યા છે. આનાથી ભવિષ્યમાં આ વિસ્તારમાં ભૂસ્ખલન અને નુકસાનનું જોખમ વધ્યું છે.

ખરાબ હવામાનને કારણે રવિવારે છઠ્ઠા દિવસે પણ ત્રિકુટા પર્વતની ટોચ સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિરની યાત્રા સ્થગિત રહી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે એક વરિષ્ઠ સરકારી અધિકારીએ યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ વિસ્તારોમાં હોટલ સહિત વ્યાપારી સંસ્થાઓને તાત્કાલિક ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

૨૬ ઓગસ્ટના રોજ પવિત્ર મંદિરની યાત્રા સ્થગિત કરવામાં આવી હતી, તેના બે કલાક પહેલા ભારે વરસાદને કારણે જૂના માર્ગ પર ભૂસ્ખલન થયું હતું, જેના પરિણામે ૩૪ યાત્રાળુઓ મૃત્યુ પામ્યા હતા અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. આજે વહેલી સવારથી યાત્રાળુઓ માટે બેઝ કેમ્પ કટરામાં મુશળધાર વરસાદ વરસ્યો જેના કારણે અધિકારીઓએ યાત્રાળુઓને સતત છઠ્ઠા દિવસે યાત્રા સ્થગિત કરવાની જાણ કરી છે. એક આદેશમાં કટરા સબ-ડિવિઝન મેજિસ્ટ્રેટ (એસડીએમ) પીયૂષ ધોત્રાએ યાત્રાળુઓની સુરક્ષા માટે સંવેદનશીલ ક્ષેત્રોમાં બાલિની પુલથી દર્શની દેવડી અને બાલિની પુલથી એશિયા ચોક સુધી હોટલ અને ધર્મશાળાઓ સહિત તમામ વ્યાપારી સંસ્થાઓને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. "ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે કટરા સબ-ડિવિઝનમાં ખાસ કરીને બાલિની પુલ નજીક અને કદમલ ખાતે શાન મંદિર પાસે મોટા પાયે ભૂસ્ખલન થયું છે, ઉપરાંત કેટલાંક સ્થળોએ રસ્તાઓ ડૂબી ગયા છે, જેના કારણે ભવિષ્યમાં ભૂસ્ખલન અને નુકસાન માટે ઘણી જગ્યાઓ સંવેદનશીલ બની છે." ■

### ટ્રમ્પ

સમિટનું આયોજન કરવા જઈ રહ્યું છે. અગાઉ, ટ્રમ્પ વહીવટીતંત્રે જાન્યુઆરીમાં ક્વાડ વિદેશ પ્રધાનોની બેઠકનું આયોજન કર્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે વેપાર તણાવ વચ્ચે ટ્રમ્પ અને મોદી વચ્ચેના સંબંધો બગડવા લાગ્યા છે. ખાસ કરીને ટ્રમ્પના વારંવારના દાવાઓએ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. ટ્રમ્પ સતત દાવો કરી રહ્યા છે કે તેમણે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના લશ્કરી સંઘર્ષને ઉકેલવામાં મદદ કરી હતી. જોકે, ભારતે આ દાવાઓને સતત નકારી કાઢ્યા છે. ન્યૂ યોર્ક ટાઈમ્સ અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પના ભારત-પાકિસ્તાન યુદ્ધને ઉકેલવાના દાવાઓના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુસ્સામાં છે. ૧૭ જૂને બંને નેતાઓ વચ્ચે ૩૫ મિનિટ સુધી ફોન પર વાતચીત થઈ હતી. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કેનેડાના કનાનાસ્કિસથી એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે વડા પ્રધાન મોદીએ ટ્રમ્પને સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા-ભારત વેપાર સોદા પર કોઈ ચર્ચા થઈ નથી અને ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં અમેરિકાની મધ્યસ્થી માટે કોઈ પ્રસ્તાવ નથી. મિસરીએ કહ્યું હતું કે યુદ્ધવિરામ ભારત અને પાકિસ્તાનના સશસ્ત્ર દળો વચ્ચે હાલના લશ્કરી ચેનલો દ્વારા વાટાઘાટો કરવામાં આવી હતી, જે પાકિસ્તાન દ્વારા શરૂ કરવામાં આવી હતી.

મિસરીએ કહ્યું હતું કે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને નિશ્ચિતપણે કહ્યું હતું કે ભારત પોતાના અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં કોઈપણ મધ્યસ્થી સ્વીકારતું નથી અને ક્યારેય સ્વીકારશે નહીં. રિપોર્ટ અનુસાર, ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધ સમાપ્ત કરવાનો શ્રેય લીધો અને દાવો કર્યો કે પાકિસ્તાન તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરવાની યોજના બનાવી રહ્યું છે. ■

# નવા ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટ માટે એનએસઇ ખાતે મંગળવારથી નવી એક્સપાયરી અમલી બનશે

મુંબઈ : દેશના પ્રમુખ શેર બજારો નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) વચ્ચે તાજેતરના ભૂતકાળમાં ડેરિવેટીવ્ઝ સેગ્મેન્ટમાં બિઝનેસ કબજે કરવાની તીવ્ર હરીફાઈ વચ્ચે ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટસની એક્સપાયરી મામલે ફેરફારો લાગુ કરવાની શરૂઆત થઈ હતી. બન્ને એક્સચેન્જો હવે એક્સપાયરી દિવસમાં ફેરફાર અમલી બનાવવાની તૈયારીમાં છે. ૨૮, ઓગસ્ટ, ૨૦૨૫ના નિફ્ટીની એક્સપાયરી ગુરૂવારે એક્પાયર થનારા કોન્ટ્રાક્ટો માટે અંતિમ એક્સપાઇરી હતી. હવે આવતીકાલે મંગળવારથી નવા ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટ માટે એક્સપાયરી અમલી બનશે.

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ડેરિવેટીવ્ઝમાં રિટેલ વ્યક્તિગત હિસ્સેદારી ઘટાડવાના લક્ષ્ય વચ્ચે આ એક્સપાયરી તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ આ મહિનાની શરૂઆતમાં ડેરિવેટીવ્ઝ માર્કેટમાં વધુ ગુણવતા અને સંતુલન માટે હાકલ કરી હતી, જેમાં ટ્રેડિંગ વોલ્યુમ અંતર્ગત કેશ સેગ્મેન્ટ કરતાં અપ્રમાણસર રીતે વધારે છે.

એનએસઈ અને બીએસઈ બન્નેમાં અઠવાડિક, માસિક, ત્રિમાસિક અને અર્ધવાર્ષિક એફએન્ડઓ કોન્ટ્રેક્ટ હોય છે. અગાઉ એક્સચેન્જો પાસે નિફ્ટી ૫૦, બેંક નિફ્ટી જેવા વિવિધ બેન્ચમાર્ક દ્વારા બહુવિધ વિક્લી એફ એન્ડ ઓ કોન્ટ્રેક્ટ હતા, જો કે ગત નવેમ્બરમાં સેબીએ જણાવ્યું હતું કે, એક્સચેન્જોને પ્રતિ એક્સચેન્જ ફક્ત એક બેન્ચમાર્ક ઈન્ડેક્સ માટે અઠવાડિક એક્સપાયરી એફએન્ડઓ કોન્ટ્રેક્ટ ઓફર કરવાની મંજૂરી આપવામાં આવશે.

આ સેગ્મેન્ટમાં રિટેલ હિસ્સેદારી ઘટાડવા માટે એક્સચેન્જની ઝુંબેશના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. એનએસઈમાં બેંક નિફ્ટી, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિઝ અને નિફ્ટી મિડ કેપ સિલેક્ટ માટે વિકલી એક્સપાયરી બંધ કરવામાં આવી હતી, કેમ કે એક્સચેન્જે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પસંદ કર્યો હતો.

આ જ પ્રમાણે બીએસઈએ બેંકેક્સ અને સેન્સેક્સ ૫૦ બંધ કર્યા હતા, કેમ કે એક્સચેન્જે સેન્સેક્સ ઈન્ડેક્સ પસંદ કર્યો હતો. હાલની સ્થિતિ મુજબ ૨૮, ઓગસ્ટના અંત સુધી એનએસઈની નિફ્ટી ૫૦ વિકલી એક્સપાયરી દર અઠવાડિયાના ગુરૂવારે હતી, જ્યારે માસિક એક્સપાયરી દર મહિનાના છેલ્લા ગુરૂવારે થતી હતી.

બીએસઈ પર સેન્સેક્સ ઈન્ડેક્સના વિકલી કોન્ટ્રેક્ટ દર મંગળવારે એક્પાયર થાય છે, જ્યારે માસિક કોન્ટ્રેક્ટ મહિનાના છેલ્લા મંગળવારે એક્સપાયર થાય છે. પરંતુ આ આગામી મહિના/કોન્ટ્રાક્ટમાં બદલાશે. નિફ્ટીના અઠવાડિક કોન્ટ્રેક્ટ અઠવાડિયાના મંગળવારે એક્સપાયર થશે.

નિફ્ટીના માસિક, ત્રિમાસિક અને અર્ધવાર્ષિક કોન્ટ્રેક્ટ મહિનાના છેલ્લા મંગળવારે એક્પાયર થશે. બીએસઈના કોન્ટ્રેકટ સંબંધિત અઠવાડિક અને માસિક કોન્ટ્રેક્ટ ગુરૂવારે એક્પાયર થશે. એક્સપાયરી તારીખોમાં ફેરફાર સાથે, વિશ્લેષકોનું કહેવું છે કે, આઈપીઓ લાવવાની તૈયારીમાં રહેલા એનએસઈનો ઈન્ડેક્સ ઓપ્શન્સ પ્રીમિયમ ટર્નઓવર સ્પેસમાં બજાર હિસ્સો તેના હરીફ બીએસઈનો ભોગે વધશે. હવે, ઓપ્શન પ્રીમિયમ એ કિંમત છે, જેના પર ઓપ્શન કોન્ટ્રેક્ટ ખરીદવામાં આવે ચે અથવા વેચવામાં આવે છે, અને એક્સચેન્જ માટે આ સૌથી મોટો આવક સર્જન કરતું સેગ્મેન્ટ છે. ગોલ્ડમેન સાશે ચેતવણી આપી હતી કે, બીએસઈને બજાર હિસ્સામાં ત્રણ ટકા પોઈન્ટનો ઘટાડો અને નાણા વર્ષ ૨૦૨૬માં ઈપીએસ અંદાજમાં બે ટકાનો ઘટાડો થઈ શકે છે. જાન્યુઆરી ૨૦૨૫માં બીએસઈએ તેની ઈન્ડેક્સ ઓપ્શન્સ એક્સપાયરી મંગળવાર પર ખસેડી હતી, જ્યારે એનએસઈએ ગુરૂવારે એક્સપાયરી ચાલુ રાખી હતી. આ ફેરફારથી બીએસઈને પ્રીમિયમ ટર્નઓવરના આધારે ઈન્ડેક્સ ઓપ્શન્સમાં નોંધપાત્ર ટ્રેક્શન મેળવવામાં મદદ મળી હતી. ■

# માર્કેટ કેપમાં ₹ ૧૦ લાખ કરોડથી વધુ ધોવાણ

મુંબઇઃ શેરબજારને હચમચાવી નાંખતા પરિબળો વચ્ચે પાછલા સપ્તાહે માર્કેટ કેપમાં રૂ. ૧૦ લાખ કરોડથી વધુનું ધોવાણ જોવા મળ્યું હતું. સ્થાનિક સંસ્થાઓની રૂ. ૧૬,૮૨૮ કરોડની ચોખ્ખી લેવાલી પણ બજારને નેગેટીવ ઝોનમાંથી બહાર કાઢવામાં નિષ્ફળ રહી હતી.

શુક્રવાર તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૧,૪૯૭.૨૦ પોઈન્ટ્સ (૧.૮૪ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૩૦૬.૮૫ના બંધ સામે આ શુક્રવારે ૭૯,૮૦૯.૬૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૧,૫૦૧.૦૬ પોઈન્ટ્સ પર ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૧,૭૯૯.૦૬ સુધી અને શુક્રવાર, ૨૯ ઓગસ્ટે નીચામાં ૭૯,૭૪૧.૭૬ સુધી ગયો હતો.

ગત શુક્રવાર ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ. ૪૫૩.૬૯ લાખ કરોડ હતું તે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના અંત સુધીમાં રૂ. ૧૦.૦૪ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૩.૬૫ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં, બીએસઈ સ્મોલકેપ (૨.૯૩ ટકા), બીએસઈ મિડકેપ (૨.૭૨ ટકા), બીએસઈ ૧૦૦ (૨.૦૩ ટકા), બીએસઈ ૨૦૦ (૨.૧૧ ટકા), બીએસઈ ૫૦૦ (૨.૨૨ ટકા) વધ્યા હતા. ■

# જીએસટી કાઉન્સિલની બેઠકના પરિણામ પર બજારની ચાંપતી નજર, ઓટો સેલ્સ અને યુએસ ટૅરિફની અસરથી શૅરલક્ષી કામકાજ વધશે

ફોર કાસ્ટ
નિલેશ વાઘેલા

મુંબઇઃ ભારતીય શેરબજારો માટે આ અઠવાડિયું મહત્વપૂર્ણ રહેવાની ધારણા છે. આ સપ્તાહે રોકાણકારો જીએસટી કાઉન્સિલની બેઠકના પરિણામ, ઓટો સેકટરના વેચાણના આંકડા અને યુએસ ટેરિફની વિવિધ ક્ષેત્રો પર પડનારી અસરને અનુલક્ષીને આગળ વધશે. અમેરિકાની ટેરિફ પચા. ટકા થઇ ગયા પછી તેના સારા અને નરસા પરિણામોની સારી એવી ચર્ચા થઇ હોવા સાથે હવે જીએસટીના સૂચિત ફેરફારો પર બજારનું ધ્યાન કેન્દ્રિત થયું છે.

જીએસટી કાઉન્સિલ ત્રીજી અને ચોથી સપ્ટેમ્બરના રોજ સંભવિત કર ઘટાડા અંગે ચર્ચા કરવા બેઠક યોજી રહ્યું છે. એ જ સમયે, સોમવારથી ઓટો સેકટરના વેચાણના આંકડા આવવાનું શરૂ થશે, જે અર્થતંત્રના સ્વાસ્થ્ય અંગે મુખ્ય આંતરદૃષ્ટિ આપશે.

વાહનોના વેચાણના વધારાને સામાન્ય રીતે મજબૂત આર્થિક કામગીરીના સંકેત તરીકે જોવામાં આવે છે. આ ઉપરાંત શુક્રવારે જાહેર થયેલા પ્રથમ ત્રિમાસિક જીડીપી ડેટા પર બજારો સોમવારે પણ પ્રતિક્રિયા આપી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી ૭.૮ ટકા વધ્યો છે, જે અપેક્ષાઓ કરતાં વધુ હતો.

વૈશ્વિક સ્તરે, સંભવિત દર ઘટાડા અંગે યુએસ ફેડરલ રિઝર્વની કોઈપણ ટિપ્પણી પર નજીકથી નજર રાખવામાં આવશે, કારણ કે તે બજારની ભાવનાને પ્રભાવિત કરી શકે છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે પ્રથમ ક્વાર્ટરના જીડીપી ડેટા ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ દર્શાવે છે, જે વૈશ્વિક અસ્થિરતા સામે બફર ઝોન પૂરું પાડે છે.

અમેરિકાની ટ્રિબ્યુનલ દ્વારા ટેરિફ પરનો ઠરાવ બજારના સેન્ટિમેન્ટને વેગ આપી શકે છે, જોકે એવું થાય તો પણ પચ્ચીસ ટકા ટેરિફ યથાવત રહેવાની શક્યતા છે. રોકાણકારો આગામી સ્થાનિક અને યુએસ મેક્રોઇકોનોમિક સૂચકાંકો પર પણ નજર રાખશે, જેમાં પીએમઆઇ ડેટા, બેરોજગારીના દાવાઓ, પગારપત્રકના આંકડા અને બેરોજગારીના આંકડાનો સમાવેશ થાય છે.

આ સપ્તાહે ૧૦૦ કંપનીમાં કોર્પોરેટ એક્શન જોવા મળશે, જેમાં ડિવિડંડ, સ્ટોક સ્પ્લીટ અને બોનસ શેર માટેની રેકોર્ડ ડેટ અને કોર્પોરેટ રિઝલ્ટનો સમાવેશ રહેશે. આ કંપનીઓમાં ત્રિવેણી ટ્રીબ્યુન, ત્રીવેણી એન્જિનિયરિંગ, ગીપક ફર્ટિલાઇઝર, જીએનએફસી, કોન્કોર્ડ બાયોટેક, પતાંજલિ ફૂડ્સ, પ્રેસ્ટીજ, ક્લીન સાયન્સ, ગુજરાત ગેસ, કલ્યાણ જ્વેલર્સ, એનટીપીસી, ઓઇલ ઇન્ડિયા, ઓએનજીસી અને શિપિંગ કોર્પોરેશનનો સમાવેશ છે.

પ્રાઇમરી માર્કેટમાં ગયા સપ્તાહમાં એકાદ ડઝન જેટલી કંપનીઓએ પ્રવેશ કર્યો હતો. મૂડીબજાર માટે આ સપ્તાહ પણ ધમાલભર્યુ રહેવાનું છે. આ સપ્તાહે મેઇનબોર્ડ અને એસએમઇ સેગમેન્ટમાં કુલ સાત આઇપીઓ આવી રહ્યાં છે. આમાંથી મેઇનબોર્ડમાં એક માત્ર આમાન્તા હેલથકેર સબ્સ્ક્રીપ્શન માટે ખૂલી રહ્યો છે. અડધો ડઝન એમસએમઇ ઇશ્યૂમાં રચિત, ઓપ્ટીવેલ્યૂ ટેક, ગોએલ, શરવાયા, વીગોરનો સમાવેશ છે.

ક્લાઉડ સોલ્યુશન્સ, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન ડેવલપમેન્ટ, એપ્લિકેશન અને પ્રોસેસ ઈન્ટિગ્રેશન અને ડેટા ઓટોમેશન સહિત ટેકનોલોજી સોલ્યુશન્સ અને કન્સલ્ટિંગ સર્વિસ પ્રોવાઇડર ઓપ્ટીવેલ્યુ ટેક કન્સલ્ટિંગ લિમિટેડ, બીજી સપ્ટેમ્બરે રૂ. ૫૧.૮૨ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૦થી રૂ. ૮૪ પ્રતિ શેર અને લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેર છે.

આ સપ્તાહે ભારતીય શેરબજારો નીચા સ્તરે બંધ થયા હતા કારણ કે વૈશ્વિક અને સ્થાનિક સ્તરે વધતી જતી પ્રતિકૂળતા વચ્ચે સતત વેચવાલીથી શરૂઆતનો આશાવાદ ધોવાઈ ગયો હતો. પ્રસ્તાવિત જીએસટી તર્કસંગતકરણ, અનુકૂળ ચોમાસાના અંદાજ અને યુએસ બોન્ડ યીલ્ડમાં ઘટાડો અને સપ્ટેમ્બરમાં ફેડ દ્વારા દરમાં ઘટાડાની સંભાવનાઓ જેવા વૈશ્વિક સંકેતોને કારણે બજારો સકારાત્મક રીતે શરૂ થયા હતા, જેના કારણે આઇટી શેરોમાં વધારો થયો અને સેન્ટિમેન્ટ મજબૂત બન્યું જોકે, યુએસ પેનલ્ટી ટેરિફની સમયમર્યાદા પહેલા સાવચેતી રાખવામાં આવી હતી, જેના કારણે વ્યાપક વેચાણ અને જોખમ ટાળવાની ભાવના ફેલાઈ હોવાનું જણાવતાં જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, ભારતીય માલ પર કુલ પચાસ ટકા ટેરિફ લાદવાથી આત્મવિશ્વાસમાં વધુ ઘટાડો થયો, જેના કારણે તમામ ક્ષેત્રોમાં પ્રોફિટ બુકિંગ થયું. લાર્જ કેપ્સમાં ઘટાડો થયો, જ્યારે મિડ અને સ્મોલ કેપ્સમાં ખેંચાયેલા મૂલ્યાંકન પર તીવ્ર નુકસાન જોવા મળ્યું અને અનિશ્ચતતામાં વધારો થયો.

આગળ જોતાં, સરકારી ખર્ચ અને નીતિગત પગલાં દ્વારા સંચાલિત મજબૂત જીડીપી દ્વારા સમર્થિત ભારતની સ્થિતિસ્થાપકતા, બાહ્ય અવરોધો સામે બફર પ્રદાન કરી શકે છે, જોકે નાણાકીય ચિંતાઓ રહે છે. હાલમાં, ટેક્સટાઇલ, ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ, મેટલ્સ, ઓટો અને સીફૂડ જેવા ક્ષેત્રોને સીધી અસર થવાની સંભાવના છે, જ્યારે આઇટી અને ફાર્મા ટેરિફથી સીધી અસર ન હોવા છતાં ભાવનાત્મક દબાણનો સામનો કરી શકે છે. નિકટ સમયગાળામાં બજારમાં મિશ્ર હવામાન રહેવાની ધારણા છે. ગયા અઠવાડિયે, ભારતીય બજારો લાલ નિશાનમાં બંધ થયા. નિફ્ટી ૪૪૩.૨૫ પોઈન્ટ અથવા ૧.૭૮ ટકા ઘટીને ૨૪,૪૨૬.૮૫ પર બંધ થયો હતો, જ્યારે સેન્સેક્સ ૧,૪૯૭.૨૦ પોઈન્ટ અથવા ૧.૮૪ ટકા ઘટીને ૭૯,૮૦૯.૬૫ પર સ્થિર થયો હતો.

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧,૯૦૨.૩૫ પોઈન્ટ અથવા ૩.૩૦ ટકા ઘટીને ૫૫,૭૨૭.૪૦ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૬૯૨.૫૦ પોઈન્ટ અથવા ૩.૮૬ ટકા ઘટીને ૧૭,૨૨૭ પર બંધ રહ્યો હતો.

ક્ષેત્રીય મોરચે, પીએસયુ બેંકો (-૩.૪૬ ટકા), નાણાકીય સેવાઓ (-૨.૮૫ ટકા), રિયલ્ટી (-૪.૨૮ ટકા), ઊર્જા (-૨.૫૨ ટકા), ધાતુઓ (-૨.૩૫ ટકા) અને પીએસઇ (-૨.૮૪ ટકા) નીચા સ્તરે બંધ રહ્યા હતા. પીએસયુ ઇન્ડેક્સ એકમાત્ર વધનાર હતો, જે ૦.૭૩ ટકા વધીને બંધ થયો હતો.

પાછલા સપ્તાહે અમેરિકાની ઊંચી ટેરિફને કારણે કથળેલા સેન્ટિમેન્ટ સાથે વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે ભારતીય શેરબજારમાં સતત પીછેહઠ જોવા મળી હતી. ટેરિફ બજારને ઘટાડનારા સૌથી મોટું પરિબળ રહ્યું હતું, પરંતુ એફઆઇઆઇની એકધારી વેચવાલી નબળા સહિતના અન્ય અવરોધોને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું રહ્યું હતું. ઉપરાંત રિલાયન્સની એજીએમમાં સારી જાહેરાત થવા છતાં ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો થવાથી વેચવાલીને વધુ તીવ્ર બની હતી.

બજારમાં જોકે એવી ચર્ચા પણ હતી કે અમેરિકાએ વધારાની પચીસ ટકા પેનલ્ટી સાથે કુલ પચાસ ટકા ટેરિફ ભલે લગાવી હોય, પરંતુ ભારતીય અર્થતંત્ર પર તેની ઝાઝી અસર નહીં જોવા મળે. એ ઉપરાંત નોમુરાના અંદાજ અનુસાર વિવિધ એક્ઝમ્પશન બાદ અસરકારક દર ૩૩.૬૦ ટકા જેવો રહેશે.

ટ્રમ્પની પચાસ ટકા ટેરિફ લાગુ થવાને કારણે ટેક્સટાઇલ, લેધર, જેમ્સ અને જ્વેલરીના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. આ સેકટર્સની નિકાસને ફટકો પડવાની ભીતિ સેવાઇ રહી છે. જોકે, નિરિક્ષકો માને છે કે માત્ર અમેરિકામાં થનારી નિકાસને અસર થવાની હોવાથી દરેક કંપની પર નકારાત્મક અસર થશે એવું ધારી લેવું ખોટું છે. ■

## ગુજરાત

# આજથી અંબાજી મહામેળાનો આરંભ, અંદાજે 30 લાખથી વધારે ભક્તો જોડાશેઃ યાત્રિકો માટે વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શક્તિપિઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહા મેળાનો ૧ સપ્ટેબર સોમવારથી આરંભ થઈ રહ્યો છે. અંબાજી ખાતે ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમ મહામેળાની સંપૂર્ણ તૈયારીઓ બનાસકાંઠા વહીવટી તંત્રે પૂર્ણ કરી છે. જિલ્લા કક્ષાની ૨૯ સમિતિઓ સહિત મંદિર ટ્રસ્ટ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ચાલુ વર્ષે પદયાત્રીઓની સુવિધાઓમાં વધારો કરાયો છે. અંબાજી મહા મેળામાં સાત દિવસ દરમિયાન ૩૦ લાખથી પણ વધારે યાત્રિકો આવતા હોય છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે અને અંબાજી વહીવટદાર કૌશિક મોદી દ્વારા ડિજિટલ માધ્યમ થકી દેશ અને રાજ્યના પદયાત્રી માઇભક્તોને અંબાજી પધારવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અંબાજી મહા મેળામાં તમામ દર્શનાર્થીઓને માઁ અંબેના સરળતાથી દર્શન થઈ શકે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરાઈ છે. બસ સ્ટેન્ડથી લઈને મંદિર સુધી રેલીંગ ઊભા કરાયા છે. દિવ્યાંગ, વ્હિલ ચેર યાત્રિક, સિનિયર સીટીઝન તથા ગરબાવાળા યાત્રિકોને બસ સ્ટેન્ડથી મંદિર સુધી વચ્ચેની લાઈનમાંથી સીધા લઈ જવાની વ્યવસ્થા ઊભી કરાઈ છે. દર્શન પ્રવેશ સ્થળથી મંદિર સુધી વ્હિલ ચેર તેમ જ ઈલેક્ટ્રીક વાહન - ઈ-રિક્ષાની વિશેષ સુવિધા ઉભી કરાઈ છે.

અંબાજી ખાતે આવતા યાત્રિકો માટે કુલ ચાર સ્થળોએ નિશુલ્ક ભોજનની વ્યવસ્થા કરાઈ છે. શ્રી અંબિકા ભોજનાલય અંબાજી, દિવાળી બા ગુરૂભવન દાંતા રોડ, ગબ્બર તળેટી અને વ્યંકટેશ માર્બલની બાજુમાં દાંતા રોડ ખાતે નિશુલ્ક ભોજનની વ્યવસ્થા કરાઈ છે.

મહામેળા દરમિયાન તમામ પદયાત્રીઓ રોડની ડાબી બાજુએ ચાલશે. રસ્તામાં પાણી, લીંબુ શરબત, મેડિકલ કેમ્પ, ટોયલેટ સહિતની સુવિધાઓ ઉભી કરાઈ છે. સેવા કેમ્પ થકી પણ પદયાત્રીઓને સુવિધાઓ આપવામાં આવશે. આ સાથે યાત્રિક મુખ્ય પ્રવેશ ડોમ ( એસ.ટી. સ્ટેન્ડ સંકુલ) ખાતે અને ગબ્બર તળેટી ખાતે લગેજ પગરખા કેન્દ્ર ઊભા કરાયા છે. અંબાજીથી ૬૦ કિલોમીટર અંતર સુધી સ્ટ્રીટ લાઇટની સુવિધા ઉપલબ્ધ રહેશે.

અંબાજી મહામેળા દરમિયાન પગપાળા યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ વર્ષે ચાર અલગ-અલગ સ્થળોએ વોટરપ્રૂફ ડોમ ઉભા કરવામાં આવ્યા છે.આ ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે ૧૨૦૦ બેડની વ્યવસ્થા સાથે મલ્ટિ પર્પઝ ડોમ, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઇલ ચાર્જિંગ સુવિધા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લેગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશન, અગ્નિશામક સાધનો તેમ જ સમાન મુકવાની સુવિધા જેવી આધુનિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

અંબાજી ખાતે આવતા વાહનો માટે કુલ ૧ લાખ ૮૩ હજાર ૮૫૫ ચોરસ મીટર એરિયામાં કુલ ૩૫ જેટલા પાર્કિંગ ઊભા કરાયા છે જેમાં કુલ ૨૨૫૪૧ કરતા વધારે વાહનો પાર્ક કરી શકાશે. દાંતા રોડ પર ૨૩ તથા હડાદ રોડ પર ૧૨ પાર્કિંગ સ્થળો ઊભા કરાયા છે. અંબાજી ખાતે આવતા માઇભક્તો માટે પાર્કિંગના સ્થળેથી મંદિર ખાતે જવા - આવવા માટે મંદિર ટ્રસ્ટ તરફથી વિનામૂલ્યે મિની બસ સેવા સર્વિસ આપવામાં આવશે. દાંતા રોડ પર પાંછા બસ સ્ટેશન પાસેના પાર્કિંગ થી તથા હડાદ રોડ માટે ચીખલા પાર્કિંગ પ્લોટથી દર્શનપથ સુધી મિની બસ સેવાની આવવા - જવા માટે વિનામૂલ્યે સુવિધા આપવામાં આવશે.

અંબાજી મહામેળામાં જેટલું મહત્ત્વ પદયાત્રા અને દર્શનનું છે એટલું જ મહત્ત્વ માતાજીના મનભાવન પ્રસાદ મોહનથાળનું પણ હોય છે. મહામેળામાં પ્રસાદ વિતરણ માટે કુલ ૨૮ પ્રસાદ કેન્દ્રો ઊભા કરાયા છે. મેળા દરમિયાન કુલ ૧૦૦૦ થી ૧૨૦૦ ઘાણ જેટલી પ્રસાદ બનાવવામાં આવશે. ૧ ઘાણમાં કુલ ૩૨૬.૭ કિલોગ્રામ પ્રસાદ બનશે. ૭૫૦ જેટલા કારીગરો પ્રસાદ બનાવવાની કામગીરી કરશે. મેળા દરમિયાન ૩૦ લાખથી વધુ પ્રસાદના પેકેટ વિતરણ કરાશે.

અંબાજી મહામેળામાં સૌ પ્રથમવાર ૪૦૦ ડ્રોન દ્વારા ભવ્ય ડ્રોન લાઇટ શોનું આયોજન કરાયું છે, જેનું મુખ્ય આકર્ષણ ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮:૩૦ કલાકે રહેશે. આ અનોખા પ્રદર્શનથી અંબાજીની ગૌરવશાળી સંસ્કૃતિ, અધ્યાત્મ અને આધુનિક ટેકનોલોજીનો અનોખો સમન્વય પ્રદર્શિત કરાશે. તે ઉપરાંત ૧ સપ્ટેમ્બરના રોજ ગબ્બર તળેટી, અંબાજી ખાતે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. સાંજે ૪ કલાકથી લઈને રાત્રિના ૧૦ કલાક સુધી ડાક ડમરૂનો નાદ, રાસ/ગરબા, લોક ડાયરો, ગણેશ વંદના, સરસ્વતિ વંદના, મહિસાસુર મર્દિની સ્તોત્ર, કનકધારા સ્તોત્ર, લોકનૃત્ય, માતૃ શક્તિ પર લોક ડાયરા શકિત અંબાજી થીમ આધારિત સંગીતનો કાર્યક્રમ યોજાશે. ■

# ગીરમાં રસ્તો પહોળો કરવાની દરખાસ્ત વર્લ્ડ લાઈફ બોર્ડે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાટિક સિંહોની વસ્તી ધરાવતાં એકમાત્ર ગીર અભયારણ્ય પ્રકૃતિ-પર્યાવરણને નુકસાન રોકવાના ઉદ્દેશ સાથે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ દ્વારા બામણશાથી જામવાળા રોડને પહોળો કરવાની દરખાસ્ત ફગાવી દીધી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં બામણશાથી જામવાળાનો રસ્તો પહોળો કરવા માટે માર્ગ-મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. સ્ટેટ હાઈવે ૯૮ પરનાં આ પ્રોજેકટ માટે અભ્યારણની ૧.૩૦ હેક્ટર જંગલની જમીન માંગવામાં આવી હતી. ગુજરાત વાઈલ્ડ લાઈફ બોર્ડ દ્વારા તેને મંજુરી આપવામાં આવી હતી. અને બહાલી આપવાની ભલામણ સાથે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફને મોકલવામાં આવી હતી.

પરંતુ તેના દ્વારા તે નકારી દેવામાં આવી હતી. બોર્ડની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકની મિનિટસ મુજબ ગીર અભયારણ્ય એશીયાઈ સિંહોનું રહેઠાણ છે ઉપરાંત અનેક પ્રજાતિનાં વન્ય પ્રાણીઓનું રહેઠાણ છે.દરખાસ્ત વર્તમાન કાચો રોડ પહોળો અને ડામરનો કરવા સુચવાયું છે. પરંતુ અભયારણ્ય માટે પર્યાવરણ પ્રાકૃતિક વાતાવરણ અનિવાર્ય છે. ગીર અભયારણ્યના અનેક રસ્તા બંધ છે અને કેટલાંકમાં સમયમર્યાદા છે.

આ સ્થિતિમાં પ્રોજેકટથી ઈકો સીસ્ટમ તથા વન્ય જીવોની હેરફેરમાં વિઘ્ન ઉભુ થઈ શકે છે. અભ્યારણની અંદરના રસ્તાથી ટ્રાફિક વધવાના સંજોગોમાં પ્રાણીઓ માટે ડિસ્ટબર્ન્સ સર્જાઈ શકે. આ પ્રકારની દલીલો સાથે રસ્તો પહોળો કરવાની દરખાસ્ત નકારવામાં આવી હતી. બેઠકમાં એવી પણ ટિપ્પણી થઈ હતી કે ડામરનો રસ્તો બનાવવામાં આવે તો વખતો વખત સમારકામ કરવુ પડે અને તેનાથી આગ લાગવાનું જોખમ ઊભું થઈ શકે છે. બોર્ડ દ્વારા જોકે વર્તમાન રસ્તાને મજબૂત કરવા માટે કેટલીક શરતો સૂચવી છે.

વન્યજીવને કોઈ તકલીફ ન થાય તે રીતે દિવસના ભાગે કામગીરી કરવા વિસ્ફોટકો અગનજવાળાનો ઉપયોગ નહીં કરવા તથા પ્રવર્તમાન ટ્રાફિક નિયંત્રણો યથાવત રાખવા કહેવામાં આવ્યું છે. ■

# દેશમાં કારના સ્ક્રેપિંગમાં ગુજરાત પાંચમા ક્રમે, નીતિન ગડકરીએ ડેટા જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં પ્રદૂષણ ઘટાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જૂના વાહનોને સ્ક્રેપ કરવા અને નવા વાહનની ખરીદીના પરના ટેક્સમાં પચાસ ટકા છૂટ આપવાની જાહેરાત કરી છે. આ પ્રયાસો હેઠળ કેન્દ્ર સરકાર વાહન સ્ક્રેપ નીતિ અમલમાં લાવી છે. આ નીતિ હેઠળ, જૂના વાહનોને સ્ક્રેપ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ વાહન સ્ક્રેપિંગનો ડેટા જાહેર કર્યો હતો.

નીતિન ગડકરીએ જાહેર કરેલા આંકડાઓમાં પાંચ રાજ્યો એવા છે. જેમાં સૌથી વધારે વાહનો સ્ક્રેપ કરવામાં આવ્યા છે. આ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતનો સમાવેશ થાય છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૫,૪૪૮ વાહનને રજિસ્ટર્ડ વાહન સ્ક્રેપિંગ સુવિધાઓ (આરવીએસએફ)માં સ્ક્રેપ કરવામાં આવ્યા હતા.

જ્યારે બાકીના રાજ્યોની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં ૧,૨૧,૨૦૬, હરિયાણામાં ૩૮,૯૯૩, મહારાષ્ટ્રમાં ૧૯,૩૧૦ અને રાજસ્થાનમાં ૧૫,૪૨૦ વાહનો સ્ક્રેપ કરવામાં આવ્યા છે. આમ વાહન સ્ક્રેપિંગમાં ગુજરાત દેશમાં પાંચમાં ક્રમે છે. ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી સમગ્ર દેશમાં કુલ ૨,૭૬,૯૯૦ વાહનો સ્ક્રેપ કરવામાં આવ્યા છે. વાહન સ્ક્રેપિંગ નીતિ હેઠળ, લાભાર્થીઓને જૂના વાહનો સ્ક્રેપ કરવા પર નવા વાહનની ખરીદી પર ટેક્સમાં છૂટ મળે છે. બિન-પરિવહન વાહનો માટે ૨૫ ટકા સુધી અને પરિવહન વાહનો માટે ૧૫ ટકા સુધી રોડ ટેક્સમાં મુક્તિની જોગવાઈ છે. આ લાભ મેળવવા માટે, વાહન માલિકે ડિપોઝિટ સર્ટિફિકેટ સબમિટ કરવું જરૂરી છે, જે વાહન સ્ક્રેપ કર્યા બાદ જારી કરવામાં આવે છે. આ સર્ટિફિકેટ સમગ્ર દેશમાં માન્ય છે. ■

# અંબાજી ભાદરવી પૂનમના મહામેળા માટે પાટણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંબાજીમાં આગામી ૦૧થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો યોજાશે. આ મેળામાં લાખો યાત્રીઓ અંબાજી માતાના દર્શન કરવા માટે પદયાત્રા કરીને આવશે. બનાસકાંઠા જિલ્લા વહીવટદાર અને મંદિર ટ્રસ્ટ દ્વારા આ મેળાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. પોલીસ અને અલગ અલગ સેવાભાવી સંસ્થાઓ યાત્રીઓની સેવા અને સુરક્ષા માટે સજજ છે. આ મહામેળા માટે ખાસ પાર્કિંગ વ્યવસ્થા અને આરોગ્ય સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે.

અંબાજી જતા યાત્રિકોનો ધસારો પાટણ જિલ્લાના વિવિધ માર્ગો પર વધારે હોય છે. જેથી અંબાજી તરફ પદયાત્રીઓ અન પગપાળા સંઘો માટે શાસન દ્વારા અનેક નિયમો બનાવવામાં આવ્યા છે, જેથી યાત્રા દરમિયાન અકસ્માતો અટકાવી શકાય અને સફાઈ સહિતની વ્યવસ્થા સારી રીતે રહી શકે. આ સેવાના કેમ્પો રોડથી ૩૦ ફૂટ દૂર હોવા જોઈએ, કોઈ બમ્પ ન બાંધવામાં આવવા જોઈએ અને કચરાનો વ્યવસ્થિત રીતે નિકાલ કરવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવે, પ્લાસ્ટિક અને થર્મોકોલનો ઉપયોગ ના થાય અને સેવા કેમ્પો પર ડસ્ટબિન ફરજિયાત રાખવા હુકમ આપવામાં આવ્યો હતો.

જો આ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવશે તેનો આદેશ કરવામાં આવ્યો છે. ■

# પંચમહાલનો પાનમ ડેમ ઓવરફ્લો! ૧.૬૫ લાખ ક્યુસેક પાણી છોડાતા ૨૪ ગામોને એલર્ટ કરાયાં

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના પાનમ ડેમમાં સતત વરસાદના પગલે ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે. ગઈ કાલે ૧૨ વાગ્યે જળસ્તર ૧૨૭.૨૦ મીટર નોંધાયું હતું. રૂલ લેવલ ૧૨૭.૪૧ મીટર હોવાથી ડેમના ૮ દરવાજા ૪.૫૭ મીટર સુધી ખોલી ૧,૬૫,૧૩૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ડેમમાંથી પાણી છોડવામાં આવતા તેની સીધી અસર ત્રણ જિલ્લાનાં કુલ ૨૪ ગામોને પડવાની શક્યતાઓ છે. જેથી તે ૨૪ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના રામજીની નાળ, લીંક અને ઉંડારા, મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોર અને બાલુજીના મુવાડા સહિત ૫ ગામો, લુણાવાડા તાલુકામાં ચોપડા, વેરામા સહિત ૧૭ ગામો તેમજ ખાનપુર તાલુકાના પંડારડા અને નાનીચરેલ ગામોને પણ એલર્ટ કરવામાં આવ્યાં હતાં. ખાસ કરીને મહીસાગર જિલ્લાના સંતરામપુર અને લુણાવાડાનાં કુલ ૨૨ ગામો, તેમજ ખાનપુરના પંડારડા, નાનીચરેલ ગામો માટે સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

ઉપરવાસમાં હજુ પણ ભારે વરસાદની આગાહી હોવાના કારણે પરિસ્થિતિ ગંભીર બની શકે છે. વહીવટી તંત્ર તથા સંબંધિત અધિકારીઓ-કચેરીઓ હાઈ એલર્ટ પર હાલ છે અને નાગરિકોને સાવચેત રહેવા તથા તંત્રની તમામ સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં માટે અપીલ કરવામાં આવી હતી. ■

# પાચમાં દિવસે વાજતેગાજતે બાપ્પાને વિદાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશભક્તોએ રવિવારે પાંચમા દિવસે ધામધૂમથી પોતાના લાડલા ગણપતિબાપ્પાને વિદાય આપી હતી. મુંબઈના નૈસર્ગિક સહિત કૃત્રિમ તળાવમાં સાંજના છ વાગ્યા સુધીમાં ૪,૨૬૦ ગણેશમૂર્તિના વિસર્જન કરવામાં આવ્યા હોવાનું પાલિકા પ્રશાસને જણાવ્યું હતું, જેમાં સાર્વજનિક મંડળોના બાવન, ઘરના ૪,૧૯૬, હરતાલિકાની ૧૨ મૂર્તિ એમ કુલ ૪,૨૬૦ મૂર્તિઓના વિસર્જન જુદા જુદા વિર્સજન સ્થળે કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન કોઈ અઘટિત બનાવ બન્યો નહોતો. જોકે દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાન પાસે મરાઠા આરક્ષણ માટે રાજ્યભરમાંથી આંદોલનકારીઓ ઊતરી આવ્યા છે, તેને કારણે ફોર્ટ, મેટ્રો થિયેટર સહિતના વિસ્તારમાં ગણેશવિસર્જન માટે જઈ રહેલા ભક્તોને થોડી અગવડ થઈ હોવાની ફરિયાદ આવી હતી. ■

# ગણેશોત્સવમાં ફૂલોના ભાવ આસમાને

મુંબઈ: મહારાષ્ટ્ર સહિત આજુબાજુના રાજ્યમાં છેલ્લા થોડા દિવસોમાં પડેલા મુશળધાર વરસાદને પગલે ફૂલોની આવક મુંબઈના બજારોમાં ઓછી થવાને કારણે બરોબર ગણેશોત્સવના તહેવારમાં ફૂલોના ભાવ આસમાને પહોંચી ગયા છે.

મહારાષ્ટ્ર સહિત આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં છેલ્લા આઠ દિવસમાં ભારે વરસાદ પડી ગયો છે અને તેને કારણે આ રાજ્યોમાં થતી ફૂલોની ખેતીને તો નુકસાન થયું છે પણ સાથે જ અનેક શહેરોમાં રેલવેના ટ્રેક પાણી નીચે જતા રહ્યા હતા. વરસાદને પગલે રેલ વ્યવહારને મોટો ફટકો પડયો હતો, તેને કારણે મુંબઈની બજારમાં ફૂલો પહોંચી શક્યા નથી અને ભાવમાં મોટો ઉછાળો થયો હોવાનું કહેવાય છે.

ફૂલ બજાર સાથે સંકળાયેલા વેપારીના કહેવા મુજબ નાંદેડ જિલ્લામાં સતત પડેલા વરસાદને કારણે સ્થાનિક સ્તરે શાકભાજીના પાકની સાથે જ ફૂલોના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. સ્થાનિક બજારમાં માલ ઉપલબ્ધ નથી.

મહારાષ્ટ્રની સાથે જ તેલંગણામાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યાંના પોચમપાડ અને નિઝામસાગર આ બે મોટા બંધનું પાણી છોડવામાં આવ્યું હતું અને તેને કારણે અનેક જગ્યાએ ખેતરમાં પાણી ભરાઈ ગયા હતા. તો અમુક જગ્યાએ રેલવે લાઈન પાણીની નીચે આવીને ધોવાઈ ગઈ હતી, તેને કારણે દક્ષિણ મધ્ય રેલવેની અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી. રેલવે લાઈન બંધ થઈ જવાને કારણે બરોબર ગણેશોત્સવના તહેવારના સમયે ફૂલોની આવક મુંબઈમાં થઈ શકી નહોતી.

બજારમાં માલ ઓછો હોવાથી ફૂલોની કિંમતમાં જબરો ઉછાળો આવ્યો છે. ગલગોટાના ફૂલના રવિવારે ૮૦થી ૧૫૦ રૂપિયાના ભાવો હતા. ગુલાબના ૪૦૦થી ૬૦૦ રૂપિયા તો સેવંતીના ફૂલ ૫૦૦થી ૬૦૦ રૂપિયા કિલોએ વેચાયા હતા. મોગરાના દર ૫૦ રૂપિયાએ પહોંચી ગયા હતા. લિલીના દર ૯૦૦ રૂપિયા પહોંચી ગયા હતા. ■

# સુપ્રિયા સુળેની વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની માગણી

મુંબઈ: મરાઠા આંદોલન તીવ્ર બની રહ્યું છે ત્યારે, એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ રવિવારે એવી માગણી કરી હતી કે મહારાષ્ટ્ર સરકારે રાજ્ય વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવું જોઈએ અને આ જટિલ મુદ્દાના ઉકેલ માટે સર્વપક્ષી બેઠકનું આયોજન કરવું જોઈએ.સુળેએ આઝાદ મેદાનની મુલાકાત લીધી, જ્યાં અનામત આંદોલનના નેતા મનોજ જરાંગે શુક્રવારથી ભૂખ હડતાળ પર બેઠા છે. પાછા ફરતી વખતે, મરાઠા આંદોલનકર્તાઓએ સુળેની કાર રોકી હતી અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. 'કોઈ મરાઠા સમુદાય માટે અનામતનો વિરોધ કરી રહ્યું નથી. કેબિનેટે નિર્ણય લેવો જોઈએ,' એમ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઉપવાસને કારણે જરાંગે સુસ્તી અનુભવી રહ્યા હતા.

બારામતીના સાંસદે જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ આઝાદ મેદાનમાં લાઇટિંગ અને સ્વચ્છતા વ્યવસ્થામાં સુધારો કરવાની માગણી કરી રહ્યા હતા. ■

## જૈન મરણ

**હરસોલ સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**

રૂપાલ (હાલ મુંબઇ) નિવાસી લીલાવતીબેન અંબાલાલ સંઘવી તે સુરેશ-પન્ના, વિરેન્દ્ર-પન્ના, મધુબેન-અરવિંદકુમાર, જયોતિકાબહેન-ભૂપેન્દ્રકુમાર, સંગીતાબહેન- ધર્મેન્દ્રકુમાર, નયનાબેન-રણજીતના માતુશ્રી. તથા ધીરજલાલ-વિમળાબેન, શશીકાંત સુશીલાબેન, ચંદ્રકાત-કંચનબેનના વડીલ ભાભી. તથા ચિંતન-કિંજલ, અંકિત-નેહા, બીજલ-યશકુમાર, હિનલ-સ્મિતકુમાર ઇશીતા-સચીનકુમાર, પ્રત્યુષ, ફેયા, વિહાન, પૃથ્વી, શાનવી, અનાયા, વિરાશના દાદી. તથા અડપોદરા નિવાસી જેઠાલાલ ડુંગરશી વોરાની દીકરી. તા. ૩૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. શ્રી શત્રુંજયભાવયાત્રા તા. ૧-૯-૨૫ના સોમવારે, બપોરે ૩થી ૫. ઠે. માધવબાગ, સી. પી. ટેન્ક, મુંબઇ-૪.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

હાથસણી નિવાસી હાલ ઘાટકોપર વિનોદભાઇ ઝવેરચંદ દોશી (ઉં. વ. ૬૮) તા. ૨૮-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અનોપબેન ઝવેરચંદભાઇના સુપુત્ર. તે કિરણબેનના પતિ. કિંજલ, શ્વેતા, ઋષભના પિતા. મીથીલકુમાર, મીતુલકુમાર, કેનાલીના સસરા. રિદ્ધમ, તસ્વીના નાના. સ્વ. શાંતિભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, હસમુખભાઇ, પ્રકાશભાઇ, સ્વ. અશોકભાઇ, કળાબેન નટવરલાલ દોશી, સદ્ગુણાબેન સુરેશકુમાર શાહના ભાઇ. શ્વસુર પક્ષે મોખડકાવાળા સ્વ. શાંતિભાઇ ઝુઝાભાઇ શાહના જમાઇ. મંગળવાર, તા. ૨-૯-૨૫ના રોજ પિતૃવંદના રાખેલ છે. ઠે. કપોળ વાડી, ૧લે માળે, એમ. જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભોજાયના અ.સૌ. રેખા હર્ષદ ગાલા (ઉં.વ. ૬૭) ૨૧/૮/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વિજયા (વાલબાઈ) હીરજી ભાણજી શાહના પુત્રવધુ. હર્ષદના જીવન સંગીની. મિહિર, કરણના માતુશ્રી. નવાવાસ માતુશ્રી રતનબેન હીરજી મુરજી છેડાના સુપુત્રી. સ્મિતા (ભારતી), ઉષા, બીના, આશાના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ દાદર ટા.૨ થી ૩.૩૦.

દેવપુરના હરખચંદ હીરજી ગાલા (ઉં.વ.૭૪) ૨૦-૮-૨૫ ના અવસાન પામેલ છે. પુરબાઈ હીરજી પુનશીના પુત્ર. ભોજાયના ગોરબાઈ જીવરાજ શીવજીના જમાઈ. ધનલક્ષ્મીના પતિ. વિશાલ-અંકિતાના પિતા. વેલજી, જયા, લક્ષ્મીના ભાઈ. પ્રા. : યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફલોર, દાદર (સે.રે.). ટા.૩ થી ૪.૩૦. નિ.: હરખચંદ હીરજી ગાલા, ૭૧૧ રજની મહલ, એસી માર્કેટની સામે. તારદેવ રોડ, મું -૩૪.

કોડાય હાલે મદુરાઇના સવિતાબેન લાલન (ઉં.વ. ૭૭) ૨૯/૮/૨૫ના મદુરાઇ ખાતે અરિહંત શરણ પામ્યા છે. સ્વ. નરેન્દ્રના પત્ની. સ્વ. સાકરબેન રવજી મોરારજીના પુત્રવધુ. હનીશ, શીલા, વીણા, પૂર્વીના માતુશ્રી. લક્ષ્મીબેન મગનલાલના પુત્રી. અરવિંદ, ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હનીશ લાલન, ૪૮, અન્નાનગર.

મોટા આસંબિયાના શ્રી શાંતિભાઈ રતનશી સાવલા (બીયાવાલા), (ઉં. વ. ૮૦) તા. ૨૨-૦૮-૨૫ ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી રાણીમા રતનશી વેલજીના સુપુત્ર. સ્વ. મંજુલાબેનના પતિ. વિજય, ભરતના પિતાશ્રી. ધરમશી, મોટા આસંબિયાના જવેરબેન જવેરીલાલ, નાગલપુરના નિર્મલા મહેન્દ્રના ભાઈ. બિદડાના માતુશ્રી લાછબાઈ જગશી વોરાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, (૧ લે માળે) દાદર (ઈ), ટા. ૪ થી ૫.૩૦.

નાંગલપુરના અ.સૌ. જ્યોતિ ચુનીલાલ સાવલા (ઉં.વ. ૭૩) ૩૦-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચંચલબેન ભાણજી કુંવરજી સાવલાના પુત્રવધુ. ચુનીલાલના ધર્મપત્ની. પુનડીના રતનબાઇ વાલજી મોનજી છેડાના સુપુત્રી. સ્વ. ખીમજી, કોડાયના ભારતી કાંતિલાલ, ડુમરાના રેખા નવીનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.ચુનીલાલ સાવલા, ૫૦૩, લુઈસ પેલેસ, શંકરલેન, કાંદીવલી-(વે) મુંબઈ-૬૭.

નરેડીના હિરાલાલ પ્રેમજી નાગડા (ઉં.વ. ૭૫) ૨૪-૮-૨૦૨૫ના અવસાન પામેલ છે. લીલબાઇ પ્રેમજીના પુત્ર. વિમળાના પતિ. પારસ, લીનાના પિતાશ્રી. કોટડા રોહાના લક્ષ્મીબેન મુરજી, કેશવજી, નાનજી, ઠાકરશી, ભોજાયના વિમળા પોપટના ભાઇ. રાયધણજરના વેજબાઇ વિશનજી નેણશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ સંચાલિત, કરસન લધુ નિસર હોલ, દાદર (વે) સાંજે ૪ થી ૫.૩૦.

ગં. સ્વ આશા (પોરી બેન) અજીત જમનાદાસ મોરપરિયા (આસર), (ઉં.વ ૮૭) તે સ્વ. ક્રિષ્નાવંતી કુમાનદાસ વસનજી વેદ(અફીણી) જલગાંવવાળાની પૂત્રી. તે સ્વ. નિમેષ, હર્ષા, હિતેશ તથા કેતનના માતૃશ્રી. તે ગં સ્વ નીતા, ગિરીશ, અં સૌ ફાલ્ગુની, અં સૌ કામિનીના સાસુ. તે અં સૌ રુચિકા ધવલ કાપડિયા, અ. સૌ ખ્યાતિ ચિરાગ આસર, અં સૌ હેતલ અમૃત ભગત, અ. સૌ જેસલભૂષણ કંકાલ , પરીતા જેનીતના દાદી નાની. તે નિધી, યશ, ધ્રુમિલ, તન્મય, સાક્ષી કરણના પર દાદી-નાની તે શનિવારે ૩૦/૮/૨૫ના દિવસે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવારે ૧/૯/૨૫ ૪.૩૦ થી ૬ કલાક જુની હાલાઈ ભાટિયા મહાજન વાડી, કાલબાદેવી મુંબઈ ૨ પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

ડેડાણ નિવાસી હાલ નાલાસોપારા જીગર કિરીટભાઈ દેસાઈ (ઉં.વ.૩૯) તા. ૨૯-૮-૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે કનકબેન કિરીટભાઈ ઓતમચંદ દેસાઈના સુપુત્ર સ્વ. રમેશભાઈ , સ્વ. બિપીનભાઈ, જયેશભાઈ તથા શૈલેષભાઇ દેસાઈના ભત્રીજા. રીના જીગ્નેશ દોશીના ભાઈ. મોસાળપક્ષે કુકડવાળા નાગરદાસ જગજીવનદાસ મહેતાના દોહિત્ર. શશીભાઈ તથા સુરેશભાઈના ભાણેજ પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

એમી જમશેદ કોન્ટ્રાક્ટર તે મરહુમ જમશેદના વિધવા. તે મરહુમો આઇમાય ને શાવકશા બાવાઆદમના દીકરી. તે અનાહીતા કોન્ટ્રાક્ટરના માતાજી. તે પેસી, જીમી, શેહેરૂ, નાગલ, આલુ, પેરીન ને મરહુમ રૂસીના ભાઇ. તે જરૂ, રૂમી, કેશમીરા, આદીલ, જાવેદ, હુફરીશ ને મરહુમ નરગીશના માસી. તે ફરોખ, નેવીલ, હુતોક્ષી, પરીઝાદ, આરમીન ને મરહુમ તેહમટનના ફૂઇ. (ઉં. વ. ૯૧) રે. ઠે. એ-૧,બિલ્ડિંગ, ફલેટ નં.૨, ગ્રાઉન્ડ ફલોર, ન્યુ ખરેઘાટ કોલોની, બાબુલનાથ મંદિરની પાછળ, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૯-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે અસલાજી અગિયારી, ગ્રાન્ટ રોડ.

યઝદી ધનજીશા અરેથના (ઉં. વ. ૭૫) તા. ૩૧-૮-૨૫એ ગુજરી ગયા છે. તે મેહેરનાઝના હસબન્ડ. આરાશ, અરમાન, જેનીસીના ફાધર. રિઝીના, અનિશના સસરા. ઝોઇશ, ઝયના, નેહવાહન, પરહાનના ગ્રેન્ડ ફાધર. રોહિન્ટન, રોશન, મરહૂમ પેરીન, ડાલી, મીઠુના ભાઇ. ઉઠમણું : તા. ૨-૯-૨૫એ.

## હિન્દુ મરણ

**અગ્રવાલ ગર્ગ**

અજમેર નિવાસી હાલ કાંદિવલી મુંબઇ સત્યનારાયણજી ગર્ગ શનિવાર, તા. ૩૦-૮-૨૫ના રોજ સ્વર્ગવાસ થયા છે. તે લલિતાદેવીના પતિ. સંજય, રેખા, નીલુ, સુનીતાના પિતા. દીપા, વેદપ્રકાશ પિટ્ટી, મામરાજ અગ્રવાલ, મુકેશ ચૌધરીના સસરા. રાધેશ્યામ, સીતારામ, કૈલાશ, પ્રહલાદ, ગજાનંદ, સુરેશ, રાજકુમારના કાકા. રવિ, તુષાર, અખિલ, અભિષેક, નિખિલ, હર્ષ, દિવ્યાંશના દાદા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧-૯-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. કલબ હાઉસ, ઓકટાક્રેસ્ટ બિલ્ડિંગ, લોખંડવાલા, કાંદિવલી (ઇસ્ટ).

**સમસ્ત વારીયા કુંભાર સમાજ**

મુળ ગામ સેવક ધુણીયા હાલ ઘાટકોપર સ્વ.જયેશભાઇ રણછોડભાઇ સંચાણિયા (ઉં. વ. ૬૦) તે તા. ૩૦-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉષાબેન જયેશભાઇ સંચાણિયાના પતિ. તથા કવિષભાઇના પિતા. તથા જયોતિબેન વારીયાના ભાઇ. તથા કુલીનભાઇ સંચાણિયાના કાકા. પ્રાર્થનાસભા તા. ૨-૯-૨૫ના મંગળવારે ૪થી ૬. ઠે. વીરેશ્વર મહાદેવ મંદિર, રામમંદિરની સામે, સીંધુવાડીની બાજુમાં.

**હાલાઇ લોહાણા**

મૂળગામ મોરબી હાલ મલાડ સ્વ. દિલીપભાઇ સુંદરજીભાઇ ભોજાણી (ઉં. વ. ૭૬) તે ગં. સ્વ. ઉષાબેનના પતિ. તે અમીત તથા ઉર્વિના પિતાશ્રી. તે કલ્પેશ મુકુંદભાઇ દત્તાણીના સસરા. તે માહિરના નાના. તે સ્વ. મનસુખભાઇ મોતીભાઇ કારીયાના જમાઇ. તા. ૩૦-૮-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌ. પ્રથા બંધ છે.

**ઈડર ઔદિચ્ય ૪૫ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ગોધમજી નિવાસી હાલ મુંબઈ ગં.સ્વ. ભગવતી પ્રવીણ દવે (ઉં.વ. ૭૭) ૩૦.૮.૨૫ શનિવારે દેવલોક પામેલ છે. તે સ્વ. પ્રવીણભાઈ મગનલાલ દવેના પત્ની. તે પરેશ, બંકિમ, ભાવિન, નીલમના માતુશ્રી. તે મિતા, રેણુ, નિકિતા અને પ્રતોત પવાસકેરના સાસુ. તે બડોલી નિવાસી લલ્લુભાઇ રાવલના પુત્રી.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ ગોંડલ હાલ મલાડ સ્વ. વલ્લભદાસ પીતાંબર વાઢેરના પુત્ર સ્વ. શિરીષભાઈ (ઉં.વ. ૬૫) શનિવાર તા. ૩૦/૮/૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નવીનભાઈ, હર્ષદભાઈ, યોગેશભાઈ અને સ્વ. નયનાબેનના ભાઈ, રમાબેન, કુમુદબેન, ભારતીબેનના દિયર, તે સ્વ. ચીમનભાઈ, સ્વ. અમૃતભાઈના ભત્રીજા. તે હરિલાલ નથુભાઈ મર્થક રાજકોટના ભાણેજ. તે સમીર, હિતેશ, માયા, નીતા પાટોળે, જીગીશા વારડે, રુચી ચૌહાણ, તૃપ્તિ યોગી, તૃપ્તિ ધાંધા, નેહાના કાકા. તેમની પ્રાર્થના સભા ૧/૯/૨૫ના સોમવારના રોજ સાંજે ૪ થી ૬, સ્થળ: રૂઇઆ હોલ, આનંદ રોડ, મલાડ સ્ટેશન પાસે મલાડ વેસ્ટ.

**સહસ્ત્ર ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

ગામ હાથલના હાલ મુંબઈ સ્વ. નવીનચંદ્ર ભૂરાલાલજી ઓઝા (ઉં.વ ૭૨) જે સોમવાર, તા. ૨૫/૮/૨૫નાં રોજ દેવલોક પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. ભૂરાલાલજી ધરમદત્તજી ઓઝા નાં પુત્ર. તે કોકિલાબેનનાં પતિ. તે જીગ્નેશ, રાહુલનાં પિતાજી. સ્વ. ગૌરીશંકરજી, સ્વ. દિલીપજી, ગં.સ્વ. લત્તાબેન દેવીશંકરજી અને ભાનુબેન ઓમપ્રકાશજીનાં ભાઈ. સ્વ. શિવશંકર કાશીરામજી ત્રિવેદી અને સ્વ. શાંતિબેન શિવશંકરજી ત્રિવેદીનાં જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, ૧/૯/૨૫ના રોજ સાંજે ૫થી ૭. કલાક ઠે. શ્રી સાઈનાથ એસ. આર. એ. કો. ઓ. હો. સોસાયટી લિમીટેડ, (કાત્યાયની બિલ્ડીંગ), સોના ઉદ્યોગ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની બાજુમાં, જૈન મંદિરની સામે, પારસી પંચાયત રોડ, અંધેરી (ઈસ્ટ).

**લુહાર - સુથાર જ્ઞાતિ**

ગામ લીંબડી હાલ ભાયંદર (ઈસ્ટ) તન્વી નિલેશ પરમાર (ઉં.વ.૨૭) ૨૯-૮-૨૫ના શુક્રવારે સ્વર્ગવાસી થયેલ છે. તે સ્વ. પ્રભાબેન રતિલાલ પરમારની પૌત્રી. તે નિલેશ, સોનલની પુત્રી. તે કિશોર, ભાવના, ચેતન, જીગ્નાની ભત્રીજી, તે સરિતાબેન શાંતિલાલ મકવાણાની દોહિત્રી. તે સૌરભ, ભક્તિ, હની, માહિરની બહેન. તથા જીતેશ શાંતિલાલ મકવાણાની ભાણેજ, પ્રાર્થનાસભા તા. ૧-૯-૨૫ના સોમવારે સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ - લુહાર સુથાર, વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી માતાના મંદિરની બાજુમાં બોરીવલી (ઇસ્ટ) મુંબઈ.

**હાલાઇ લોહાણા**

કાંદિવલી નિવાસી લતાબેન નવિનચંદ્ર તન્ના (ઉં.વ.૭૯) સ્વ.નવિનચંદ્ર લીલાધરભાઈ તન્નાના ધર્મપત્ની. દિપક તથા કેતનના માતુશ્રી. તે સ્વ.પ્રવિણા તથા આરતીના સાસુમાં. તે યોગીની, રૂષિલ તથા લેખાના દાદીમા. તે સ્વ.મથુરાદાસ નાથાલાલ રૂપારેલીયાના પુત્રી. તેમજ સ્વ.મનસુખલાલ મથુરાદાસ રૂપારેલીયાના બહેન. તા.૨૯-૮-૨૫, શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા: તા.૧-૯-૨૫, સોમવાર સાંજે ૫ થી ૭ કલાકે. સ્થળ: શ્રી હાલાઇ લોહાણા મહાજન વાડી, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ).

# રીઢો આરોપી પકડાયો: ચોરેલા ૮૯ મોબાઈલ હસ્તગત

મુંબઈ: મોબાઇલ ચોરીના ગુનામાં સંડોવાયેલા પચીસ વર્ષના આરોપીને ઓશિવરા પોલીસે ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. આરોપીની ઓળખ અક્ષય રાજુ ડુગલજ તરીકે થઇ હોઇ તેણે ચોરેલા ૮૯ મોબાઇલ પોલીસે હસ્તગત કર્યા હતા. આરોપી વિરુદ્ધ ઓશિવરા પોલીસ સ્ટેશનમાં ૧૮ ગુના દાખલ હોવાનું પોલીસે જણાવ્યું હતું. જોગેશ્વરી પશ્ચિમમાં બિલ્ડિંગ નજીક આવેલી હૉટેલની બહાર રાહુલ મિશ્રા ૨૭ ઑગસ્ટે રાતે સૂતો હતો ત્યારે તેનો મોબાઇલ ચોરાયો હતો. બીજે દિવસે તેણે આ પ્રકરણે ઓશિવરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી આરોપીની શોધ આદરી હતી અને મળેલી માહિતીને આરોપી અક્ષય રાજુ ડુગલજને પકડી પાડ્યો હતો. પૂછપરછમાં આરોપીએ ગોરેગામ પશ્ચિમ અને અંધેરી પશ્ચિમમાંના ઝૂંપડપટ્ટી વિસ્તારમાંના અનેક ઘરોમાંથી મોબાઇલ ચોર્યા હોવાનું કબૂલ્યું હતું. આ વિસ્તારમાંથી ચોરેલા ૮૯ મોબાઇલ તેણે બ્રિજની નીચે નાળા નજીક બે બોક્સમાં છુપાવી રાખ્યા હતા, જે પોલીસે બાદમાં હસ્તગત કર્યા હતા.■

# વિરારમાં રો-રો બોટમાંથી કાર દરિયામાં ખાબકી

## બે જણને બચાવાયા



વસઇ: વિરારમાં મારંબળપાડા જેટ્ટી ખાતે રો-રો બોટમાં પરથી નીકળતી વખતે ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવતાં કાર દરિયામાં ખાબકી હતી. કારમાં બે જણ હાજર હતા અને પ્રવાસીઓની મદદથી પોલીસે તેમને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

વિરાર અને જલસાર દરમિયાન નાગરિકો માટે રો-રો સેવા ચલાવવામાં આવી રહી હોઇ આ બોટમાં દરરોજ લોકો ટૂ-વ્હીલર અને ફોર-વ્હીલર લઇ જતા હોય છે. શનિવારે બપોરે જલસારથી પાછી ફરી રહેલી બોટ વિરારમાં મારંબળપાડા જેટ્ટી નજીક આવ્યા બાદ ડ્રાઇવર તેની કાર બહાર કાઢી રહ્યો હતો ત્યારે અચાનક તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર દરિયામાં પડી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને જેટ્ટી પરના કર્મચારી તથા પ્રવાસીઓ સાથે મળીને બચાવકાર્ય હાથ ધર્યું હતું. કારમાં બે પ્રવાસી હાજર હતા અને તેમને બચાવી લેવામાં આવ્યા હતા. બાદમાં કારને પણ પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. ■

નવમાં પાનાનું ચાલુ

## 'હું સોમવારથી

એમ મનોજ જરાંગેએ કહ્યું હતું. મનોજ જરાંગેના આંદોલનનો ઉલ્લેખ કરતી વખતે ચંદ્રકાંત પાટીલે એવી ટીકા કરી હતી કે રાજકીય અનામત માટે તમામ આંદોલનો કરવામાં આવી રહ્યા છે. મનોજ જરાંગે પાટીલે આ મુદ્દે તેમની ટીકા કરતાં કહ્યું હતું કે, મરાઠા સમુદાયની બદદુઆ અને ગાળો ચંદ્રકાંત પાટીલે લેવી ન જોઈએ, પરંતુ મુખ્ય પ્રધાનના નિર્દેશ પર ચંદ્રકાંત પાટીલે અમારા પ્રમાણપત્રોની ચકાસણી અટકાવી દીધી હતી. તેથી, હવેથી, તેમણે વધુ વાત ન કરવી જોઈએ.

### આંદોલનને નામે પૈસાની ઉઘરાણી પર શું બોલ્યા?

આંદોલનના સ્થળે જે ફૂડ શેલ્ટર શરૂ કરવામાં આવ્યા છે તે મહારાષ્ટ્રના અને કેટલાક મુંબઈના લોકો દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. આંદોલનકારીઓએ આ સમજવું જોઈએ. જે ફૂડ શેલ્ટર શરૂ કરવામાં આવ્યા છે તે એક-એક વ્યક્તિ દ્વારા શરૂ કરવામાં આવ્યા છે, પરંતુ બીજા કોઈએ તેના નામે પૈસા ઉઘરાવવા જોઈએ નહીં. નહિંતર, હું મીડિયામાં આવી વ્યક્તિનું નામ જાહેર કરી દઈશ. શું થયું છે તે ફરીથી ન કહો. એક વ્યક્તિએ ફૂડ શેલ્ટર શરૂ કર્યું અને બીજો પૈસા એકઠા કરી રહ્યો છે. આ રીતે ગરીબોનું લોહી પીવાનું બંધ કરો. હું તમને સ્પષ્ટપણે કહી રહ્યો છું કે, હું તે વ્યક્તિનું નામ લઈશ, ભલે તે મારી ગમે તેટલો નજીક હોય, હું તેનું નામ લઈશ, એવા શબ્દોમાં મનોજ જરાંગેએ આંદોલનને નામે પૈસા ઉઘરાવનારા લોકોને ચેતવણી આપી હતી.

'તમે ફક્ત એટલા માટે પૈસા ભેગા નથી કરી શકતા કે તમે મારા માટે કાર લઈને દોડી રહ્યા છો. તમારી કારે અત્યાર સુધી કેટલો ખર્ચ કર્યો છે તેના માટે અમે બધા મરાઠા દાન આપીશું. તે વ્યક્તિને ખબર હોવી જોઈએ કે હું કોની વાત કરી રહ્યો છું. કારણ કે હું એ પણ જાણું છું કે તે વ્યક્તિએ લોકસભાની ચૂંટણીમાં પૈસા લીધા હતા. જો તે હજુ પણ રેઈનકોટના નામે પૈસા ભેગા કરી રહ્યો છે, તો હું આ સહન કરી શકીશ નહીં. રેઈનકોટ એક વ્યક્તિ દ્વારા વહેંચવામાં આવ્યા હતા અને લોકો અહીં રેઈનકોટ વહેંચવા માટે મારા નામે પૈસા ઉઘરાવી રહ્યા છે. આવા ભીખ માગવાના ધંધા બંધ કરો. મારી નજરમાં તમારી ગરિમા છે. હું તમને સ્પષ્ટ કહી રહ્યો છું, નહીં તો હું પુરાવા સાથે તમારા નામ જાહેર કરીશ,' એમ પણ મનોજ જરાંગેએ કહ્યું હતું.

### ન્યાયાધીશ સંદીપ શિંદેની મુલાકાત બાદ પણ અક્કડ વલણ

જરાંગે, જેમણે એક દિવસ પહેલા નિવૃત્ત હાઇકોર્ટના ન્યાયાધીશ સંદીપ શિંદેના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને મળ્યા બાદ પોતાનું વલણ નરમ પાડવાનો ઇનકાર કર્યો હતો, તેમણે રવિવારે કહ્યું હતું કે, 'કાલ (સોમવાર)થી, હું પાણી પીવાનું બંધ કરીશ કારણ કે સરકાર માગણીઓ સ્વીકારી રહી નથી, પરંતુ જ્યાં સુધી ક્વોટાની માંગણી પૂર્ણ ન થાય ત્યાં સુધી હું પાછો જવાનો નથી.

### ઓબીસી હેઠળ નહીં ઈડબલ્યુએસ હેઠળ અનામતનો લાભ: ભાજપના પ્રધાન

આ દરમિયાન, મહારાષ્ટ્રના ભાજપના પ્રધાનો ચંદ્રકાંત પાટીલ અને નિતેશ રાણેએ કહ્યું હતું કે મરાઠા સમુદાયને ઓબીસી તરીકે વર્ગીકૃત કરવાને બદલે હાલના ઈડબ્લ્યુએસ ક્વોટાનો લાભ મળવો જોઈએ. પાટીલ અને રાણે બંને મરાઠા સમુદાયના છે.

રાણેએ એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર પર જરાંગેના વિરોધને ભંડોળ પૂરું પાડવાનો પણ આરોપ લગાવ્યો હતો.

રાણેએ દાવો કર્યો હતો કે જરાંગેની તમામ મરાઠાઓને કુણબી તરીકે વર્ગીકૃત કરવાની અને તેમને ઓબીસી શ્રેણીમાં સમાવવાની માગણી સમગ્ર મહારાષ્ટ્રમાં સ્વીકાર્ય નહીં હોય.

'જો જરાંગે તેમની માંગણીને મરાઠવાડા સુધી મર્યાદિત રાખે, તો સરકાર તેનો વિચાર કરી શકે છે, પરંતુ કોંકણમાં, જ્યાંથી હું આવું છું, મરાઠા અને કુણબીઓની અલગ ઓળખ છે અને તેઓ તેમની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ છે. 'ઓબીસી કેટેગરી દ્વારા મરાઠાઓને ક્વોટા લાભ મળી શકે નહીં,' રાણેએ કહ્યું.

ભાજપ નેતાએ એવો પણ આરોપ લગાવ્યો કે વિપક્ષી એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે જરાંગેના વિરોધ પ્રદર્શનને ભંડોળ પૂરું પાડ્યું હતું અને કહ્યું કે જો બાદમાં તેનો ઇનકાર કરે તો તેઓ પુરાવા આપી શકે છે.

### ઠાકરે બ્રાન્ડ સારી છે: જરાંગે

મરાઠા આંદોલન પરના તમામ પ્રશ્નો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સંબોધવા જોઈએ તેવા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) ના વડા રાજ ઠાકરેના નિવેદન વિશે પૂછવામાં આવતાં, જરાંગેએ કહ્યું હતું કે 'ઠાકરે બ્રાન્ડ' અને બંને ભાઈઓ (રાજ અને શિવસેના-યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે) સારા છે, પરંતુ તેઓ (રાજ ઠાકરે) એક એવી વ્યક્તિ છે જે સરળતાથી બીજાઓ પર વિશ્વાસ કરી લેતા હોય છે એમ પણ મરાઠા આંદોલનકર્તાએ જણાવ્યું હતું.

ગયા વર્ષે જાન્યુઆરીમાં, શિંદેના નેતૃત્વ હેઠળની તત્કાલીન સરકારે ક્વોટાની માગણીઓ પૂર્ણ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી, જેના પગલે જરાંગેની મુંબઈ તરફની કૂચ નવી મુંબઈમાં રોકાઈ ગઈ હતી.

### તેમને ભીડ ન ગણવામાં આવે: જરાંગે પાટીલ

હજારો ક્વોટા સમર્થકોની હાજરીને કારણે પ્રતિષ્ઠિત છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની આસપાસનો વિસ્તાર કેમ્પ જેવો દેખાય છે, જેમાં ઘણા લોકો ફૂટપાથ અને પ્લેટફોર્મ પર સૂઈ રહ્યા છે અને રસોઈ બનાવી રહ્યા છે, અને બીએમસી તરફથી સુવિધાઓનો અભાવ હોવાનો આરોપ લગાવ્યો હતો, જરાંગેએ અપીલ કરી હતી કે તેમને 'ભીડ' ન ગણવામાં આવે.

'તેઓ ખૂબ પીડા સાથે અહીં આવ્યા છે,' એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે, તેમના સમર્થકોને નિયુક્ત સ્થળોએ વાહનો પાર્ક કરવા અને ટ્રેન દ્વારા વિરોધ સ્થળ પર આવવા વિનંતી કરવામાં આવી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે વાશી, ચેમ્બુર, શિવડી, મસ્જિદ બંદર અને અન્ય સ્થળોએ, જ્યાં પણ તેઓ તેમના વાહનો પાર્ક કરી રહ્યા છે, ત્યાં પ્રદર્શનકારીઓને ફૂડ ટ્રક દ્વારા ભોજનનું વિતરણ થવું જોઈએ. ■

## સફાઈ કામ

મેદાનમાં આવી પહોંચ્યા છે.

શુક્રવારે વિરોધ પ્રદર્શનના પહેલા દિવસે જરાંગેએ એવો આરોપ લગાવ્યો હતો કે વિરોધ પ્રદર્શનના સ્થળે શૌચાલયોને જાણી જોઈને તાળા મારી દેવામાં આવ્યા અને નાસ્તો તથા પાણી વેચતી દુકાનો પણ બંધ કરી દેવામાં આવી હતી. જોકે પાલિકા પ્રશાસને તેમના આરોપને ફગાવી દીધો હતો અને દાવો કર્યો હતો કે આસપાસના તમામ પે એન્ડ યુઝ શૌચાલયોને મફતમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ દરમ્યાન રવિવારે સતત ત્રીજા દિવસે આંદોલનકારીઓની સુવિધા માટે પાલિકાએ ૩૦૦થી વધુ શૌચાલયોની વ્યવસ્થા કરી હતી, જેમાં કાયમી સાથે મોબાઈલની સુવિધાનો સમાવેશ થાય છે. આ તમામ શૌચાલયો મફતમાં ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા છે.

આઝાદ મેદાન સહિત આજુબાજુના વિસ્તારોની સફાઈ માટે ૮૦૦થી વધુ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

પાલિકાએ પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે આઝાદ મેદાન, મહાનગરપાલિકા માર્ગ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, હુતાત્મા સ્મારક ચોક અને બોમ્બે જિમખાના સહિતના મુખ્ય સ્થળોએ ૨૫ પાણીના ટેન્કર ગોઠવ્યા હોવાનો દાવો પણ પાલિકાએ કર્યો હતો.

આંદોલનકારીઓને કચરો ફેંકવા માટે પ્લાસ્ટિકની બેગનું વિતરણ પણ કર્યું હતું, જેથી કરીને સ્વચ્છતા જળવાઈ રહે અને ગંદકી ફેલાય નહીં. પાલિકાએ મેડિકલ હેલ્થ ડેસ્ક પણ ઊભી કરી છે અને આઝાદ મેદાન વિસ્તારમાં ચાર મેડિકલ ટીમ અને બે એમ્બ્યુલન્સ ૨૪ કલાક માટે તહેનાત રાખી છે. ■

## મુંબઈમાં વરસાદના

સરેરાશ કરતા પણ વધુ એટલે કે લગભગ ૧૦૯ ટકા વરસાદ નોંધાયો છે. આખા ઑગસ્ટ મહિનામાં સરેરાશ ૧,૧૮૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો પણ જો હજી ૭૦ મિ.મી. જેટલો વરસાદ પડયો હોત તો મુંબઈનો ૬૭ વર્ષનો ઑગસ્ટ મહિનાના વરસાદનો રેકોર્ડ તૂટ્યો હતો. મુંબઈમાં ૧૯૫૮ની સાલમાં ઑગસ્ટ મહિનામાં ૧,૨૫૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

મુંબઈમાં ઑગસ્ટ મહિનામાં સામાન્ય રીતે ઉપનગરમાં સરેરાશ ૫૬૬ મિ.મી. વરસાદ પડતો હોય છે, તો દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૪૮૨ મિ.મી. વરસાદ પડતો હોય છે. જોકે આ વર્ષે ઑગસ્ટ મહિનામાં સરેરાશ કરતા વધુ એટલે કે ૧૦૯ ટકા વરસાદ પડી ચૂક્યો છે.

હવામાન વિભાગે આપેલા આંકડા મુજબ પહેલી ઑગસ્ટથી ૩૧ ઑગસ્ટ સુધીમાં સાંતાક્રુઝમાં ૨૦૨૦ની સાલ સરેરાશ ૧,૨૪૦ મિ.મી. વરસાદ નોંધાયો છે, તેની સામે ચાલુ ઑગસ્ટમાં આ સમયગાળામાં સાંતાક્રુઝમાં ૧,૧૮૪ મિ.મી. વરસાદ નોંધાયો છે, તેમાં પણ ૮૦૦ મિ.મી. વરસાદ તો ફક્ત ૧૬ ઑગસ્ટથી ૧૯ ઑગસ્ટ સુધીના પાંચ દિવસમાં નોંધાયો હતો. ૧૫ ઑગસ્ટના રાતથી ચાલુ થયેલો વરસાદ ૧૬ ઑગસ્ટના સવાર સુધીમાં ૨૪૫ મિ.મી. જેટલો નોંધાઈ ચૂક્યો હતો. ત્યારબાદ ૧૬ ઑગસ્ટથી ૧૭ ઑગસ્ટ દરમ્યાન ૮૫ મિ.મી. અને ૧૮ ઑગસ્ટે ૯૯ મિ.મી., ૧૯ ઑગસ્ટને ૨૩૮ મિ.મી. અને ૨૦ ઑગસ્ટ સવાર સુધીમાં ૨૨૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ સમયગાળા દરમ્યાન દક્ષિણ મુંબઈમાં માત્ર ૬૮૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો અને લગભગ સરેરાશ ૯૯ મિ.મી. વરસાદની ખાધ રહી હતી.

હવામાન વિભાગના ડેટા મુજબ સાંતાક્રુઝમાં જૂનથી અત્યાર સુધી ૨,૪૯૪ [.મિમી. અને કોલાબામાં ૧,૬૫૯ મિ.મી. વરસાદ નોંધાયો છે. જૂન અને જુલાઈ મહિનામાં વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું પણ ઑગસ્ટ મહિનાના પાંચ દિવસમાં પડેલા વરસાદે મોસમના સરેરાશ વરસાદને વટાવી નાંખ્યો હતો.

### મુંબઈમાં મોસમનો કુલ વરસાદ

મુંબઈમા જૂનથી ઑગસ્ટ સુધીમાં સાંતાક્રુઝમાં મોસમનો કુલ વરસાદ ૨,૪૯૪ મિ.મી. નોંધાઈ ચૂક્યો છે. તો કોલાબામાં ૧,૬૫૯ મિ.મી. વરસાદ પડયો છે. સાંતાક્રુઝમાં જૂનમાં ૫૧૨ મિ.મી., જુલાઈમાં ૭૯૮ મિ.મી., ઑગસ્ટમાં ૧,૧૮૪ મિ.મી. વરસાદ પડયો હતો. તો કોલાબામાં જૂનમાં ૫૯૨ મિ.મી., જુલાઈમાં ૩૮૧ મિ.મી. અને ઑગસ્ટમાં ૬૮૬ મિ.મી. વરસાદ નોંધાયો છે. ■

## ઉતાવળીયો

રહેવું પડી શકે છે. તેથી જો આપણે કાયદાના માળખાની બહાર આવો નિર્ણય લઈશું, તો તે ટકશે નહીં. આપણે લોકોને ખુશ કરવા માટે આવો નિર્ણય લઈ શકીએ છીએ, પરંતુ તે નિર્ણય ટકશે નહીં. આમ કરવાથી લોકો સાથે છેતરપિંડી થશે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે રાધાકૃષ્ણ વિખે પાટિલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી સબ-કમિટી મનોજ જરાંગેની માંગણીઓનો ઉકેલ શોધવા માટે ચર્ચા કરી રહી છે. અમે કાનૂની સલાહકારો સાથે વાત કરી રહ્યા છીએ. અમે આ સંદર્ભમાં કોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલા નિર્ણયોની પણ ચકાસણી કરી રહ્યા છીએ અને આ બધા મુદાઓનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

આ દરમિયાન ફડણવીસને પૂછવામાં આવ્યું કે આ બધા માટે શું ઉકેલ શોધવામાં આવશે? આ માટે તેમણે કહ્યું હતું કે ચર્ચા દ્વારા ઉકેલ શોધવામાં આવશે. જોકે હઠીલા વલણથી કોઈ ઉકેલ નહીં આવે. સરકાર કાયદા દ્વારા ચાલે છે. સરકાર તમામ મુદાઓનું નિરાકરણ કાનૂની માધ્યમથી કરશે. અમે કાયદામાં રહેલી બધી જોગવાઈઓનો ઉપયોગ કરીને આ મુદાને ઉકેલવાનો પ્રયાસ કરીશું. ■

## છગન ભુજબળ

કરવામાં આવશે અને કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવવામાં આવશે, ખાસ કરીને હૈદરાબાદ ગેઝેટ, સતારા અને ઔંધ ગેઝેટ અંગે હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના આદેશોના સંદર્ભમાં, સૂત્રોએ માહિતી આપી છે. તેથી આ પત્રકાર પરિષદ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ■

## હું બધું ખુલ્લેઆમ

જોઈએ. મનોજ જરાંગે પાટીલે પણ સમાજ માટે લડત ચલાવી છે તેથી તેમણે પણ સહયોગ આપવો જોઈએ, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

અત્યાર સુધી કુણબી રેકોર્ડ પ્રાપ્ત થઈ રહ્યા ન હતા, પરંતુ હવે કુણબી રેકોર્ડ અને પ્રમાણપત્રો પ્રાપ્ત થઈ રહ્યા છે. અમે ૧૦ ટકા અનામત આપી છે. સરકાર આ બાબતે સકારાત્મક છે, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

આ અગાઉ મનસેના પ્રમુખ રાજ ઠાકરે દ્વારા પણ શિંદે સામે આંગળી ચિંધવામાં આવી હતી કે શિંદે આંદોલનથી કેમ દૂર રહી રહ્યા છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મહાભારતનું એક મોતીઃ સનત-સુજાતિય



મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

મહાભારતના જે છ મોતી ગણાય છે તેમાંનું આ એક છે. તેમાં ધૃતરાષ્ટ્રને વિદુરની વિનંતીથી પરમજ્ઞાની સનત ઋષિ જ્ઞાન આપે છે. સનાતની સંસ્કૃતિની શૈલી પ્રમાણે અહીં પણ જ્ઞાનનો વિનિમય પ્રશ્નોત્તરી દ્વારા થયો છે. મહાભારત ધર્મ, નૈતિકતા, અધ્યાત્મિકતા, સામાજિક બંધારણ અને દાર્શનિક વિચારોનો અવિનાશી, અદ્ભુત તેમ જ અપાર ખજાનો છે. તેમાંના ઉદ્યોગપર્વમાં ૪૧થી ૪૬મા વિભાગમાં આ પ્રસંગનો ઉલ્લેખ છે જ્યાં યુદ્ધ પહેલા ધૃતરાષ્ટ્રને સત્ય પ્રતીત થાય તે માટે પ્રયત્ન કરાયો હોય તેમ જણાય છે.

સનત ઋષિ જ્ઞાન થકી ભક્તિનો માર્ગ પ્રશસ્ત કરનાર મહાપુરુષ છે. તેઓ બ્રહ્માના માનસ પુત્ર છે. ધૃતરાષ્ટ્રને તેમણે જે જ્ઞાન આપ્યું તે 'સનત-સુજાતિય' તરીકે ઓળખાય છે. અહીં તેમણે ધૃતરાષ્ટ્રને ધર્મ-અધર્મ, સત્ય-અસત્ય, નિત્ય-અનિત્ય, યોગ્ય-અયોગ્ય, નૈતિક-અનૈતિક જેવી બાબતો ઉપરાંત તત્ત્વજ્ઞાન, આત્મા, દૈવી ગુણો, સંસાર, સૃષ્ટિ તથા આધ્યાત્મિકતા જેવી બાબતોની સમજ પણ આપી છે. તે સાથે તેમણે 'દુશ્મન' ગણી શકાય તેવાં કામ, ક્રોધ, લોભ, મોહ, લાલચ, અહંકાર જેવાં નકારાત્મક ભાવની પણ વાત કરી.

સનત-સુજાતિયમાં પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે શાસ્ત્રમાં શ્રદ્ધાની વાત અહીં કરવામાં આવી છે, આધ્યાત્મમાં આંતરિક જ્ઞાનનું મહત્ત્વ સમજાવાયું છે, સાત્ત્વિક ગુણ તેમ જ સુ-સંસ્કાર માટે સૂચન કરાયું છે, વિચારોનાં નિયંત્રણ થકી નૈતિક વર્તનની વાત અહીં થાય છે, મોહ-યુક્ત સંવેદનાના નિયંત્રણની વાત પર ભાર અપાયો છે, વિવેક અને સંયમ થકી સ્વનિયંત્રણ મેળવી નકારાત્મક ભાવની નાબૂદી માટેનું સૂચન છે તે ઉપરાંત વિનાશકારક મૂર્ખતાથી દૂર રહેવાની વાત પણ અહીં જોવાં મળે છે. સનત-સુજાતિયને મૃત્યુ અને અમૃતની વાત સમજાવનાર, આત્મજ્ઞાન અને તેમજ બ્રહ્મજ્ઞાનનું મહત્ત્વ સ્થાપિત કરનાર, કર્મ અને તેનાં ફળ વચ્ચેનાં સમીકરણની સમજ આપનાર, ધર્મ-અધર્મ સત્ય-અસત્ય નિત્ય-અનિત્યનો ભેદ દર્શાવનાર, સર્વથા વિનાશકારી સંવેદનાઓ તથા નકારાત્મક સમજથી દૂર રહેવાનો આગ્રહ કરનાર, સમગ્ર સૃષ્ટિમાં પ્રવર્તમાન એકત્વની ભાવનાને યથાર્થ સ્વરૂપે કહેનાર, ભક્તિ, યોગ, સંન્યાસ, વૈરાગ્ય જેવાં સાધનોનું મહત્ત્વ સ્થાપિત કરનાર ઉદ્‌ઘોષક તરીકે લેવાય છે.

મહાભારતનું યુદ્ધ સામે ઊભું હતું. તેથી સ્વાભાવિક છે કે ધૃતરાષ્ટ્રને મૃત્યુની ચિંતા વધુ હોય. ધૃતરાષ્ટ્રને પ્રશ્ન એ થાય છે કે મૃત્યુનું અસ્તિત્વ નથી એમ કેમ કહેવામાં આવે છે. સનત ઋષિનો જવાબ સ્વાભાવિક છે, મૃત્યુ અથવા દેહાંતર પ્રાપ્તિ શરીરને થાય છે, માનવી તો આત્મા સ્વરૂપ છે, આત્મા છે, જેનું મૃત્યુ સંભવ નથી. આત્માની અનુભૂતિ માટે તેમણે પછી બ્રહ્મચર્યના મહત્ત્વની વાત કરી. બ્રહ્મચર્ય એટલે માત્ર ઇન્દ્રિયોનું નિયંત્રણ નહીં પરંતુ આધ્યાત્મિક ગુરુના માર્ગદર્શન હેઠળ સ્થાપિત થયેલી જીવનશૈલીનું પાલન. અહીં સનત-સુજાતિય દ્વારા એમ પણ કહેવામાં આવ્યું કે જો આત્માની અનુભૂતિ સિવાય પણ અન્ય બાબત વિશે વિચારવું હોય તો હવે પછીના 'શુભ-જન્મ' માટે વિચાર કરવો જોઈએ, અને તે માટે આ જન્મમાં શક્ય તેટલાં સત્કર્મ કરવા જોઈએ. તેમણે સાથે ધ્યાન અને ભક્તિનું મહત્ત્વ પણ જણાવ્યું. આત્મા વિશે વાત કરતા તેમને આગળ જણાવ્યું કે આ આત્માને ઇન્દ્રિયોથી પામી શકાતો નથી પરંતુ તેને કારણે ઇન્દ્રિયો તે સિવાયની અન્ય બાબતો પામી શકે છે.

અંધ ધૃતરાષ્ટ્રને સમજાવતાં સમજાવતાં અહીં સનત ઋષિ મુક્તિ માટે આત્માની અનુભૂતિની વાત કરે છે તો સાથે સાથે સામાજિક માટે સૌહાર્દ જળવાઈ રહે તે માટે શાંતિનું મહત્ત્વ પણ સમજાવે છે. શાંતિ માટે જરૂરી કહી શકાય તેવાં ક્ષમા, કરુણા, વિવેક, સહનશીલતા તથા વ્યાપક ભાવના જેવાં ગુણના મહત્ત્વની વાત કરે છે. અહીં તત્ત્વજ્ઞાનની સાથે સાથે રાજધર્મનું વિવરણ પણ જોવા મળે છે. શરીર અને આત્માનો ભેદ સમજાવતાં સમજાવતાં અહીં પ્રજાનાં હિતની પણ વાત કરાઈ છે. અહીં સૃષ્ટિમાં પ્રવર્તમાન વ્યાપક બ્રહ્મની સમજણ આપવાં સાથે વ્યક્તિગત ધર્મની ભૂમિકા પણ સ્થાપિત કરાઈ છે. સાથે અહીં એ પણ વાત સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો છે કે ધર્મ માટે જો યુદ્ધની આવશ્યકતા હોય તો તેનો સ્વીકાર કરવો જોઈએ પણ સાથે સાથે દયા, ક્ષમા અને વિનયનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ.

સનત-સુજાતિયમાં આદર્શ છે અને વાસ્તવિકતા પણ છે, આધ્યાત્મિકતા છે અને વ્યવહાર પણ છે, શાશ્વત તત્ત્વજ્ઞાન છે અને સાંજોગીક સૂચન પણ, ભક્તિ પણ છે અને જ્ઞાન પણ છે, સમાવેશીય વિચારધારા છે અને વિશેષ ઉલ્લેખ પણ છે, આ લોકની વાત છે અને આ લોક ઉપરાંતની વાત પણ છે. સનત-સુજાતિય માનવ ઇતિહાસની એક એવી ઘટના છે કે જે શૂન્યથી અનંત સુધીનું, કણથી બ્રહ્માંડ સુધીનું, આત્માથી પરમાત્મા સુધીનું જ્ઞાન વાત વાતમાં આપી દે છે. સનત-સુજાતિયનો સંદેશ સમગ્ર માનવજાત માટે છે, કાયમ માટેનો છે, સ્થળ અને સમયના પરિમાણથી મુક્ત છે, દરેક સંસ્કૃતિ માટે સાર્થક છે. ભૌતિક આકર્ષણ સામે સંયમનું મહત્ત્વ અહીં સમજાવવામાં આવ્યું છે. અનૈતિકતા સામે વિવેકની વાત અહીં કરવામાં આવી છે. શરીરની અપેક્ષાએ અહીં આત્માને મહત્વ અપાયું છે. સામાજિક તેમજ કૌટુંબિક સમીકરણ કરતાં વૈશ્વિક શાંતિને સ્થાપવાની અહીં વાત છે. અહીં એ પણ જણાવાયું છે કે સાચો વિજય પોતાના અહંકાર અને સ્વાર્થ પરનો વિજય હોય. તે પછી પણ મહાભારતનું યુદ્ધ લડાયું તેથી એમ જણાય છે કે ધૃતરાષ્ટ્ર માટે આ માત્ર માહિતી બની રહી, તેને જીવનમાં કે વર્તનમાં ઉતારવાની જરૂર તે મને ન જણાઈ. કોઈપણ જ્ઞાન, જ્ઞાનનું સ્વરૂપ ત્યારે જ પામે જ્યારે તેનું અમલીકરણ શરૂ થાય, ત્યાં સુધી તો તે માત્ર જાણકારી જ બની રહે. શાસ્ત્રમાં જાણકારી તો ઘણી હોય છે પરંતુ તે જ્ઞાન ત્યારે જ બની શકે જ્યારે તે જીવન સાથે, જિંદગી સાથે જોડાય. ■

# શિક્ષક કેવો હોવો જોઈએ? તેનામાં પંચશીલ હોવાં જોઈએ...



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



ઉપસ્થિત શિક્ષક ભાઈઓ-બહેનોને વંદન. સૌને હૃદયથી આવકારું છું. શિક્ષક કેવો હોવો જોઈએ? તેનામાં પંચશીલ હોવાં જોઈએ. આપણા સમર્થ વિચારક શિબિર કરતા તેમાં પંચશીલ શબ્દ વપરાતો. પંચશીલ આપણે ત્યાં બૌદ્ધકાલીન શબ્દ છે.

**गुरगृह गए पढन रघुराई ।**
**अलप काल विद्या सब आई ।**

એક ઝેન કથાનું દ્રષ્ટાંત યાદ આવે છે. જાપાનમાં ઝેન પંથ અને તેમાં એવો નિયમ કે શિક્ષક થવા માટે ઘણાં વર્ષો સુધી એક મોટા શિક્ષક પાસે, ઝેન ગુરુ પાસે રહેવું પડે, પછી જ વ્યક્તિ શિક્ષક બની શકતો. જાપાનના એક યુવાનને પણ એવી ઈચ્છા કે તે શિક્ષક બને, અને એક સફળ શિક્ષક બને. તે જાણતો હતો કે શિક્ષક બનવા માટે કેવી કેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. ઉત્સાહી યુવક જાય છે એક ઝેન ગુરુ પાસે.

વાતાવરણમાં આજે વધુ ભીનાશ હતી. સવારથી ખૂબ વરસાદ પડી રહ્યો છે. એ સમયે વાહનવ્યવહારના વિશેષ સાધનો ન હતાં, ક્યાંય પણ જવું હોય તો મોટે ભાગે ચાલીને જ જવું પડતું. યુવકના હાથમાં છત્રી છે. વસ્ત્રો ભીના ન થાય, પલળી ન જાય તેની કાળજી રાખતો રાખતો પહોંચે છે ગુરુ પાસે. જે ઓરડામાં ગુરુ બેઠા છે તેની બહાર થોડે દૂર ચપ્પલ કાઢે છે, છત્રી મૂકે છે અને વરસાદથી ભીના થયેલા પગ સાફ કરી ગુરુના ઓરડામાં પ્રવેશ કરે છે. યુવક આજે બહુ ઉત્સાહમાં છે. જાતભાતના મનોભાવો તેના મનમાં ઊઠે છે. મને ગુરુ સ્વીકારશે? દીક્ષા આપશે? હું નિયમો નિભાવી શકીશ? આવા અનેક વિચારો સાથે ગુરુ પાસે જાય છે.

ઝેન ગુરુ પાસે પહોંચીને પ્રણામ કરે છે. શાંત મુદ્રામાં બેઠેલા ગુરુએ સ્મિત સાથે યુવકને આંખોથી આવકાર આપ્યો છે. નજીક જાય છે એટલે ગુરુએ તેને એટલું જ પૂછ્યું કે 'યુવક, તું અંદર આવ્યો ત્યારે તારી છત્રી તેં કઈ તરફ મૂકી છે? જમણી કે ડાબી તરફ?' યુવાન મૂંઝાયો છે, કારણ કે છત્રી તેને કઈ તરફ મૂકી હતી તે ભૂલી ગયો હતો ! ગુરુએ એટલું જ કહ્યું કે 'સાધક, તને તૈયાર થવામાં હજી બીજાં દસ વર્ષ લાગશે...'

મારાં શ્રોતા ભાઈ-બહેનો, હું પણ એક શિક્ષક રહ્યો છું. આપને મળવાનો આનંદ છે. શિક્ષકમાં પંચશીલ હોવાં જોઈએ. શિક્ષકમાં ચોકસાઈ હોવી જોઈએ. શિક્ષકની ચોકસાઈ એ તેનું પહેલું શીલ છે. એક શીલ છે લાયકાત. ડિગ્રી મળે એટલે લાયકાત મળી ગઈ એમ ન માનવું. પાંડુરંગ દાદા કહેતા કે, ડિગ્રી મહત્ત્વની નથી, વૃત્તિ મહત્ત્વની છે. એક મહાત્મા બેઠા હતા તેમની પાસે એક માણસ ગયો. તેણે કહ્યું, આપ જે કોઈ આપની પાસે કંઈ પણ માગે છે તો બધું જ આપો છો. તે માણસે કહ્યું મને સ્વર્ગમાંથી સફરજન લાવી આપો. બન્યું એવું કે તે મહાત્મા પાસે કુદરતી જ એક સફરજન પડ્યું હતું. તે આપ્યું. પેલો માણસ કહે આ તો અડધું બગડેલું છે. ત્યારે મહાત્માએ કહ્યું, ઈશ્વર માગણી મુજબ નથી આપતો., લાયકાત મુજબ આપે છે. શિક્ષક નિવૃત્ત થતો જ નથી. તે પોતાના અનુભવોને વહેંચતો રહે છે. આપણી લાયકાતની ત્યારે કસોટી થાય છે.

ત્રીજું શીલ છે, શિક્ષક ક્ષમાશીલ હોવો જોઈએ. અત્યારે બાળકને ઊઠ-બેસ કરાવવાનો સમય નથી, તેનાં પગમાં ઘૂંઘરું પહેરાવી નૃત્ય કરાવવાનો છે. તેના પગમાં બેડી નહીં, ઘૂંઘરું બાંધવા જોઈએ. જે દિવસે શિક્ષણમાં બાળકનાં પગમાં બેડીને બદલે ઘૂંઘરું બંધાશે તે દિવસે સરસ્વતી તે સમારંભમાં જાતે વીણા વગાડતાં હશે! રામાયણમાં આખી શિક્ષણ નીતિ છે. આખી શિક્ષણ નીતિ એક પંક્તિમાં છે- ચાતક કોકિલ કીર ચકોરા... ચાતક પક્ષી પ્યારું હોય છે. બાળક ચાતક જેવું બને, તેને જાણવાની પ્યાસ થાય. આપણા વર્ગનો વિદ્યાર્થી ટહુકો કરતો હોવો જોઈએ. કીર એટલે પોપટ. તે ઈશ્વરના નામનું સ્મરણ કરે. તે કોઈ પણ ધર્મનો હોય, તે પ્રભુનું સ્મરણ કરતો હોવો જોઈએ. ચકોર પક્ષીને ચન્દ્ર સાથે પ્રીત છે. તેનું લક્ષ્ય ચંદ્ર છે. આપણું લક્ષ્ય ઊંચું હોવું જોઈએ. બાળક પ્યાસું હોય, ટહુકા કરતું હોય. તે પ્રભુ સ્મરણ કરતું હોય, તેનું લક્ષ્ય ઊંચું હોય, પણ પાંચમું પક્ષી છે- મોર. નાચત કલ મોરા... આપણા વર્ગનું બાળક નૃત્ય કરતું હોવું જોઈએ. એક શિક્ષક તરીકે આમાંથી કંઈ પણ ન કરાવી શક્યા હોઈએ તો પણ તેણે બાળકને દંડ નથી આપવાનો. શિક્ષક ક્ષમાશીલ હોવો જોઈએ.

ચોથું શીલ છે વિદ્યાર્થીની જિજ્ઞાસાને પ્રગટ કરવી. તેની બુઝાયેલી મીણબત્તીને આપણી ચેતના દ્વારા પ્રજ્વલિત કરવી. સાચો વિદ્યાર્થી વિચારતો હોવો જોઈએ. તેને જિજ્ઞાસા થવી જોઈએ. શિક્ષક પ્રમાદી નહીં હોય તો બાળક પણ પ્રમાદી નહીં થાય, આળસી નહીં થાય બહુ મોટી મોટી વાતો કરવાને બદલે આપણે બાળકના આશ્ચર્યનું, આદર્શનું અને આનંદનું ધ્યાન રાખીએ. સોક્રેટીસ માને છે કે બાળકનો આનંદ અકબંધ રહેવો જોઈએ. એનો આનંદ શેમાં છે? રુચી શેમાં છે? તે આનંદ ટકવો જોઈએ. બાળકનો આનંદ જતો રહેશે તો તે દબાઈ જશે. તેનો બૌદ્ધિક વિકાસ જરૂરી છે; પણ તેનો વિકાસ થાય જ છે, તેની બુદ્ધિ ઉઘડતી જાય છે. મારી ને તમારી જવાબદારી છે કે તેનો બૌદ્ધિક વિકાસ તો કરવાનો જ છે, પરંતુ સાથો સાથ તેનું હૃદય વિશાળ બને તેનું પણ ધ્યાન રાખવાનું છે. બુદ્ધિ વિશાળ થશે અને હૃદય વિશાલ નહીં બને તો શું થશે ? સંશોધન જરૂરી છે પરંતુ મારે એટલું કહેવું છે કે બાળકનું આશ્ચર્ય ન છીનવાવું જોઈએ. એનું બાળપણ, ભોળપણ, શૈશવ કાયમ રહેવું જોઈએ. અને તે પ્રમાદી ન બને તેનું ધ્યાન રાખીએ તો આપણને શિક્ષક તરીકેના જીવનનો ઓડકાર આવશે.

પાંચમું શીલ છે-શિક્ષકે માત્ર વર્ગમાં જ ભણાવવાનું નથી, તેણે સમાજમાં જઈને પણ ભણાવવાનું છે. શિક્ષક બધાને મળતો હોવો જોઈએ. શિક્ષકે તેનું કાર્ય ગલી-ગલી, ઘેર-ઘેર, આંગણે-આંગણે લઇ જવાનું છે. બહુ જ પવિત્ર કામ આપણને ઈશ્વરે આપ્યું છે. શિક્ષકે કોઈ સાધના કરવાની જરૂર નથી. તેને સોંપાયેલું કામ તે નિષ્ઠાથી કરે તે જ તેની સાધના છે. શિક્ષકે વર્ગને સ્વર્ગ બનાવ્યો હશે તો સ્વર્ગ ઉપર શિક્ષકનો અબાધિત અધિકાર છે. જો વિદ્યાર્થી પોતાનાં પિતાને-માતાને મદદ ન કરી શકે, પોતાનાં શિક્ષક પ્રત્યે તેને અહોભાવ ન જાગે, તો ક્યાંક આપણે ચુક્યા છીએ તેમ સમજવું. મને ને તમને આનંદ હોવો જોઈએ કે હું માણસ છું. માનવ દાનવને હરાવી દે તો એ તેનો વિજય ગણાય, માનવ દેવ બની જાય તો ચમત્કાર થાય, પણ માનવ માનવ જ બની જાય તો ઈશ્વર પણ તેને બાથમાં લઇ લે! એમ શિક્ષક માત્ર શિક્ષક રહે તો આનંદ થાય. (સંકલનઃ જયદેવ માંકડ)■

# ચિત્તશુદ્ધિ વિના કુંડલિની જાગરણ થતું નથી

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

**૫. કુંડલિની જાગરણના ઉપાયો**

૧. કુંડલિની જાગરણનો સર્વશ્રેષ્ઠ ઉપાય તો ભગવત્કૃપા જ છે. અન્ય સાધનો કૂવાના પાણી જેવા છે, જ્યારે ભગવત્કૃપા અનરાધાર વર્ષાની હેલી સમાન છે. અન્ય સાધના કરવામાં આવે ત્યારે પણ સાધનાની સફળતાનો આધાર ભગવત્કૃપા પર જ છે. એટલે ઈશ્વપ્રણિધાન સર્વ સાધનોમાં શ્રેષ્ઠ અને સર્વ સાધનોના પાયારૂપ સાધન છે.

૨. ભક્તિમાર્ગના પથિકને ભાવ અને નામજપથી કુંડલિની જાગરણ થાય છે.

૩. જ્ઞાનમાર્ગના પ્રવાસીને વિચાર અને બ્રહ્મચિંતનથી કુંડલિની જાગરણ થાય છે.

૪. રાજયોગના સાધકને ધારણા-ધ્યાનના અભ્યાસથી આ સિદ્ધિ મળે છે.

૫. હઠયોગનો સાધક કુંડલિની જાગરણ માટે આસન, પ્રાણાયામ અને મુદ્રાઓનો અભ્યાસ કરે છે. એ માર્ગે પણ કુંડલિની જાગરણ થઈ શકે છે.

ગોરક્ષનાથ આદિ આચાર્યોએ કુંડલિની જાગરણ માટે આસન, પ્રાણાયામ અને મુદ્રાઓના અનેકવિધ હઠયૌગિક પ્રયોગો સૂચવેલા છે; એનો વિગતવાર વિચાર કરવાનું અહીં શક્ય નથી. એટલે અહીં આપણે માત્ર આટલા ઉલ્લેખથી જ સંતોષ માનીશું.

બધા સાધકોનું ધ્યાન કુંડલિની જાગરણ તરફ જ હોય છે કે હોવું જોઈએ એવું નથી. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ કે રાજયોગના પ્રતિકનું ધ્યાન કુંડલિની જાગરણ તરફ હોતું નથી. કુંડલિની જાગરણ તો તેમને માટે માર્ગ પર આવતી એક ઘટના છે. માત્ર હઠયોગમાં ખાસ કુંડલિની જાગરણ માટે સાધના પ્રયોજવામાં આવી છે. માર્ગ ગમે તે હોય, સાધકનું ધ્યાન કુંડલિની જાગરણ તરફ હોય કે ન હોય પણ અધ્યાત્મપથ પર ચાલનાર અને આગળ વધનાર સાધકના જીવનમાં કુંડલિની જાગરણની ઘટના કોઈને કોઈ સ્વરૂપે બને છે.

**૬. કુંડલિની જાગરણ વખતે, પહેલાં અને પછી ખ્યાલમાં રાખવાની સાવચેતીઓ**

૧. સાધકે પ્રથમથી જ શુદ્ધ સાત્ત્વિક આહાર રાખવો જોઈએ, લસણ, ડુંગળી, માંસ, મદિરા અને ધૂમ્રપાન ત્યાજ્ય છે. વધુ પડતાં તેલ, મરચાંનો ઉપયોગ ન કરવો. મિતાહાર આવશ્યક છે.

૨. ચિત્તશોધન માટે સાધકે સાત્ત્વિક આચાર અને સાત્ત્વિક વિચારનું પાલન કરવું જોઈએ અને સાત્ત્વિક વાતાવરણમાં રહેવું જોઈએ.

ચિત્તશુદ્ધિ વિના કુંડલિની જાગરણ થતું નથી અને થાય તો યોગને બદલે રોગનું કારણ બને છે.

૩. યોગમાર્ગના પ્રવાસી માટે કુંડલિની જાગરણ પહેલાં નાડીશોધન થવું અનિવાર્ય છે.

૪. સાધના, ખાસ કરીને યૌગિક ક્રિયાઓ ગુરુપદિષ્ટ માર્ગે યુક્ત પદ્ધતિથી કરવી જોઈએ. ગલત પદ્ધતિથી કરેલ યોગાભ્યાસ રોગ નોતરે છે.

૫. હઠયોગમાં કુંડલિની જાગરણ માટે કેટલાક તીવ્ર ઉપાયો યોજવામાં આવ્યા છે. આવા તીવ્ર અને કૃત્રિમ સાધનો પ્રયોજવામાં જોખમ છે. તેને બદલે સૌમ્ય અને સાત્ત્વિક સાધનો પસંદ કરવા યોગ્ય છે.

૬. કુંડલિની જાગરણની પ્રક્રિયા દરમિયાન નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે. બ્રહ્મચર્યનો ભંગ થાય તો પ્રાણશક્તિ તુરંત નીચે પાછી ફરે છે.

૭. કુંડલિની જાગરણ દરમિયાન શરીર-પ્રાણમાં અનેકવિધ ઘટનાઓ બને છે. સાધકે એનાથી ભયભીત ન થવું કારણ કે ભયથી પ્રાણશક્તિ પાછી ફરે છે.

૮. સતત ઈશ્વર-પ્રણિધાનનો ભાવ રાખવો. આખરે તો ભગવત્કૃપા જ સાચો સહારો છે, એવી શ્રદ્ધા રાખવી.

૯. માર્ગ પર થતી અનુભૂતિઓ પ્રત્યે તટસ્થભાવ રાખવો તેમાં રમમાણ ન રહેવું.

૧૦. જો ઉપરોક્ત બાબતોનો પ્રથમથી જ ખ્યાલ રાખવામાં આવે તો સાધકને કુંડલિની જાગરણ વખતે ખાસ મુશ્કેલી પડતી નથી; છતાં કોઈ બીમારી જેવું લાગે કે કષ્ટ થાય તો થોડા સમય પૂરતી યૌગિક ક્રિયાઓ બંધ રાખવી, શવાસનમાં સૂઈ રહેવું અને કુંભક વિના માત્ર રેચક-પૂરકનો અભ્યાસ કરવો. ભગવત્પ્રાર્થના કરવી. થોડા વખતમાં સારું થઈ જતાં ફરી અભ્યાસ ચાલુ કરવો.

૧૧. જો ખરેખર કુંડલિની જાગરણને કારણે બીમારી આવે તો ડૉક્ટર પાસે દોડવું નહિ. પરંતુ ઘણીવાર સાધકો અન્ય બીમારીને કુંડલિની જાગરણના લક્ષણો માની ચિકિત્સા કરતા નથી અને બીમારી ઘર કરી જાય છે. આવી ભ્રમણામાં રહી ચિકિત્સામાં શૈથિલ્ય કરવું નહિ.

કુંડલિની જાગરણને કારણે આવેલી બીમારીનાં લક્ષણો ઘણાં જુદા હોય છે. વળી, તેમાં કુંડલિની જાગરણના અન્ય લક્ષણો પણ ભળેલા હોય છે, જ્યાં અન્ય સામાન્ય બીમારીમાં કુંડલિની જાગરણના અન્ય કોઈ લક્ષણો હોતા નથી માત્ર બીમારી જ હોય છે. આના પરથી વિવેકી પુરુષ સમજી શકે કે બીમારી ખરેખર શું છે? આવે વખતે સદ્‌ગુરુનું માર્ગદર્શન અને ભગવત્કૃપા જ તારણોપાય છે.

૧૨. કુંડલિની જાગરણ આધ્યાત્મિક પ્રગતિનો અંત નથી, પરંતુ માત્ર સાચો પ્રારંભ છે એમ સમજવું.

૧૩. કુંડલિની જાગરણની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે લોકસંપર્ક અને સાધનેતર પ્રવૃત્તિઓ ખૂબ ઓછી રાખવી અને જરૂર લાગે તો સદંતર બંધ કરવી.

**૭. કેટલાક પારિતોષિક શબ્દો**

(૧) કંદ - યૌગિક ગ્રંથોમાં કંદનો ઉલ્લેખ મળે છે. કંદ એક અંડાકાર કે ગોળાકાર સુવર્ણ સમાન દેદીપ્યમાન અંગ છે. સૂક્ષ્મ શરીરનો ભાગ હોવાથી સ્થૂળ શરીરમાં જોઈ શકાય નહિ. આવા બે કંદ યૌગિક સાહિત્યમાં પ્રસિદ્ધ છે. નાભિ નીચેના ભાગમાં એક અંડાકાર કંદ છે, જે બધી નાડીઓનું ઉદ્‌ગમ સ્થાન છે. યોનિસ્થાનમાં પણ એક કંદ છે, જેને કામપીઠ કહે છે.

(૨) યોનિ અને લિંગ - યોનિ શક્તિવાચક અને લિંગ શિવવાચક છે. જેમાંથી નિર્માણ થાય તે યોનિ છે. ખાલી કે પાલી જગ્યાને યોનિ કહે છે. સિવનીમાં આવું એક યોનિસ્થાન છે, જે ત્રિકોણાકાર છે અને જેમાં કુંડલિની શક્તિ સ્થિત છે. લિંગ આંચળ જેવા ઉપસેલા ભાગને કહે છે. લિંગ બે છે. એક યોનિસ્થાનમાં અને બીજું આજ્ઞા ચક્રમાં.

(૩) ગ્રંથિ - અનાહત ચક્રને બ્રહ્મગ્રંથિ, વિશુદ્ધ ચક્રને વિષ્ણુગ્રંથિ અને આજ્ઞા ચક્રને રુદ્રગ્રંથિ કહે છે. આ ત્રણે ચક્રોનું ભેદન પ્રમાણમાં કઠિન હોવાથી તેમને ગ્રંથિ કહે છે.

(૪) ત્રિવેણી - ત્રણના મિલનને ત્રિવેણી કહે છે. ઈડા (ગંગા), પિંગલા (યમુના) અને સુષુમ્ણા (સરસ્વતી) મૂલાધાર ચક્રમાંથી છૂટી પડે છે તેથી તેને મુક્ત ત્રિવેણી કહે છે. આ ત્રણે ફરીથી આજ્ઞા ચક્રમાં મળે છે તેથી તેને મુક્ત ત્રિવેણી કહે છે.

(૫) મંડલ - યૌગિક પરંપરામાં સમગ્ર સુષુમ્ણા પથને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. આ ત્રણ વિસ્તારને યૌગિક પરિભાષામાં મંડલ કહેવામાં આવે છે. નાભિ અને તેની નીચેના પ્રદેશને યોનિમંડલ કહે છે, હૃદય પ્રદેશને વહ્નિ મંડલ કહે છે અને મસ્તકને સોમ મંડલ કહે છે.

(૬) ચંદ્ર, સૂર્ય અને અમૃતપાન - આપણે જોઈ ગયા છીએ કે ઈડાને ચંદ્ર અને પિંગલાને સૂર્ય કહેવામાં આવે છે. આ સિવાય એક બીજા અર્થમાં પણ આ શબ્દોનો ઉપયોગ થાય છે. યોગીઓ એમ માને છે કે નાભિ પ્રદેશમાં સૂર્ય અને મસ્તકમાં ચંદ્ર રહેલા છે. ચંદ્રમાંથી સતત સ્ત્રવતા અમૃતને નાભિસ્થ સૂર્ય ગ્રસી જાય છે. જો આ પ્રક્રિયા પલટી નાખવામાં આવે તો ચંદ્રમાંથી થતો અમૃતસ્ત્રાવ સાધકની અધ્યાત્મયાત્રામાં મૂલ્યવાન સહાય કરે છે. આ ક્રિયાને અમૃતપાન કહેવામાં આવે છે અને વિપરીતકરણીથી તે સિદ્ધ થાય છે.

યૌગિક પ્રક્રિયા સમજવામાં ઉપયોગી એવા; નાડી, ચક્ર, પ્રાણ, કુંડલિની વગેરે પારિભાષિક શબ્દોનો આપણે વિગતે વિચાર કર્યો હોવાથી અહીં પુનરાવર્તન કરવાનું આવશ્યક નથી.

યોગમાં આવતા આ બધા પારિભાષિક શબ્દોને તેમના સ્થૂળ અર્થમાં સમજવાના નથી. યૌગિક અનુભૂતિઓ અને સૂક્ષ્મદર્શનોને સમજવા માટે આપણી પાસે ભાષા નથી. તેમને અભિવ્યક્ત કરવા માટે પણ લૌકિક ભાષા જ વાપરવી પડે છે, પરંતુ શબ્દોના અર્થ લૌકિક ન રહેતાં કંઈક બીજા જ અર્થ તરફ તેઓ સંકેત કરે છે. વળી, આ વર્ણન ભાષા દ્વારા હંમેશાં અધૂરું રહેવાનું. શબ્દો માત્ર ઈશારા જ કરે છે, માત્ર સંકેતો જ છે, એમ સમજવું જોઈએ. (ક્રમશઃ)■

## અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# જાગો રે સહુના આતમ રામ..



અત્યારે સમગ્ર વિશ્વની માનવ જાત એવા સમયગાળામાંથી પસાર થઈ રહી છે કે જેમાં ચારે ચાર જુગનો અનુભવ થતો રહે. કોઈપણ મનુષ્ય પોતાના જીવનકાળમાં જ સત્યયુગ, દ્વાપર યુગ,ત્રેતાયુગ અને કળિયુગનો અનુભવ કરી શકે એવો સંધિકાળ ચાલી રહ્યો છે જેમાં આપણી પ્રાચીન પરંપરાઓનું અનુસંધાન પણ જળવાતું હોય અને અર્વાચીન- અદ્યતન પ્રવાહોથી પણ વાકેફ હોય. છેલ્લા દસકામાં કેટલાક વૈજ્ઞાનિક આવિષ્કારોને કારણે મનુષ્યજીવન અતિ સુખ સુવિધાભર્યું બન્યું છે. હાથમાં ઈન્ટરનેટ કનેકશન સાથેનો આઈફોન કે સ્માર્ટફોન ૬૦ ટકા જેટલી પ્રજા પાસે પહોંચ્યો છે. જે ઘરમાં બેસીને કે જંગલમાં ફરતાં ફરતાં જગતના ખૂણે ખૂણા સુધી લાઈવ પ્રસારણ કે મોઢામોઢ વાત કરી શકે છે. સંસારમાં જીવનમાં ક્ષણેક્ષણે અવનવાં પરિવર્તનો આવતાં રહે છે ત્યારે કાં તો જે ધર્મ, ભક્તિ, અધ્યાત્મ, દાનવીરતા, શૌર્ય, સેવામાં જે રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ગોરખ, કબીર, નરસિંહ, મીરાંની જેમ સૌથી ટોચ પર પહોંચી શક્યા હોય અથવા તો જે હિરણ્યકશિપુ, રાવણ, કંસ, દુર્યોધન જેવું નિમ્નતર કક્ષાનું જીવતર જીવતા હોય એની સંસાર પર સારી કે નરસી છાપ કાયમ અંકિત થતી રહે છે.

વચલા વાંધાના કહીએ એનું કોઈ જ સ્થાન સમયના કે સંસારના ઈતિહાસમાં ક્યારેય હોતું નથી. એની સાથોસાથ ‘સમય સમય બલવાન હે, નહીં પુરૂષ બલવાન, કાબે અર્જુન લૂંટિયો, એહિ ધનુષ એહિ બાન.’ જેવી પંક્તિઓ પણ કાળદેવતાની લીલા માટે ગવાતી રહે છે. સમયની રેત પર એના જ હસ્તાક્ષર ટકી રહે છે-શાશ્વત રહે છે જે જગતથી જુદેરૂં જીવતર જીવી ગયા હોય, જે પોતાની આગવી કેડી કંડારી ગયા હોય, જે પોતાના અંગત સ્વાર્થ માટે ન જીવ્યા હોય પણ સમસ્ત માનવ જાતના કલ્યાણ માટે જીવન સાધના કરી ગયા હોય.

દરેક વ્યક્તિના જીવનમાં કોઈપણ વ્યક્તિ, વિષય, જીવનવિચાર કે સ્થાન વિશેની ઉચ્ચાવચતા બદલાતી રહેતી હોય છે. આજે એક વ્યક્તિનું કે વિષયનું મહત્ત્વ સર્વાધિક હોય પણ સમય બદલાયે એ તન ગૌણ બની જાય. એની પાછળ વ્યક્તિના પોતાનાં સ્વાર્થ, લાલચ,ગમા-અણગમા, ઈર્ષ્યા, અદેખાઈ જેવાં અનેક તત્ત્વો કામ કરતા હોય. ક્યારે, કોને, કેટલું મહત્ત્વ આપવું? કોને પ્રાધાન્ય આપવું? કોને તરછોડવા? કોને અપનાવવા? કોના પ્રત્યે દંભ કે દેખાડો કરીને પણ ખોટા આદર-માન આપી વખાણ કરવા... આ બધી લુચ્ચાઈ પૂર્વકની ગણતરીઓમાં જ આજનો મનુષ્ય અટવાતો રહે છે. એક સમયે જે પોતાના જીવનનો આધાર હોય, જીવનનો આદર્શ હોય, જેણે આ સમાજમાં પોતાને સ્થાન-માન યશ અપાવ્યાં હોય તેને જ એ બધી પ્રાપ્તિ પછી તુચ્છ ગણીને એની અવહેલના કરવી એ આજના મનુષ્યનું ધ્યેય બની ગયું હોય એમ લાગે છે. નીસરણીના પહેલા પગથિયાંનું મૂલ્ય શું છે એ અગાશી પર પહોંચીને વિરાટ વિશ્વ નિરખનાર જો ભૂલી જાય તો એની દશા ત્રિશંકુ જેવી થઈ જાય, પણ એ અત્યારે યાદ નથી આવતું.

ભારતીય ચિંતનધારામાં તો ઋણસ્વીકારને સૌથી મોટો ગુણ ગણવામાં આવે છે. ‘હમને ઉસકા અનાજ ખાયા..’ એમ કહીને સાવ અજાણ્યાની વહારે ચડીને શહાદત વોરનારી એક પેઢી ધીરે ધીરે નામશેષ થઈ રહી છે. તો લોકજીવનમાં ‘કાંટો કાઢ્યાનો ગણ કોઈ દિ’ ભૂલાય નહીં...’ એવાં વાક્યો પણ સાંભળવા મળે મળે પણ આચરણમાં નહીં.

પોતાની જાત વિશે, પોતાના અભ્યાસ, જાણકારી કે જ્ઞાન વિશે અતિમૂલ્યાંકનમાં રાચતા આજના યુવાનો જાહેર પ્રચાર-પ્રસારનાં માધ્યમોમાં મળતી વાહવાહોને કારણે પોતાને સિદ્ધહસ્ત સર્જક માનવા લાગે ત્યારે બે ઘડી પાછા વળીને જોવાનો- આપણી સમૃદ્ધ-દિવ્ય-ભવ્ય-પવિત્ર પરંપરાનો ઈતિહાસ જાણવાનો પ્રયાસ એમણે કરવો જોઈએ એવી વિનંતિ કરવાની ઈચ્છા થઈ આવે છે. બે ઘડી એની પીઠ થાબડનારા ટોળાંને તો કશી જ પરવા નથી હોતી. આ સમગ્ર જગતની અબજોની વસતિ કે ભારતના કરોડોની વસતિમાંથી આપણને બે-પાંચ હજાર માણસો નામથી ઓળખતા હોય એથી બહુ હરખાઈ જવાની જરૂર નથી, એમાંથી કેટલાની સાથે આપણો આત્મિય-નિર્મળ- નિસ્વાર્થ-નિર્ભેળ સ્નેહ સંબંધ છે એનું મહત્ત્વ જાણી લેવું જોઈએ. પાંચ-પચીસ વ્યક્તિ આપણા વખાણ કરે કે તુરત જ ‘હું હોઉં તો હોઉં...’ એવી ભ્રમણાનો શિકાર બની જતાં વાર નથી લાગતી. ને પછી તો એ માન્યતાને પંપાળનારાનો તોટો નથી હોતો. કારણ કે એવી વ્યક્તિઓને પોતાના સ્વાર્થ માટે - એક સાધન તરીકે આપણો ઉપયોગ કરવાની નેમ હોય છે.

આજના સરેરાશ મનુષ્યનું જીવન સતત તાણમાં રહેતું હોય એવું અનુભવાય છે. સમાચારપત્રો, ટીવી, રેડિયો, મોબાઈલ-ફોન, કોમ્પ્યુટર-નેટ અને પ્રચાર-પ્રસારના સામાજિક માધ્યમોમાંથી જોવા- સાંભળવા-વાંચવા મળતી બહુધા સામગ્રી તો એ તાણને વધારવાની કોશીશ કરતી હોય એવું જ લાગે. સોશ્યલ મીડિયાએ એવું અને એટલું આક્રમણ આપણા દૈનિક જીવતર પર કર્યું છે કે સવારમાં આંખ ખૂલે કે આપણા ચિત્તનો કબજો લઈ લે. ને છેક મોડી રાત્રિ સુધી એ આપણા પર સવાર થયેલું હોય. આવા સમયમાં મનની તાણ હળવી કરવા સાહિત્ય, સંગીત, કલા કે અધ્યાત્મ સત્સંગ-ધ્યાન-સાધના જેવા ક્ષેત્રો આપણે ત્યાં હોવા છતાં અનેક માનવી પોતાની હતાશા કે નિરાશા ખંખેરવા એ દિશા તરફ ધ્યાન પણ નથી આપી શક્તા. એનું કારણ છે આપણો સંબંધ આપણા સંતોના અને ભક્તોના સાહિત્ય સાથે નથી રહ્યો. સમગ્ર વિશ્વનું સંચાલન કરનારા પરમાત્મા પ્રત્યે અતૂટ વિશ્વાસ નથી જાગ્યો. અને શરણાગતિ જેવી કોઈ ભૂમિકાને આપણે નથી જાણતા. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની પાતળી ભેદરેખા વટાવીને શ્રદ્ધાને નામે એક વ્યક્તિ ઊંચા અવાજે જાહેરમાં કે સમૂહ માધ્યમોમાં પોતાના અંગત સ્વાર્થ કે અહંકારવશ સાચો-ખોટો અભિપ્રાય વ્યક્ત કરે એટલે એની પાછળ લોકોનો મોટો સમુદાય ઘેટાંનું ટોળું થઈ હા જી હા કરવા, આંખે પાટા બાંધીને જયજયકાર કરવા નીકળી પડે, ધર્મના નામે, પંથ-સંપ્રદાયના નામે, પ્રદેશ, ભાષા, વિચારધારા, પક્ષ, જ્ઞાતિ-જાતિના નામે ચોક્કસ એજન્ડા લઈને એજન્સીઓના પ્રચાર-પ્રસારની જાળમાં કહેવાતા બૌધિકો પણ ફસાતા રહે છે ત્યારે વ્યક્તિગત ચિંતન અને સામુહિક ચિંતન વચ્ચેની ખાઈ વિસ્તરતી રહે, જગતભરની માનવજાતિમાંથી સંતુલન-સમતોલનનો ગુણ ઓછો થતો જાય છે એવું સતત અનુભવાય છે...... ■

## ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# ધાર્મિક ક્રિયાઓમાં નિઃસ્વાર્થભાવ



ગત અંકમાં આહારના વિવેકને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ ધાર્મિક વિધિવિધાનોમાં ભાવશુદ્ધિને ઉજાગર કરી રહ્યા છે તેને સમજીએ.

પહેલાના સમયમાં, એક રાજાના મહેલમાં એક નવો નોકર આવ્યો. રાજાએ તેને પૂછ્યું કે ‘તારું નામ શું છે?’ નોકરે જવાબ આપ્યો, ‘મારા સ્વામી, તમે મને જે પણ નામથી બોલાવશો, તે જ મારું નામ રહેશે.’ પછી રાજાએ પૂછ્યું કે ‘તું શું ખાવા માગે છે?’ નોકરે કહ્યું કે તમે મને જે ખાવા માટે આપશો તે જ હું ખાઈશ. રાજાએ આગળનો પ્રશ્ન પૂછ્યો, ‘તને કેવા કપડાં પહેરવા ગમે છે?’ નોકરે કહ્યું, ‘હે રાજા, તમે મને જે પણ કપડાં આપશો, હું તે ખુશીથી પહેરીશ.’ રાજાએ પૂછ્યું કે, ‘તું કયા કાર્યો કરવા માગે છે?’ નોકરે જવાબ આપ્યો કે, ‘તમે જે કંઈ પણ કામ કરવાનું કહેશો તે હું કરીશ.’ રાજાએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો, ‘તારી ઇચ્છા શું છે?’ નોકરે કહ્યું, ‘મહારાજ, નોકરને કોઈ ઇચ્છા હોતી નથી. માલિક જે રીતે રાખે છે તે રીતે જીવવું પડે છે.’ આ જવાબ સાંભળીને રાજા ખૂબ ખુશ થયો.

અહીં એક બહુ જ મોટો સિદ્ધાંત નોકરે બતાવી દીધો. રાજાએ વિચાર્યું કે ભગવાનની આગળ તો આપણે બધા જ સેવક છીએ. મંદિરોમાં કે ઉત્સવોમાં આપણે જે કંઈ વિધિવિધાનો કે ધાર્મિક અનુષ્ઠાનો કરીએ છીએ ત્યારે આ સેવકભાવ રહે છે ખરો? તેમાં તો માત્ર આપણી કીર્તિ અને પ્રતિષ્ઠા જ મોખરે હોય છે. જો આપણે કોઈ ધાર્મિક ક્રિયા કે ભક્તિ કરીએ તેમાં આપણે ભગવાન સમક્ષ કોઈપણ પ્રકારની અન્ય ઇચ્છા કે મહત્ત્વાકાંક્ષા ન રાખવી જોઈએ. રાજાએ નોકરનો આભાર માનતા કહ્યું કે, તે મને સમજાવ્યું કે ભગવાનનો સેવક કેવો હોવો જોઈએ?

આ પરથી આપણને ખ્યાલ આવે કે ભગવાનની પૂજા, ભક્તિ કે કોઈ ધાર્મિક ક્રિયા કરતી વખતે તેમની સામે કોઈપણ પ્રકારની શરતો કે લૌકિક ઇચ્છા ન રાખવી જોઈએ. તે હંમેશાં નિઃસ્વાર્થભાવે કરવી જોઈએ. નિઃસ્વાર્થભાવ એટલે કોઈપણ કાર્ય માત્ર આદર, શ્રદ્ધા અને પ્રેમના આધારે કરવું જોઈએ. કંઇક પ્રાપ્ત કરવાની ઈચ્છા, સુખ મેળવવાની ઇચ્છા, દ્રવ્યલાભ, કોઈ સ્વાર્થ, હેતુ કે બદલામાં કંઈપણ અપેક્ષા રાખ્યા વિના, ફક્ત ને ફક્ત સેવા અને પ્રેમની ભાવનાથી જ ધાર્મિક ક્રિયાઓ કરવી જોઈએ. ધર્મ, ભક્તિ, પૂજા, દાન, યજ્ઞ અને અન્ય ધાર્મિક ક્રિયાઓ ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે તે સ્વાર્થ વિમુક્ત હોય.

સ્વામી વિવેકાનંદ કહે છે- ‘પરમેશ્વર માટે જે કર્મ કરવામાં આવે છે, તેમાં સ્વાર્થ, ઇચ્છા અને ધાર્મિક ખ્યાતિનો અભાવ હોવો જોઈએ. તે જ સાચી ભક્તિ છે.’ હા, નિઃસ્વાર્થ સેવા એ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, જે સુધારણા અને વિકાસ તરફ દોરી જાય છે.

એક દિવસ રાજા ભોજે સ્વપ્નમાં એક ખૂબ જ તેજસ્વી વ્યક્તિ જોઈ. ભોજે તેમને પ્રણામ કર્યા અને પૂછ્યું - ‘મહાત્મા, તમે કોણ છો?’ તે વ્યક્તિએ કહ્યું- ‘રાજા, હું સત્ય છું અને તમારાં કાર્યોનો અસલી ચહેરો બતાવવા આવ્યો છું.’ મારી પાછળ આવો અને તમારા કાર્યોની વાસ્તવિકતા જુઓ. રાજા ભોજ તેની પાછળ ગયા. તે ખૂબ દાન, સત્કર્મ, યજ્ઞ, ઉપવાસ વગેરે કરતા હતા. તેણે ઘણા કુવા, તળાવ, વાવ, મંદિર, બગીચા વગેરે પણ બનાવડાવ્યા હતાં. આ કાર્યોને કારણે રાજાના મનમાં અભિમાન ઉત્પન્ન થયું હતું.

સત્ય રાજા ભોજને પોતાની સાથે પોતાની રચનાઓમાં લઈ ગયો. સત્ય ત્યાં પહોંચ્યો અને ઝાડને સ્પર્શ કર્યો કે તરત જ તે બધા એક પછી એક સૂકાઈ ગયા. બગીચાઓ ઉજ્જડ જમીનમાં ફેરવાઈ ગયા. આ જોઈને રાજા ભોજ આશ્ચર્યચકિત થઈ ગયા. આ પછી બંને મંદિર પહોંચ્યા. સત્યએ મંદિરને સ્પર્શ કરતાંની સાથે જ તે ખંડેરમાં ફેરવાઈ ગયું. તેવી જ રીતે, સત્યએ રાજા દ્વારા બનાવેલા સ્થળો અને વસ્તુઓને સ્પર્શતાની સાથે જ, તે બધા રાખમાં ફેરવાઈ ગયા. આ બધું જોઈને રાજા આશ્ચર્યચકિત થઈ ગયો.

તેણે પૂછ્યું- ‘આ બધું શું થઈ રહ્યું છે મહાત્મા?’ શું હું જે ક્રિયાઓ કરું છું તેનું કોઈ મહત્ત્વ નથી, કોઈ મૂલ્ય નથી? જવાબ હતો - ‘રાજા, ખ્યાતિની ઇચ્છાથી કરવામાં આવતાં કાર્યો ફક્ત અહંકારને સમર્થન આપે છે અને ફરજ પૂર્ણ કરતા નથી.’ જે કાર્યો નિઃસ્વાર્થપણે અને ફરજની ભાવનાથી કરવામાં આવે છે તે જ પુણ્ય સ્વરૂપે પરિણામ આપે છે. આટલું કહીને, સત્ય અદૃશ્ય થઈ ગયો.

મહંતસ્વામી મહારાજ અહીં સમજાવે છે કે ધાર્મિક ક્રિયાઓ ફક્ત ભગવાનને રાજી કરવાના ભાવથી જ કરવી જોઈએ તો નિઃસ્વાર્થભાવ સહેજે જ આવી જશે. ■

## વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# શું સનાતન ને હિન્દુ ધર્મમાં ભેદ છે?



છેલ્લાં કેટલાક સમયથી ભારતના રાજકારણમાં સનાતન ધર્મ તરફી અને વિરોધી વાતો થતી રહેતી હોય છે. છેલ્લ છેલ્લે મહારાષ્ટ્રના એક રાજકારણીએ તો ત્યાં સુધી કહી દીધું કે સનાતન ધર્મ અને હિન્દુ ધર્મ અલગ છે! ખેર, આપણે રાજકારણની વાત નથી કરવી. પણ આપણે એ જાણવાની કોશિશ જરૂર કરીએ કે શું ખરેખર સનાતન ધર્મ અને હિન્દુ ધર્મ અલગ છે?

આજે સનાતન ધર્મ માટે હિન્દુ ધર્મ નામ વધુ પ્રચલિત છે. આ ધર્મના અનુયાયીઓને હિન્દુ અથવા સનાતની કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં ફક્ત સનાતન ધર્મનો ઉલ્લેખ છે. હિન્દુ નામનો ઉપયોગ ખૂબ પાછળથી થયો. હિન્દુ ધર્મ અને સનાતન ધર્મ વચ્ચેનો તફાવત સમજવા માટે, આપણે બંને શબ્દોના અર્થ, મૂળ અને દાર્શનિક આધાર પર નજર નાખવાની જરૂર છે.

સનાતન ધર્મ શબ્દ સંસ્કૃતમાંથી આવ્યો છે અને તેનો અર્થ ‘શાશ્વત ધર્મ’ (સદાકાળ ટકી રહે તેવો ધર્મ) થાય છે. આવી સ્થિતિમાં, જો કોઈ સનાતન ધર્મમાં માને છે અથવા તેનું પાલન કરે છે, તો તેનો અર્થ એ છે કે તે જીવન જીવવાની ચોક્કસ રીતનું પાલન કરે છે. સનાતન શબ્દની ઉત્પત્તિ સનાતન ધર્મ જેટલી જ પ્રાચીન છે, એમ કહીએ તો ખોટું નહીં કહેવાય. પણ અહીં એક આડવાત, કે મહર્ષિ વ્યાસ રચિત નારદ પુરાણમાં મહર્ષિ સૂતજી, આપણે ઘણી કથાઓમાં જેમને સૂત પુરાણીના નામે જાણીએ છીએ, તેમણે બ્રહ્માજીના ચાર માનસ પુત્રોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં એકનું નામ છે સનાતન! આ વૈદિક ધર્મનું મુખ્ય સ્વરૂપ છે, જે વેદ, ઉપનિષદ, પુરાણો અને અન્ય પ્રાચીન ગ્રંથો પર આધારિત છે. તે જીવનના શાશ્વત નિયમો (જેમ કે કર્મ, ધર્મ, મોક્ષ) માં માને છે. તે એક વ્યાપક દાર્શનિક અને આધ્યાત્મિક માળખું છે જે વિવિધ સંપ્રદાયો, માન્યતાઓ અને પ્રથાઓને સમાવે છે. તેમાં એકેશ્વરવાદ, બહુદેવવાદ અને અદ્વૈતવાદ જેવી વિવિધ ફિલસૂફીનો સમાવેશ થાય છે. તે સમય અને અવકાશની બહારના શાશ્વત સત્યો, જેમ કે આત્મા, કર્મ, પુનર્જન્મ અને મોક્ષ પર ભાર મૂકે છે. ઉદાહરણ તરીકે વેદોમાં વર્ણવેલ યજ્ઞો, ઉપનિષદોમાં આત્મા અને ભગવાનનું દર્શન અને ભગવદ્ ગીતામાં કર્મયોગ એ સનાતન ધર્મના ભાગો છે.

હિન્દુ શબ્દ ફારસી શબ્દ છે, જેનો અર્થ સિંધુ નદીના તટ પર રહેતા લોકો થાય છે. હિન્દુ ધર્મ એ એક આધુનિક શબ્દ છે જે ભારતમાં પ્રચલિત વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રથાઓનો ઉલ્લેખ કરે છે. તે સનાતન ધર્મનું એક સામાજિક અને ઐતિહાસિક સ્વરૂપ છે, જે સમય જતાં વિકસિત થયું છે. આવી સ્થિતિમાં, જો કોઈ હિન્દુ ધર્મનું પાલન કરે છે, તો તે સનાતન ધર્મના સિદ્ધાંતોનું પાલન કરે છે, પરંતુ તેમાં સ્થાનિક પરંપરાઓ, રિવાજો અને પ્રાદેશિક માન્યતાઓનો પણ સમાવેશ થાય છે. આમાં મૂર્તિ પૂજા, મંદિર સંસ્કૃતિ અને તહેવારો (જેમકે દિવાળી, હોળી) મુખ્ય છે. તેને એક વ્યવસ્થિત ધર્મ તરીકે જોવામાં આવે છે, જેમાં વૈષ્ણવ, શૈવ અને શાક્ત જેવા સંપ્રદાયોનો સમાવેશ થાય છે. હિન્દુ એક ચોક્કસ ધર્મમાં માને છે, જેમાં અલગ અલગ દેવી-દેવતાઓ, રિવાજો અને પરંપરાઓ છે. ઉદાહરણ તરીકે, સનાતન ધર્મમાં મૂર્તિ પૂજા જરૂરી નથી, પરંતુ તે હિન્દુ ધર્મમાં સામાન્ય છે.

સનાતન ધર્મ એ હિન્દુ ધર્મનો મૂળભૂત દાર્શનિક પાયો છે. હિન્દુ ધર્મ એ સનાતન ધર્મનું એક સ્વરૂપ છે જે સમય જતાં સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિકાસ સાથે ઉભરી આવ્યું છે. તેથી મૂળભૂત રૂપે બંને એક છે. હિન્દુ ધર્મ અને સનાતન ધર્મ વચ્ચેનો તફાવત મુખ્યત્વે અભિગમ અને સંદર્ભનો છે. સરળ શબ્દોમાં કહીએ તો, સનાતન ધર્મ શાશ્વત અને દાર્શનિક સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે, જ્યારે હિન્દુ ધર્મ આ સિદ્ધાંતોનું સામાજિક અને સાંસ્કૃતિક સ્વરૂપ છે, જે ભારતની પરંપરાઓ અને રિવાજોથી સમૃદ્ધ છે.

જે સત્ય છે, જે કાલાતીત છે; તે શાશ્વત છે..!
જે સદા નૂતન છે, અને પુરાતન પણ છે; તે શાશ્વત છે..!

એ સાર્વભૌમિક સત્ય જે વિશ્વનું નિયમનકાર છે, જે હંમેશાં અસ્તિત્વમાં છે અને હંમેશાં અસ્તિત્વમાં રહેશે, તે શાશ્વત છે. તેનો કોઈ સ્થાપક કે પયગંબર નથી. તેના બદલે, સમગ્ર સૃષ્ટિના સ્થાપક અને નિયમનકાર પોતે ‘સનાતન’ છે. સનાતનનું જે વિશાળ છત્રછાયા હેઠળ સમગ્ર માનવતા એક સમયે અસ્તિત્વમાં હતી, તે આજે ફક્ત હિન્દુઓ સુધી સમેટાઈ ગઈ છે. આજના સમયમાં, સમગ્ર વિશ્વમાં ફક્ત હિન્દુ સમુદાય જ આ ‘શાશ્વત સત્ય’ (ધર્મ) માં માને છે; તેથી વ્યવહારમાં તેને હવે ‘હિન્દુ ધર્મ’ કહેવામાં આવે છે. ■

## આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# તમામ સુખ-સાહ્યબી હોવા છતાં તમે દુઃખી કેમ છો...?



માનવી જન્મથી લઈ મૃત્યુ સુધી માત્ર એક વસ્તુની પાછળ દોડે છે છતાં આજીવન તે આ વસ્તુ હાંસલ કરી શકવા અસમર્થ નીવડતો હોય છે તે વસ્તુ છે ‘સુખ!’

આ પૃથ્વી પર જેણે સંપૂર્ણ સુખનો રસાસ્વાદ માણ્યો હોય તેવી વ્યક્તિ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ મળવી મુશ્કેલ છે.

કોઈ વ્યક્તિને આપણે એવું કહેતા સાંભળી નથી કે, ‘હું સંપૂર્ણ સુખી છું!’

- આજુબાજુના બધા જ માણસો જેને સુખી કહેતા હોય તેને પણ જો પૂછીએ તો તે પોતાને સુખી કહેવડાવવા તૈયાર હોતો નથી. દરેકે દરેકને કોઈને કોઈ બાબતનું, કોઈને કોઈ વાતનું દુઃખ હોય છે, હોય જ છે અને હોય જ છે...!

* આવું શા માટે?

* શા માટે સુખની સંપૂર્ણ વ્યાખ્યા આપી શકાતી નથી?

- તો એ પ્રશ્નનો ઉત્તર આ લખનારના અનુભવ પ્રમાણે એક જ કારણ છે અને તે એ છે કે વધુને વધુ મેળવી લેવાની મનોવૃત્તિ, અપેક્ષા, મહત્ત્વાકાંક્ષા!

- ગાડી,

- બંગલા,

- નોકર-ચાકર જો મનુષ્યને સુખ અપાવી શકતું હોય તો આજનો આદમી આટલો બધો માનસિક અસંતોષી જોવા મળત ખરો?

* હવામાં વાતો કરતો,

* હોઠ ફફડાવતો,

* બેચેન રહેતા લોકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જવાનાં કારણોમાં એક મહત્ત્વનું કારણ દરેક વાતમાં અસંતોષી રહેવું છે, એવો એક અભ્યાસથી તારણ મળે છે.

* ઈશ્વર,

* અલ્લાહ,

* પ્રભુએ આપણને જે કાંઈ આપ્યું છે તે આપણી જરૂરિયાત કરતાં વધારે જ છે એવો જો માનસિક સંતોષ મેળવી શકીએ તો જ આપણે આપણી નજરમાં, સાચા અર્થમાં સુખી થઈ શકીએ. સુખ એ મનનું જ કારણ છે ને!

પ્રેરણાસ્ત્રોતઃ

* દુઃખ છે તો સુખની અનુભૂતિ કરી શકાય છે.

* એકલું સુખ જ હોય છે અને

* દુઃખ હોય જ નહીં

- તો જીવન જીવવા જેવું રહે ખરું?

બોધઃ

સુખ કે સબ સાથી,
દુઃખ મેં ના કોઈ,
મેરે રામ,
એક તેરા નામ સાચા,
દુજા ન કોઈ...!

- બને તેટલું પરોપકારનું કામ કરો.

- વાટના પથ્થર બનો.

- ઈશ્વર, અલ્લાહને તેના સાચા અર્થમાં અનુસરો, તેના પયગામને, સંદેશને વાગોળતા રહો.

- ધર્મ સંદેશને દિલો-દિમાગમાં વણી લો.

- અને હા! પોતાની જાતને કદી પણ છેતરશો નહીં.

* સચ્ચાઈ છૂપ નહીં શકતી બનાવટી ઉસૂલોસે,

- ખુશ્બૂ આ નહીં આ સકતી કાગઝ કે ફૂલોસે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# લખચોરાસી ન કેમ મીટે?



વાત તો સાચી જ છે, આત્માને ઓળખ્યા વિના લખચોરાસી ન મીટે, પરંતુ આત્માને ઓળખવો અઘરો નથી. જ્યારે ખબર છે કે આત્માનું અસ્તિત્વ છે, જ્યારે ખબર છે કે તેનું સ્થાન ક્યાં છે, જ્યારે ખબર છે કે તેને શોધવો અને પછી ઓળખવો જરૂરી છે, જ્યારે ખબર છે તેને કેવી રીતે ઓળખી શકાય, તેને ઓળખવાનાં પ્રયત્નમાં મદદરૂપ થવા માટે સદગુરુ - સંત પુરુષ તૈયાર હોય છે, ત્યારે આત્માને ઓળખી જ શકાય, પરિણામે લખચોરાસી મીટી શકે.

એમ પણ નથી કે આત્માની હયાતી માટે શ્રદ્ધા જરૂરી છે, તે તો વૈજ્ઞાનિક પ્રમાણથી સાબિત થયેલી બાબત છે. આત્માની હયાતી તો પ્રત્યક્ષ તેમ જ અનુમાન આધારિત પ્રક્રિયાથી સિદ્ધ થયેલી વાસ્તવિકતા છે. આત્માની હાજરી, આત્માનું અસ્તિત્વ કોઈપણ વિચારધારામાં અસ્વીકૃત નથી થયું. એક યા બીજાં સ્વરૂપે બધાંએ, બધી વિચારધારાએ, જ્ઞાનની પ્રત્યેક શાખાએ, જુદાં જુદાં પ્રમાણને આધારે આત્મા નામના સત્યને સ્વીકાર્યું જ છે. જે વસ્તુની સ્વીકૃતિ થઈ ચૂકી છે તેની પ્રતીતિ થઈ શકે. જે બાબત સત્ય તરીકે સ્થાપિત થઈ છે તે અનુભવમાં આવી શકે.

વળી, આત્માની પ્રકૃતિ માટે પણ ક્યાંય કોઈ સંશય નથી. બધાંએ એ સત્ય સ્વીકાર્યું છે કે તે શાશ્વત છે, અનશ્વર છે, અખંડ છે, પૂર્ણ છે, સત્ય સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્લેપ છે, તટસ્થ છે, કારણ છે, વ્યાપક છે, સર્વત્ર છે, અમર્ત્ય છે, નિર્વિકારી છે, મુક્ત છે અને મુક્તિદાતા છે. ગીતામાં જણાવાયું છે કે સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો અર્થાત 'હું સહુનાં હૃદયમાં રહું છું'. ઉપનિષદ પ્રમાણે હૃદયમાં રહેતાં, હૃદયમાં સ્થિત આ આત્માનું માપ હાથનાં અંગૂઠાના અગ્રભાગ સમાન છે. તે તેજ સ્વરૂપ છે. તે સુગંધ સ્વરૂપ છે. તે અવકાશ સ્વરૂપ છે અને તે રંગ-રૂપ વિનાનું અસ્તિત્વ છે.

આત્મા છે તે વાતની સ્વીકૃતિ થઈ હોય, આત્મા કેવો છે તે પણ જાણી ચુકાયું હોય અને તેના સ્થાન વિશે પણ જાણકારી હોય, તો પછી તેને શોધવામાં કોઈ અડચણ ન આવે. તેને સરળતાથી શોધી શકાય. ઘરમાંથી કોઈ વસ્તુ ખોવાઈ હોય, શું ખોવાયું છે તેની જાણકારી હોય, ખોવાયેલ વસ્તુના ગુણધર્મો વિશે ખબર હોય, તે ક્યાં ખોવાઈ છે, તે ક્યાં હોવાની સંભાવના છે તે વિશે પણ યોગ્ય તર્ક હોય, તો પછી શોધવાનું સહેલું પડે. માત્ર કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડે.

ખોવાયેલી વસ્તુ શોધવા માટે પ્રકાશ જરૂરી છે. આ પ્રકાશ જે દિશામાં નજર હોય તે જ દિશામાં જવો જોઈએ. પ્રકાશની દિશા અને માત્રા બંને યોગ્ય હોય તે જરૂરી છે. જે વસ્તુ ખોવાઈ છે તેને જ શોધવા માટેની એકાગ્રતા હોવી જોઈએ. શોધતી વખતે મન અહીંતહીં ભટકે તે ન ચાલે. સમગ્ર ધ્યાન તે વસ્તુને શોધવા માટે જ લાગેલું હોવું જોઈએ. બની શકે કે એક સ્થાને વારંવાર પણ શોધવું પડે અથવા તો એક સ્થાને શોધી લીધાં પછી ત્યાં ફરીથી જવાની જરૂર પણ ન હોય. વ્યક્તિએ કેટલી નિષ્ઠાથી શોધવાનો પ્રયત્ન કરેલો છે તેના પર આવી બાબતો નિર્ધારિત રહે. અર્થાત નિષ્ઠા જરૂરી છે. સાથે સાથે ખોવાયેલી વસ્તુના મહત્ત્વ વિશે જાણકારી હોવી જોઈએ. જેવું ખોવાયેલી વસ્તુ માટે, તેવું જ આત્મા માટે.

આત્માને જાણવા માનસિક નિયંત્રણ જરૂરી છે. આ માનસિક નિયંત્રણ યોગ્ય પ્રકારનું અને યોગ્ય દિશામાં હોવું જોઈએ. નિયંત્રણના મૂળ હેતુ સાથે સાત્વિકતા વણાયેલી હોવી જરૂરી છે. આત્માને જાણવા માટે ધ્યાન પણ એક અગત્યનું માધ્યમ છે. અહીં ધ્યાન અર્થાત એકાગ્રતા. ધ્યેય સ્થાપિત હોય, દ્રઢ ઈચ્છા શક્તિ હોય અને પ્રક્રિયા શાસ્ત્રીય હોય તો આત્માની પ્રતીતિ મુશ્કેલ નથી. અહીં પણ નિષ્ઠા જરૂરી છે. મન ભટકવું ન જોઈએ, આત્માને ઓળખવાની જરૂરિયાતનું મહત્ત્વ સમજાયેલું હોવું જોઈએ, સંભવિત પરિણામથી ઉદ્ભવનારી પવિત્ર સકારાત્મક પરિસ્થિતિ વિશે વિશ્વાસ હોવો જોઈએ અને એક પ્રકારની શ્રદ્ધાથી પ્રવાસ ચાલુ રહેવો જોઈએ, શોધ ચાલુ રહેવી જોઈએ. આત્મા મળે જ, આત્માની અનુભૂતિ થાય જ, આત્મા પરનાં આવરણ દૂર થતાં તે વાસ્તવિક સ્વરૂપે અનુભવાય.

પછી લખચોરાસી નહીં, કરોડ-ચોરાસી હોય તો પણ તે મીટી જાય. તે સિવાય છૂટકો નથી. તે સિવાય લખચોરાસી ન મીટે. આત્માને ઓળખવો જરૂરી છે. પરમાત્મા સાથેનું સંધાન જરૂરી છે. જીવનના વાસ્તવિક સ્વરૂપની જાણ થાય તે જરૂરી છે. સૃષ્ટિના સમીકરણમાં પોતાના અસ્તિત્વની સ્થિતિ સમજવી જરૂરી છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંબંધ જાણવો જરૂરી છે. આ બધું જ શક્ય બને. આ માટે ગુરુદેવની કૃપા જોઈએ. જાત અને ઈશ્વર પર શ્રદ્ધા હોવી જોઈએ.

શાસ્ત્રમાં જણાવાયેલ બાબતોની જાણકારી હોવી તો જરૂરી છે જ પણ આત્માને ઓળખવા માટે અહીં જણાવાયેલ પ્રક્રિયામાં પ્રયત્નશીલ રહેવાની તૈયારી હોવી જોઈએ. આ પ્રકારનાં અભ્યાસ માટે ધીરજ જરૂરી છે. વૈરાગ્ય માટે યથાર્થ જ્ઞાન જરૂરી છે. ધ્યાન માટે મનનું નિયંત્રણ જરૂરી છે. આ બધાં સાથે સંભવિત પરિણામની આધ્યાત્મિકતા માટે ગુરુ વચનમાં વિશ્વાસ પણ જરૂરી છે.

ગુરુ વચનમાં વિશ્વાસ રાખીને આગળ વધવાથી બધાં જ બંધન નાશ પામે. ગુરુની આજ્ઞા પ્રમાણે પ્રવાસ કરવાથી કોઈ મહા-અવતાર બાબાનાં દર્શન પણ થાય, તે અવતારી સિદ્ધની કરુણા દ્રષ્ટિ પણ આપણાં પર પડે, તે દ્રષ્ટિએ પામવાની ક્ષમતા પણ તે વખતે ગુરુદેવની કૃપાથી પ્રાપ્ત થઈ જાય, તત્કાળ જાણે બધાં જ સંશયો નાશ પામે અને આત્મા પરનાં બધાં જ આવરણ દૂર થતાં જ આત્માનાં પ્રકાશને અનુભવાય. પછી તો લખચોરાસીનું ચક્ર પણ અલોપ થઈ જાય. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# મૂલ્યોની માવજત કરતા દુહા



દુહા લખાયેલા હોય છે કોઈ પ્રસંગ સંદર્ભે, કોઈને ઉદેશીને, પણ એની અભિવ્યક્તિની કક્ષા સર્વકાલીન અને સર્વજનીન હોય છે. દુહાની આ વિશિષ્ટતા એને કાયમી જીવતું રાખનાર પરિબળ છે.

આશાજી રોહડિયાએ દાદવા પઠાણની સેવા, સમર્પણ અને નિસ્વાર્થવૃત્તિની દાનકર્મશીલ ભાવનાથી અભિભૂત થઈને રચેલા દુહાઓ આજે પણ પ્રસ્તુત જણાય છે. પોતે મુસ્લિમ હોઈ દેવીપુત્ર ચારણ આશાજી અને ઈસરદાસનું આતિથ્ય કરવાનું ટાણું સહજ રીતે પ્રાપ્ત થયું એનો આનંદ અનુભવીને મોઢામોઢ મેળાપ કરતો નથી. એને મનમાં એવું હતું કે મુસ્લિમ છું એવી ખબર પડશે. તો આતિથ્ય કરવાનો સહજ લાભ મળ્યો છે એ છીનવાઈ જશે. આવા નિહિત ભયથી સેવારત રહે છે. છેલ્લે આશાજીને ખબર પડી જાય છે કે આવા આશયથી દાદુખાન પઠાણ મળ્યો નહોતો. એવું જાણીને એમણે રચેલ દુહો જોઈએ.

**લોભીને લાખું તણાં, દેતો કરણ દાન;**
***તે દી પણધારી પઠાણ, દેશમાં નોતો દાદવા.***

હે દાદવા પઠાણ તારી પ્રતિજ્ઞા, જ્ઞાનવૃત્તિનું અસ્તિત્વ ન હતું ત્યારે દાનેશ્વરી કર્ણ લાખોનું દાન માગણહાર લોભીઓને કરતો. તું ત્યારે હોત તો જુદી અવસ્થિતિ હોત.

ચારણકવિ માત્ર દુહાઓ નથી રચતા પણ દુહાના માધ્યમથી સ્થાપિત અને સ્વિકૃત પ્રસંગ કે ઘટનાને પોતીકું આગવું પરિમાણ અર્પીને નૂતન અર્થઘટન કરે છે. કર્ણ પાસે માગવા આવેલ કંઈ દરિદ્ર ન્હોતાં. તેઓ પોતાના સ્વાર્થને વશ થઈને વિશેષ પ્રાપ્તિ માટે કશુંક મેળવવા આવતા. એટલે લોભીવૃત્તિના માગણ વ્યક્તિને કરણ લાખોનું દાન કરતો અને દાનેશ્વરી ગણાયો. પણ હે દાદવા તું તો સહજભાવે દાનશીલ વૃત્તિ દાખવે છે અને જ્યાં આવશ્યકતા જણાઈ ત્યાં અર્પણ-સમર્પણ કરે છે. કર્ણ પરત્વેના આશાજીના અર્થઘટનો આજે અવલોક્તા ભારે તાર્કિક જણાય છે. કર્ણ વિશેનું એક બીજું આગવું અર્થઘટન પ્રસ્તુત કરતો દુહો પણ આસ્વાદીએ.

***વરણ ન કવરણ હોય, (મર) કવરણ ઘર ઉછર્યો કરણ;***
***કોયલ કસદ ન હોય, (મર) દસદે પાળી દાદવા.***

કોઈપણ વર્ણ-જ્ઞાતિ ખરાબ કે નિમ્ન હોતી નથી. ભલે નિમ્ન, નીચલા વર્ણમાં-સમાજમાં એનો ઉછેર થયો જેમ કોયલનો ભલે કાગડા દ્વારા, એની પાસે ઉછેર થયો હોય છતાં કોયલની વાણી, વ્યવહાર, વર્તન અને અવાજ બદલાતા નથી. એમ હે દાદવા તું ભલે ઈતર જ્ઞાતિ, જાતિના ઘેર જન્મ્યો, ઉછેર પામ્યો, પણ તારા સંસ્કાર, તારી વૃત્તિ મહત્ત્વની છે.

દુહાઓ સમરસ સમાજ, સમભાવશીલ વ્યવહાર અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજ્જવળ બનાવનારા અને એનો મહિમા પ્રસ્તુત કરનારા જણાયા છે. બીજા એક દુહામાં સચ્ચાઈ અને મૂલ્યનિષ્ઠ વ્યવહારની મહત્તા મોતિયા નામના સેવકને ઉદ્દેશીને ગાઈ છે તેને સમજીએ-માણીએ.

**બોલે સાચા બોલ, કાચી ના યાદી કરે;**
***એ માણસનો તોલ, મેરુ પરમાણે મોતિયા.***

જે કોઈ માણસ સત્યવક્તા હોય, અને ખોટી રીતે કોઈની ખુશામત ન કરે એવા માણસનું મૂલ્ય મેરુપર્વત પ્રમાણે માનવાનું હોય. મોતીયા નામછાપથી મળતા દુહા મોતિયા નામના સેવક અને સન્મિત્ર સમાન એક વ્યક્તિને ઉદ્દેશીને કહેવાયાનું જયમલ્લભાઈ પરમારે મને એમની સાથેની વાતચીતમાં કહેલું. જે રીતે મેરુ પર્વત અડગ છે અને અખંડ છે એમ આવા અખંડ અને અટલ અચલ-અડગ માનવીનો મહિમા દુહા નિમિત્તે ગાયો જણાય છે. બીજા એક દુહો પણ આસ્વાદીએ.

**રાત દિવસ જો રામ, પઢીએ આઠે પહોર;**
***તારે કુટુંબ તમામ, મટે ચોરાશી મોતિયા.***


રાત દિવસ એટલે કે રાત્રીના અને દિવસના મળીને આઠે પ્રહર. ચોવીશ કલાક અહીં આપણી ભારતીય કાલગણના, સમયસંકલના નિરૂપાઈ છે. ઘડી, પળ અને પ્રહર. આવા આઠેય પ્રહર, અહર્નિશ, દિવસ-રાત રામભજન, રામજાપ કરતા હોય અને પોતે સ્વયં તો ખરા જ પણ એનું આખુ કુટુંબ મોક્ષ પામે અને ચોર્યાશીના ફેરામાંથી મુક્તિ મેળવે.

દુહાઓના માધ્યમથી રામભક્તિનો મહિમા અહીં આલેખાયો છે. મૂલ્યનિષ્ઠા, નામજાપ, પવિત્રજીવન ગાળવાનું ઉપદેશીને ભારતીય મૂલ્યોની માવજત કરતા આવા દુહાઓ આપણી ભાષાનું આભરણ-આભુષણ છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# પ્રભુ તમારા આશીર્વાદ અમને મળ્યા ને શિવગણ તરીકે કૈલાસ ખાતે સ્થાન મળ્યું એનાથી વિશેષ શું હોઈ શકે



(ગતાંકથી ચાલુ)

દેવર્ષિ નારદનો પ્રશ્ન હતો કે, 'પ્રભુ આ સૃષ્ટિને વિનાશથી કઈ રીતે બચાવી શકાય?' ભગવાન શિવે સમજાવતાં કહ્યું કે, 'સૃષ્ટિનું નિર્માણ અને વિનાશ તો સમયના કાળચક્ર પર નિરંતર ચાલતી પ્રક્રિયા છે, પણ હું મહાકાલ તમને વિશ્વાસ અપાવીશ કે જ્યાં સુધી પ્રાણીઓમાં ધર્મ અને ભક્તિનો અંશ શેષ રહેશે ત્યાં સુધી આ સૃષ્ટિ વિનાશથી સુરક્ષિત છે.' દેવર્ષિ નારદ અને દેવરાજને સમજાવતાં બ્રહ્માજીએ કહ્યું કે, 'ૐ નમઃ શિવાયઃ પંચાક્ષરી મંત્રના જાપ અને નિત્ય શિવપૂજન જ જીવનનું એકમાત્ર કર્મ હોવું જોઈએ.' ભગવાન શિવની આજ્ઞાથી શિવરાત્રી સંબંધિત વાર્તા સંભળાવતા દેવર્ષિ નારદ કહે છેઃ 'શિંગવેરપુરના જંગલમાં ગુરુ ધ્રુવ નામનો ભીલ શિકારી એક મૃગની પાછળ દોડતો હતો. મૃગની ગતિ વધુ હોવાથી તે મૃગને મારી ન શક્યો. તેણે વૃક્ષ પર ચઢી જાય છે અને વિચારે છે કે, મૃગ લાંબે ગયું નહીં હોય. છુપાયેલું મૃગ બહાર આવતાં શિકારી ગુરુ ધ્રુવે બાણ ચઢાવ્યું. મૃગે કહ્યું કે, 'મારી હત્યા ન કરો, પતિ અને બાળકો મારી રાહ જોતા હશે. મારા પર વિશ્વાસ કરો. હું એમને કહીને પરત આવું છું.' ગુરુ ધ્રુવઃ 'તું કહે છે કે એટલે હું તારા પર વિશ્વાસ કરું છું. જલદી જઈ પરત આવ.' બીલીપત્રના વૃક્ષ પર બેસેલો શિકારી ગુરુ ધ્રુવ મૃગની રાહ જોતાં જોતાં અજાણતાં બીલીપત્ર શિવલિંગ પર ફેંકવા લાગ્યો. એ જ સમયે એક બીજું મૃગ ત્યાંથી જઈ રહ્યું હતું. શિકારી ગુરુ ધ્રુવે ફરી બાણ ચઢાવ્યું, ફરી બીજા મૃગે કહ્યું, 'મારી હત્યા ન કરો, મારી બહેન આ જંગલમાં ખોવાઈ ગઈ છે એનો પતિ અને એના બાળકો એની રાહ જુએ છે એટલે હું એને શોધવા આવ્યો છું. મારી બહેન મળી જાય એટલે એના ઘરે મૂકી આવી હું તમારી પાસે પરત આવીશ.' તેણે કીધુંઃ 'જા તારા પર પણ વિશ્વાસ કરું છું, તારી બહેન મળી જાય એટલે તમે બંને પરત આવો હું અહીં જ તમારી રાહ જોઈશ.'ફરી શિકારી ગુરુ ધ્રુવ બંને મૃગની રાહ જોતાં જોતાં બીલીપત્ર તોડી નીચે શિવલિંગ પર ફેંકવા લાગ્યો. રાત વીતવા લાગી અને પ્રભાત થઈ. બંને મૃગ પાછા નહોતા આવ્યા, પણ તેણે જોયું કે હું તો બીલીપત્રના વૃક્ષ પર બેઠો છું અને બીલીપત્રનો મોટો ઢગલો ઉંચો થઈ ગયો છે. એ નીચે આવ્યો અને બીલીપત્રને હટાવતાં જોયું કે નીચે શિવલિંગ છે. એજ સમયે મૃગ પરિવાર ત્યાં આવી પહોંચે છે. પ્રથમ મૃગ કહે છે, 'હું મારા ભાઈ અને પરિવાર સાથે અહીં આવ્યા છીએ, તમે અમારો શિકાર કરી શકો છો.' શિકારી ગુરુ ધ્રુવ શિવલિંગને ચીટકીને રડવા માંડયો. એની દયા ભાવના ફુટી ફુટીને એના અશ્રુ રૂપે વહેવા માંડી.

* * *

શિવરાત્રીની પૂર્ણ રાત શિવલિંગ પર બીલીપત્ર ચઢાવી, પોતાના પાપનું પશ્ચાતાપ કરતા શિકારી ગુરુ ધ્રુવ પર પ્રસન્ન થયેલા ભગવાન શિવ ત્યાં પધારે છે અને કહે છે, 'ઉઠો ગુરુ ધ્રુવ, હું પ્રસન્ન છું, તમે પાપ અને આત્મગ્લાનીના બોજથી મુક્ત થયા છો, હું તમારો કાયાકલ્પ શિંગવેરપુરના રાજા તરીકે કરું છું. દ્વાપર યુગમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુના અવતારના પરમ મિત્ર તરીકે તમે અમર થશો અને કળિયુગમાં તમારી આ કથા જે સાંભળશે તેનું કલ્યાણ થશે.

ગુરુ ધ્રુવ અને તેનો પરિવાર ભગવાન શિવના આશિર્વાદ લે છે.

ગુરુ ધ્રુવઃ 'મહાદેવ આ મૃગ ભાઈ-બહેનના પરિવારને લીધે જ હું તમને પામી શક્યો છું. મારી સાધના માટે તેઓ નિમિત્ત માત્ર નથી. દેવાધિદેવ એમનું પણ કલ્યાણ કરો.'

ભગવાન શિવઃ 'જેવી તમારી ઈચ્છા ગુરુ ધ્રુવ.'

આટલું બોલતાં જ ભગવાન શિવના ત્રિશુળમાંથી એક પ્રકાશ નીકળી એ મૃગ ભાઈ-બહેનના પરિવાર પર પડે છે. પ્રકાશ પડતા જ એ મૃગ પરિવાર મૃગમાંથી માનવ બની જાય છે.

ભગવાન શિવઃ 'હે ગુરુ ધ્રુવ તમારી ઈચ્છા અને અન્યોનું કલ્યાણ કરવાની ઈચ્છા પ્રબળ હોવાથી આ મૃગ પરિવાર હવે પશુ યોનીમાંથી માનવ યોનીમાં પ્રવેશ્યું છે. હું તેમને મારા શિવગણોમાં સામેલ કરું છું આજથી તેઓ કૈલાસ પર નિવાસ કરશે. મૃગમાંથી માનવ બનેલું ભાઈ-બહેનનું પરિવાર ભગવાન શિવના આશીર્વાદ લે છે અને કહે છે, 'પ્રભુ તમારા આશીર્વાદ અમને મળ્યા અને શિવગણ તરીકે કૈલાસ ખાતે સ્થાન મળ્યું એનાથી વિશેષ શું હોઈ શકે.'

કૈલાસ આવેલા નવા સાથીઓને મળીને નંદી સહિતના શિવગણો આનંદિત થઈ જાય છે અને ઉત્સવ મનાવે છે. કૈલાસ ખાતે ઉત્સવનું વાતાવરણ યોજાતાં નંદી મહારાજ માતા પાર્વતીને વિનંતી કરે છે, 'હે માતા નવા શિવગણો કૈલાસ આવી પહોંચ્યા છે આ ઉત્સવમાં તમારા હાથની ખીર આરોગવા મળે તો અમે ધન્ય થઈ જઈએ.'

માતા પાર્વતી નંદી મહારાજના ઉત્સાહને ઓસરવા ન દેતાં તેમના હાથે ખીર બનાવે છે અને કૈલાસ ખાતે સમગ્ર શિવગણ ભગવાન શિવ સહિત માતા પાર્વતીના હાથની ખીર ખાઈની આનંદિત થાય છે.

* * *

કૈલાસ ખાતે આનંદિત વાતાવરણ વચ્ચે નણંદ અને ભોજાઈ એમ બે સ્ત્રીઓના સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડ્યા.

માતા પાર્વતીઃ 'સ્વામી ફરી બે સ્ત્રીનો સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડ્યો છે, શું આ બે સ્ત્રીઓ આસુરી વૃત્તિ ધરાવે છે.

ભગવાન શિવઃ 'દેવી આ બે સ્ત્રીઓ કોઈ અસુર કન્યા નથી તેઓ બુંદેલગઢના રાજા ભાનુપ્રતાપની પત્ની ચંદ્રમુખી અને બહેન રત્નાવલી છે.

માતા પાર્વતીઃ 'પણ સ્વામી રાજ પરિવારની સ્ત્રીઓ આમ તમારી આરાધના કેમ કરી રહી છે?'

ભગવાન શિવઃ એક દિવસ અવું થયું કે રાણી ચંદ્રમુખીએ મહારાજ ભાનુપ્રતાપે કહ્યું કે, 'નાથ, આપણા રાજ્યથી પસાર થનારા મુસાફરોને માર્ગમાં પીવા માટે પાણી મળી રહે તે માટે હું એક કૂવો ખોદાવવા માગું છું. પણ યોગાનુયોગ બીજા દિવસે મહારાજ ભાનુપ્રતાપની બહેન પણ એમ જ કહેવા માંડી કે હું પણ એક કૂવો ખોદાવવા માગું છું જેથી પસાર થનારા મુસાફરોને પાણી મળી રહે. રાણી ચંદ્રમુખી અને રત્નાવલી વચ્ચે આ બાબતે ઝઘડો થવા લાગ્યો. રાણી ચંદ્રમુખીએ ઉશ્કેરાઈને કહ્યું કે, 'તેં ઈર્ષાને લીધે જ કૂવો ખોદાવવા માંગણી કરી છે એટલે તારા કૂવાનું પાણી ખારું જ નીકળશે.' મહારાજા ભાનુપ્રતાપે કહ્યું, 'તમે નણંદ-ભોજાઈ ઝઘડો નહીં, સૌથી પહેલા તમે બંને કહો ત્યાં કૂવો ખોદાવીશ અને તેનું પાણી હું ચાખી જોઈશ કે કયું પાણી મીઠું છે અને ક્યું પાણી ખારું.' રાજા ભાનુપ્રતાપના આદેશથી નણંદ-ભોજાઈ દ્વારા બતાવવામાં આવેલી જગ્યા પર કૂવો ખોદવાનું ચાલું થયું. નણંદ રત્નાવલી અને ભોજાઈ રાણી ચંદ્રમુખી બંને મારા ભક્ત છે. તેઓ બંને મારી આરાધના કરી રહ્યા છે કે તેમના કૂવાનું પાણી મીઠું નીકળે.

માતા પાર્વતીઃ 'સ્વામી આ પરિસ્થિતિમાં કોનું પાણી મીઠું લાગશે.' ભગવાન શિવઃ દેવી, તમે શું બોલી રહ્યા છો, એ બંને મારા ભક્ત છે, બંનેના કૂવાનું પાણી તો મીઠું જ નીકળશે. પણ... જુઓ આગળ આગળ શું થાય છે. (ક્રમશઃ)■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# વાનરોના મંદિર તરીકે વિખ્યાત એક ઐતિહાસિક મંદિર!



રાજસ્થાન પ્રવાસીઓનાં પ્રિય પ્રવાસન રાજ્યોમાંથી એક છે. ત્યાંના ઐતિહાસિક કિલ્લાઓ, ત્યાંની સમૃદ્ધ સંસ્કૃતિ, સંગીત અને નૃત્ય, ત્યાંનું ભોજન, આ બધુજ પ્રવાસીઓને આકર્ષે છે. સાથે સાથે, રાજસ્થાન ત્યાંના અદભુત હિન્દુ અને જૈન મંદિરો માટે પણ પ્રખ્યાત છે. રાજસ્થાનનું પાટનગર જયપુર પણ આકર્ષક મંદિરોનું કેન્દ્ર છે. તેમાં એક અદ્ભુત અને ઐતિહાસિક મંદિર છે, ગલતાજી. ચાલો, જાણીએ આ મંદિર વિશે.

ગલતાજી મંદિર એક ખૂબ જ પ્રખ્યાત અને પ્રાચીન પ્રાગૈતિહાસિક હિન્દુ તીર્થસ્થાન છે. તે રાજસ્થાન રાજ્યમાં, ગુલાબી શહેર, જયપુરથી લગભગ ૧૦ કિમી દૂર આવેલું છે. અરવલ્લીની ટેકરીઓ વચ્ચે સ્થિત, મંદિરો, મંડપ અને પવિત્ર તળાવો સાથેનો લીલોછમ લેન્ડસ્કેપ તેને એક મનોહર સ્થળ બનાવે છે. આ સ્થળે ફક્ત એક જ મંદિર નથી, પરંતુ મંદિરોની શ્રેણી છે, જે સુંદર જયપુર શહેરની આસપાસ ટેકરીઓ ફરતે એક રિંગના રૂપમાં બાંધવામાં આવ્યા છે. નજીકમાં આવેલા કુદરતી પાણીના ઝરણા અને ધોધના પ્રવાહો અહીં સાત પવિત્ર કુંડોની રચના કરે છે. વિશેષતા એ છે કે, ગલતાજીનાં મંદિરોની રચના મંદિરોના વાસ્તુ જેવી નથી, પણ રાજસ્થાની રાજા-મહારાજાઓના મહેલ જેવી છે. આંતરિક સ્થાપત્ય અને બારીક કોતરણી તેને અદ્ભુત બનાવે છે. મંદિરની બધી ઇમારતોમાં ગોળ છત અને નકશીદાર થાંભલાઓ છે. આ મંદિર કલાત્મક વાસ્તુના રસિકો અને ભક્તો, બંનેને સમાન રૂપે આકર્ષે તેમ છે. મંદિર પરિસરની વિશાળતા અને ભવ્યતા, રાજસ્થાનની રાજવી પરંપરાને શોભે તેવી જ છે. રાજસ્થાનના વાસ્તુની બીજી એક ખાસિયત છે કે ત્યાં મહેલો કે મંદિરો બનાવવા પહાડોને સંપૂર્ણ તોડીને સમથળ મેદાન બનાવાતું નથી, પણ પહાડોના ઢાળનો પણ પાયા તરીકે ઉપયોગ કરીને તેના ઉપર ઇમારત ચણવામાં આવે છે. અહીં ભગવાન રામ, ભગવાન હનુમાન અને ભગવાન કૃષ્ણનાં મંદિરો, ઉપરાંત સૂર્ય મંદિર પણ છે. સાત કુંડોમાં સૌથી પવિત્ર ગલતા કુંડ ગણાય છે અને એવું માનવામાં આવે છે કે તેનું પાણી ક્યારેય સુકાતું નથી. ગાયના મુખ જેવો આકાર ધરાવતા 'ગૌમુખ' આકારમાંથી કુંડમાં સ્વચ્છ અને શુદ્ધ પાણી સતત વહેતું રહે છે.

આ મંદિર ૧૬મી સદીમાં દીવાન રાવ કૃપારામ દ્વારા બનાવવામાં આવ્યું હતું, જે રાજપૂત શાસક સવાઈ જયસિંહના સલાહકાર પણ હતા. રાજસ્થાન આમ તો મરુભૂમિ છે. એવું માનવામાં આવે છે કે ગાલવ નામના સંત અહીં રહેતા હતા, ધ્યાન અને તપસ્યા કરતા હતા. સંત ગાલવે ત્યાં ૧૦૦ વર્ષ તપશ્ચર્યા કરી હોવાનું કહેવાય છે. તેના ફળ સ્વરૂપ ભગવાને પ્રસન્ન થઈને એ સ્થાનમાં ક્યારેય ન સુકાય તેવા કુદરતી જળ સ્ત્રોતનું વરદાન આપ્યું એમ મનાય છે. આ મહાન સંતની યાદમાં આ મંદિરનું નિર્માણ થયું. અને સંત ગાલવના નામના અપભ્રંશથી ગલતા થયું.

કારણકે અહીંયા સેંકડો નહીં, પણ હજારો વાનરો રહે છે. તમે આ પરિસરની મુલાકાત લેવા માટે પ્રવેશ કરો ત્યારે જ એટલા બધા વાનરો જોવા મળે કે થોડી ક્ષણો માટે તમે ડઘાઈ જાઓ. ભય પણ લાગે કે ક્યાંક આ વાંદરાઓ આપણને નુકસાન ન પહોંચાડે કે કોઈ વસ્તુઓ છીનવી ન લે. પણ આટલી બહોળી સંખ્યામાં વાનરો હોવા છતાં, તેઓ ક્યારેય કોને નુકસાન પહોંચાડતા નથી. તમે તેમને ખાવા આપો તો તમારા હાથમાંથી આવીને લઇ જાય છે. સ્થાનિકો તો ત્યાં સુધી કહે છે કે આસપાસની અરવલ્લીની પહાડીઓમાં લાખો વાનરો છે. ખરેખર જોઈને આશ્ચર્ય થાય અને પ્રશ્ન પણ થાય કે આટલી મોટી સંખ્યામાં વાનરો ક્યાં રહેતા હશે?! તેથી આ મંદિરને વાનરોના મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. કહે છે કે સંત ગાલવના આશીર્વાદ આ વાનરો પર છે, અને આ તેમનું આશ્રયસ્થાન છે. બીજી એક વિશેષતાએ છે કે, ગોસ્વામી તુલસીદાસજી શ્રી ગલતાજીમાં ૩ વર્ષ રોકાણ કર્યું હતું અને એ દરમિયાન શ્રી રામચરિતમાનસનો અયોધ્યાકાંડ લખ્યો હતો. ■

# વાઇડ બૉલમાં હિટવિકેટ! બૉલ સુધી પહોંચવાને બદલે બૅટ સીધું સ્ટમ્પ્સ સાથે ટકરાવી દીધું

## શાઇ હોપ સીપીએલમાં બૅટ્સમૅન વિચિત્ર રીતે આઉટ થયો

ટૅરૌબા: ક્રિકેટની રમત અનોખા વળાંકો લાવનારી અને કંઈકને કંઈક નવી ઝલક બતાવનારી છે અને એમાં પણ હવે તો ટી-૨૦નો જમાનો છે જેમાં પહેલા બૉલથી જ તીવ્ર સ્પર્ધા શરૂ થઈ જાય છે અને દરેક ખેલાડી ઉતાવળમાં કોઈક ભૂલ કરી બેસે તો દુનિયાભરમાં તેની એ ભૂલ કે બ્લન્ડર વાઇરલ થઈ જાય છે. શનિવારે અહીં કૅરિબિયન પ્રીમિયર લીગ (સીપીએલ)માં આવું જ બન્યું. શાઈ હોપ નામનો વેસ્ટ ઇન્ડિઝનો અનુભવી ખેલાડી વિચિત્ર રીતે આઉટ થયો હતો. તે વાઇડ બૉલમાં હિટ વિકેટ થયો હતો.



આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમની કૅપ્ટન્સી સંભાળતો શાઇ હોપ સીપીએલમાં ગયાના ઍમેઝોન વૉરિયર્સ ટીમ વતી રમે છે. શનિવારે ટ્રિન્બેગો નાઇટ રાઇડર્સ સામે તે બહુ સારું રમી રહ્યો હતો. તેણે ૨૮ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૩૯ રન કર્યા હતા અને તે પોતાના ૨૯મા બૉલ પર વિચિત્ર સંજોગોમાં વિકેટ ગુમાવી બેઠો હતો. ગયાનાની ઇનિંગ્સની ૧૫મી ઓવર ૩૩ વર્ષની ઉંમરના પેસ બોલર ટેરેન્સ હાઇન્ડ્સે કરી હતી જેમાં તેનો પહેલો જ બૉલ વાઇડ હતો. હાઇન્ડ્સને એ વાઇડ બૉલ બદલ અફસોસ થયો, પણ બીજી જ પળે તે નાચી ઊઠ્યો હતો. શાઇ હોપ એ વાઇડ બૉલમાં વિકેટ ગુમાવશે એવું કોઈએ ધાર્યું નહીં હોય, પણ ખરેખર એવું બન્યું હતું.

### બૉલ સુધી નહીં, સ્ટમ્પ્સ પર બૅટ પહોંચી ગયું!

હાઇન્ડ્સથી એ વાઇડ બૉલ પડ્યો એ પહેલાંની ક્ષણથી જ શાઇ હોપ રિવર્સ-સ્વીપની તૈયારીમાં દેખાયો હતો. વાઇડ બૉલ શાઈ હોપની પહોંચની બહાર હતો, પરંતુ એમાં પણ તે રિવર્સ સ્વીપ શૉટ રમ્યો હતો. એ દુઃસાહસમાં તે બૅટને બૉલ સુધી તો નહોતો પહોંચાડી શક્યો, પણ સ્ટમ્પ્સ પર બૅટ જરૂર પહોંચાડી દીધું હતું. શૉટ મારવામાં નિષ્ફળ ગયા બાદ શાઇ હોપથી ફટાક દઈને બૅટ સ્ટમ્પ્સને લાગી ગયું હતું, ત્રણેય સ્ટમ્પ્સ લાઇટથી ઝગમગી ઉઠ્યા હતા અને તે વિચિત્ર સ્થિતિમાં હિટ-વિકેટ આઉટ જાહેર થયો હતો.

### સાત બોલર ટ્રિન્બેગોને ન નમાવી શક્યા:

આ મૅચમાં નિકોલસ પૂરનના સુકાનમાં ટ્રિન્બેગો નાઇટ રાઇડર્સનો ઇમરાન તાહિરના નેતૃત્વવાળી ગયાના ઍમેઝોન વૉરિયર્સ સામે છ વિકેટે વિજય થયો હતો. ગયાનાએ નવ વિકેટે ૧૬૩ રન કર્યા પછી ટ્રિન્બેગો ટીમે બ્રિટિશ ઓપનર ઍલેક્સ હેલ્સના ૭૪ રન તથા ન્યૂ ઝીલૅન્ડના કૉલિન મન્રોના બાવન રનની મદદથી ૧૭.૨ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૬૯ રન કરીને વિજય મેળવી લીધો હતો. આન્દ્રે રસેલની છેલ્લી પળોની ફટકાબાજીએ પણ રંગ રાખ્યો હતો. તેણે અને કીરૉન પોલાર્ડ (૧૨ અણનમ)ની જોડીએ ટ્રિન્બેગોને ૧૬ બૉલ વહેલી જીત અપાવી હતી. રસેલે ૧૪ બૉલમાં ત્રણ સિક્સર તથા એક ફોરની મદદથી અણનમ ૨૭ રન કર્યા હતા. ગયાનાના સાત બોલર પણ ટ્રિન્બેગોની ટીમને મુશ્કેલીમાં નહોતા મૂકી શક્યા. ચારેય વિકેટ સુકાની ઇમરાન તાહિરે લીધી હતી, પણ તેની બધી મહેનત પાણીમાં ગઈ હતી. ■

# પુજારાએ પીએમ મોદીના પ્રશંસા-પત્ર બદલ આભાર માન્યો



રાજકોટ: ટેસ્ટ સ્પેશ્યાલિસ્ટ ચેતેશ્વર પુજારાએ તાજેતરમાં ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી સંન્યાસ લીધો ત્યાર બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને એક પત્ર મોકલ્યો હતો જેમાં પીએમે પુજારાની કરીઅરને ખૂબ બિરદાવી હતી અને પુજારાએ એ પ્રશંસાના જવાબમાં સોશ્યલ મીડિયામાં ખાસ કરીને ‘ એક્સ’ પર આભાર વ્યક્ત કરતી પ્રતિક્રિયા આપી છે.

વડા પ્રધાન મોદીએ પત્રમાં લખ્યું હતું, ‘ ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ લેવાના તમારા નિર્ણયની મને જાણ થઈ. આ જાહેરાત બાદ તમારા ચાહકોએ તેમ જ સમગ્ર ક્રિકેટ જગતે તમારી ઉલ્લેખનીય ઉપલબ્ધિઓને ખૂબ બિરદાવી છે. હું તમારી શાનદાર ક્રિકેટ કારકિર્દી વિશે તમને હાર્દિક અભિનંદન અને શુભકામના આપું છું. મર્યાદિત ઓવર્સવાળી ક્રિકેટ મૅચોના પ્રભુત્વવાળા યુગમાં તમે લાંબા ફૉર્મેટવાળી ક્રિકેટની સંગીનતાની યાદ અપાવતા હતા. દૃઢ સ્વભાવ તેમ જ લાંબા સમય સુધી એકાગ્રતા સાથે બૅટિંગ કરવાની ક્ષમતાએ તમને ભારતીય બૅટિંગ લાઇન-અપના આધારસ્તંભ બનાવ્યા હતા. તમારી ઉત્કૃષ્ટ ક્રિકેટ કારકિર્દી કૌશલ્ય તથા સંકલ્પથી ભરપૂર રહી. ખાસ કરીને તમારી આ બધી ખાસિયતો વિદેશોમાં પડકારરૂપ પરિસ્થિતિઓમાં જોવા મળી હતી. મને પૂરી ખાતરી છે કે તમારા પિતાને તમારા પર ખૂબ ગર્વ હશે. પૂજા અને અદિતી તમારી સાથે વધુ સમય વીતાવવા બદલ ખુશ હશે જ. તેમણે તમને આગળ વધવામાં મદદરૂપ થવા ઘણો ત્યાગ આપ્યો છે. ખેલાડી બાદ હવે કૉમેન્ટેટરના રૂપમાં તમે જે વિશ્લેષણ આપશો એ ક્રિકેટપ્રેમીઓ માટે મૂલ્યવાન સાબિત થશે. મને વિશ્વાસ છે કે તમે પોતાને ક્રિકેટ સાથે જોડાયેલા જ રાખશો તેમ જ ઊભરતા ક્રિકેટરોને પ્રેરિત કરતા રહેશો.’

પુજારાએ આ પત્ર વિશેની પ્રતિક્રિયામાં લખ્યું છે કે ‘ મેં રિટાયરમેન્ટ લીધું એના પર મને માનનીય વડા પ્રધાનનો પ્રશંસા-પત્ર મળ્યો એ મારા માટે બહુ મોટું સન્માન છે. તમે જે ભાવના વ્યક્ત કરી એ બદલ હું તમારો ખૂબ આભારી છું. જીવનની બીજી ઇનિંગ્સ તરફ આગળ વધતાં પહેલાં કહું છું કે મેં મેદાન પર જે પણ પળો વીતાવી એને તેમ જ તમામ લોકો તરફથી મળેલા પ્રેમ તથા સન્માનને હું મારા દિલોદિમાગમાં હંમેશાં સાચવી રાખીશ.’

પુજારાએ ૧૦૩ ટેસ્ટમાં કુલ ૧૬,૨૧૭ બૉલનો સામનો કરીને ૭,૧૯૫ રન કર્યા હતા જેમાં તેની ૧૯ સેન્ચુરી અને ૩૫ હાફ સેન્ચુરી સામેલ હતી. ■

# સેન્ટ્રલ-વેસ્ટ અને સાઉથ-નોર્થ વચ્ચે સેમિ

બેંગલૂરુ: અહીં દુલીપ ટ્રોફીમાં રવિવારે બન્ને ક્વૉર્ટર ફાઇનલ ડ્રૉમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ દાવની સરસાઈને આધારે નોર્થ ઝોને ઈસ્ટ ઝોનને અને સેન્ટ્રલ ઝોને નોર્થ ઈસ્ટ ઝોનને હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ચોથી સપ્ટેમ્બરથી પ્રથમ સેમિમાં સેન્ટ્રલ ઝોનનો વેસ્ટ ઝોન સામે અને સાઉથ ઝોનનો નોર્થ ઝોન સામે મુકાબલો થશે. રવિવારે ઈસ્ટ સામેની ક્વૉર્ટરમાં નોર્થનો બદોની (૨૦૪ અણનમ) ડબલ સેન્ચુરી ફટકારવામાં સફળ રહ્યો હતો, પણ કૅપ્ટન અંકિત કુમાર (૧૯૮ રન) કૅચઆઉટ થતાં બે રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. યશ ધુલે ૧૩૩ રન કર્યા હતા અને મૅચને અંતે નોર્થ ઝોનનો બીજા દાવનો સ્કોર ૬૫૮/૪ ડિક્લેર્ડ હતો. બીજી ક્વૉર્ટરમાં મૅચને અંતે ૬૭૯ રનના તોતિંગ લક્ષ્યાંક સામે નોર્થ ઈસ્ટ ઝોનના છ વિકેટે ૨૦૦ રન હતા. ■

# પીઍસ્ટ્રી ડચ ગ્રાં પ્રિ જીત્યો

ઝૅન્ડવૂર્ડ (નેધરલૅન્ડ્સ): ઑસ્ટ્રેલિયાનો ૨૪ વર્ષીય કાર રેસિંગ ડ્રાઇવર રવિવારે ડચ ગ્રાં પ્રિ નામની ફૉર્મ્યુલા-વન રેસ જીત્યો હતો. તેની જ ટીમનો લૅન્ડો નૉરિસ છેલ્લી ઘડીએ કાર ખરાબ થઈ જવાને કારણે પીઍસ્ટ્રીથી ઘણે દૂર રહી ગયો હતો. ૭૨ લૅપની આ રેસ પૂરી કરવામાં પીઍસ્ટ્રીને ૧:૩૮:૨૯.૮૪૯નો સમય લાગ્યો હતો, જ્યારે બીજા નંબરે આવેલા મૅક્સ વર્સ્ટેપ્પનને તેનાથી ૧ મિનિટ તથા ૨૭૧ સેકન્ડનો વધુ સમય લાગ્યો હતો. ■

# હૉકીના એશિયા કપમાં ભારત સતત બીજી મૅચ જીતીને સુપર-ફોરમાં

## કૅપ્ટન હરમનપ્રીત ચીન પછી જાપાનને પણ ભારે પડ્યો



સુખજિત સિંહે પણ જાપાનના ખેલાડીઓને જોરદાર ટક્કર આપી હતી.

રાજગીર (બિહાર): રાજકીય અને ખેલકૂદ સ્તરે એક અજબ સંયોગ જોવા મળ્યો. એક તરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાપાન અને ચીનના સફળ પ્રવાસે ગયા અને આ બાજુ બિહારમાં ભારતની મેન્સ હૉકી ટીમે એ બન્ને દેશની ટીમને જોરદાર લડત આપીને પરાજિત કરી દીધી અને સુપર-ફોર રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો. એશિયા કપ હૉકીમાં યજમાન ભારતે રવિવારે જાપાનની દમદાર ટીમ સામે શાનદાર પ્રદર્શન કરીને એને ૩-૨થી હરાવી દીધી હતી. એ સાથે, ભારતે આ ટૂર્નામેન્ટમાં જીતની લય જાળવી રાખી છે. ભારતે પ્રથમ મૅચમાં ચીનને ૪-૩થી હરાવ્યું હતું.

ચીન સામેના ચારમાંથી ત્રણ ગોલ કૅપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા હતા, જ્યારે રવિવારે જાપાન સામે પણ હરમનપ્રીત છવાઈ ગયો હતો. ભારત વતી ત્રણમાંથી બે ગોલ તેણે પાંચમી અને ૪૬મી મિનિટમાં કર્યા હતા. એ પહેલાં, મનદીપ સિંહે ચોથી મિનિટમાં બે ડિફેન્ડર અને ગોલકીપરને સફળતાથી પાર કરીને ટીમનો પ્રથમ ગોલ કર્યો હતો. જાપાન વતી બન્ને ગોલ ક્વાબે કોસઇએ કર્યા હતા.

જાપાન સામેના વિજય સાથે ભારતીય ટીમ સુપર-ફોર રાઉન્ડમાં પહોંચી ગઈ છે. બે મૅચ પછી ભારતના છ પૉઇન્ટ છે, જ્યારે ચીન ત્રણ પૉઇન્ટ સાથે બીજા ક્રમે છે. ચીને કઝાખસ્તાનને ૧૩-૧થી હરાવી દીધું હતું. ■

# શ્રીસાન્તની પત્ની કેમ આટલી બધી ગુસ્સે થાય છે એ જ નથી સમજાતું: લલિત મોદી

લંડન: ૨૦૦૮ની આઇપીએલ દરમ્યાન હરભજન સિંહે એસ. શ્રીસાન્તને એક મૅચ બાદ થપ્પડ મારી દીધી હતી એ ૧૮ વર્ષ જૂના કિસ્સાને આઇપીએલના ભૂતપૂર્વ ચૅરમૅન લલિત મોદીએ એક વીડિયો અને ફોટોના નામે ફરી ઉખેડ્યો એ સામે શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરીએ સોશ્યલ મીડિયામાં લલિત મોદીની તેમ જ તેનો ઇન્ટરવ્યૂ લેનાર માઇકલ ક્લાર્કની જે ટીકા કરી એને પગલે લલિત મોદીએ ભુવનેશ્વરીને મીડિયામાં જવાબ આપતી ટિપ્પણી કરી છે.

શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરીએ લલિત મોદી દ્વારા બહાર પાડવામાં આવેલા શ્રીસાન્તના માનભંગવાળા વીડિયોના ફૂટેજ વાઇરલ થતાં સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં આપેલી પ્રતિક્રિયામાં કહ્યું છે કે ‘ લલિત મોદી અને માઇકલ ક્લાર્ક, તમે બન્ને શરમ કરો. તમારામાં માણસાઈ જેવું કંઈ છે કે નહીં? માત્ર સસ્તી પબ્લિસિટી માટે અને લોકોનાં મંતવ્યો જાણવા ૧૮ વર્ષ જૂનો કિસ્સો પાછો ઉખેડ્યો છે. તમે બન્નેએ આ બહુ ખરાબ કર્યું. તમારામાં દિલ જેવું કંઈ છે કે નહીં?’

લલિત મોદીએ હવે ભુવનેશ્વરીની ટિપ્પણીના જવાબમાં જણાવ્યું છે કે ‘ મૅચ પછી બ્રૉડકાસ્ટિંગ કંપનીના કૅમેરા બંધ થઈ ગયા બાદ મારા સિક્યૉરિટી કૅમેરામાં શ્રીસાન્ત-ભજ્જીવાળી ઘટનાની પળો કેદ થઈ ગઈ હતી. એ ફૂટેજ અત્યાર સુધી ક્યારેય મીડિયાના કોઈ પણ પ્લૅટફૉર્મ પર નહોતા મૂકવામાં આવ્યા.’

લલિત મોદીએ આઇએએનએસને વધુમાં કહ્યું છે કે ‘ મને એ નથી સમજાતું કે તે (શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરી) શા માટે આટલો બધો ગુસ્સો કરી રહી છે. ઇન્ટરવ્યૂમાં મને સવાલ પુછાયો અને મેં સત્ય શૅર કર્યું. એમાં મેં ખોટું શું કર્યું? હું સાચું જ બોલું છું એ સૌ કોઈ જાણે છે. શ્રી ત્યારે એ વર્તનનો શિકાર થયો હતો એવું જ મેં કહ્યું છે. આ સવાલ અગાઉ કોઈએ મને નહોતો પૂછ્યો અને હવે જ્યારે માઇકલ ક્લાર્કે મને એ ઘટના બાબતમાં પૂછ્યું તો મેં તેને વિગતે વાત કરી.’ ■

# બ્રેન્ડન ટેલરે કમબૅક કરીને રચ્યો ઇતિહાસ



હરારે: ઝિમ્બાબ્વેના અનુભવી બૅટ્સમૅન બ્રેન્ડન ટેલરે નાણાકીય ગેરરીતિ તેમ જ કોકેઇન લેવા બદલ સાડાત્રણ વર્ષ સુધી રમવા સામે મૂકવામાં આવેલો પ્રતિબંધ પૂરો કર્યા બાદ પાછો રમવા આવી ગયો છે અને આવતાવેંત તેણે નવો ઇતિહાસ રચ્યો છે. તે સૌથી લાંબી વન-ડે કરીઅર પોતાના નામે ધરાવનાર સચિન તેન્ડુલકર અને સનથ જયસૂર્યા પછીનો ત્રીજો ખેલાડી બની ગયો છે. તેણે જાવેદ મિયાંદાદને પાછળ મૂકી દીધો છે.

એટલું જ નહીં, બ્રેન્ડન ટેલર ૨૦૦૧ની સાલ પછીનો એવો ખેલાડી પણ છે જેની વન-ડે કારકિર્દી સૌથી લાંબી છે. ટેલર ૩૯ વર્ષનો છે અને તેને સાડાત્રણ વર્ષ પછીની પ્રથમ વન-ડે રમવાનો મોકો શુક્રવારે હરારેમાં મળ્યો હતો જેમાં તે ખાતું ખોલાવ્યા વગર જ આઉટ થઈ ગયો હતો. શ્રીલંકાના ૬/૨૯૮ના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ સિકંદર રઝાના ૯૨ રન અને બેન કરૅનના ૭૦ રન અને કૅપ્ટન શૉન વિલિયમ્સના ૫૭ રન છતાં ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૯૧ રન કરી શકી હતી અને ઝિમ્બાબ્વેનો સાત રનથી પરાજય થયો હતો. ■

### સૌથી લાંબી વન-ડે કારકિર્દી:

(૧) સચિન તેન્ડુલકર: ૧૮ ડિસેમ્બર ૧૯૮૯થી ૧૮ માર્ચ ૨૦૧૨ સુધી, ૨૨ વર્ષ ૯૧ દિવસની કરીઅર, ૪૬૩ મૅચ

(૨) સનથ જયસૂર્યા: ૨૬ ડિસેમ્બર ૧૯૮૯થી ૨૮ જૂન ૨૦૧૧ સુધી, ૨૧ વર્ષ ૧૮૪ દિવસની કરીઅર, ૪૪૫ મૅચ

(૩) બ્રેન્ડન ટેલર: ૨૦ એપ્રિલ ૨૦૦૪થી અત્યાર સુધી, ૨૧ વર્ષ ૧૩૨ દિવસની કરીઅર, ૨૦૬ મૅચ

(૪) જાવેદ મિયાંદાદ: ૧૧ જૂન ૧૯૭૫થી ૯ માર્ચ ૧૯૯૬ સુધી, ૨૦ વર્ષ ૨૭૨ દિવસની કરીઅર, ૨૩૩ મૅચ

(૫) ગેઇલ: ૧૧ સપ્ટેમ્બર ૧૯૯૯થી ૧૪ ઑગસ્ટ ૨૦૧૯ સુધી, ૧૯ વર્ષ ૩૩૭ દિવસની કરીઅર, ૩૦૧ મૅચ. ■

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘટ | નરમ |
| ઘટ્ટ | નજીવું |
| ઘણું | અસ્પષ્ટતા |
| ઘન | બચત |
| ઘટસ્ફોટ | પોલું |

## ઓળખાણ પડી?

ગાંધીજીના મિત્ર તરીકે પણ જાણીતા શ્રીમદ રાજચંદ્રએ ૨૯ વર્ષની ઉંમરે ૧૪૨ શ્લોકનો સમાવેશ કરતા આત્મસિદ્ધિ ગ્રંથની રચના કયા શહેરમાં કરી હતી?



અ) બોટાદ બ) પાટણ ક) પોરબંદર ડ) નડિયાદ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ધા | ૨ રિ | ૩ ત | ■ | ૪ અ | ૫ ગ | ર | ■ | ૬ કા |
| ગ | ■ | ૭ સા | મા | ૮ ન | ■ | જ | ■ | ૯ મા | ળ |
| ૧૦ મ | ૧૧ ર | વું | ■ | કા | ■ | ૧૨ વે | લી | ■ | જી |
| ૧૩ ન | ખ | ■ | ૧૪ અ | મી | ૧૫ ય | લ | ■ | ૧૬ બા | પૂ |
| ■ | ૧૭ ડ | ણ | ક | ■ | ત્કિં | ■ | ૧૮ સ | ગ | ર્વ |
| ૧૯ ન | વું | ■ | લ્પ | ■ | ૨૦ ચિ | ત્ત | ■ | ૨૧ વા | ક |
| જ | ■ | ૨૨ પા | ની | પ | ત | ■ | ૨૩ ફ | ન | ■ |
| ૨૪ ર | મ | ણી | ય | ■ | ■ | ૨૫ ની | ર | ■ | ૨૬ સં |
| બં | ■ | પો | ■ | ■ | ૨૭ વ | ડ | વા | ૨૮ ન | લ |
| ધી | ■ | ચું | ■ | ૨૯ કા | ત | ર | ■ | ૩૦ ન | ગ્ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | ■ | ■ | ૭ | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | | | ■ | ૧૦-અ | ૧૧ | | ■ | ■ |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ■ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | |
| ૨૦ | ૨૧ | ■ | ૨૨ | | | | ■ | | ■ |
| ૨૩ | | ૨૪ | ■ | | ■ | ■ | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | ■ | ૨૯ | | | ■ | |
| ■ | ■ | ૩૦ | | | | ■ | ૩૧ | | |
| ૩૨ | | ■ | | ■ | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. સમૃદ્ધિ, ગણેશ પત્ની (૨)
૨. ફળ પ્રાપ્તિ, સાબિતી (૨)
૩. શુભ ચોઘડિયું (૨)
૮. ગધેડો (૩)
૯. પતિ (૪)
૧૦અ. ભાવોમાં થતો સર્વગ્રાહી વધારો (૩)
૧૨. વાંકું (૨)
૧૪. પોચું- ખૂબ ભૂખ્યું (૨)
૧૭. મહાલો, જલસા કરો (૨)
૧૯. ખજાનો, પટારો (૩)
૨૦. રિસાઇ જવું તે (૨)
૨૨. દંગાફસાદ (૪)
૨૩. અનુક્રમ પ્રમાણે (૩)
૨૫. અંકોડો (૩)
૨૭. માધવી વેલ (૪)
૨૯. એક નક્ષત્ર (૩)
૩૦. નિષ્પક્ષતા (૪)
૩૧. ભરોસો, વિશ્વાસ (૩)
૩૨. એક વિશાળકાય પ્રાણી (૨)

### ઊભી ચાવી

૧. સરગમનો બીજો સ્વર (૩)
૪. જમાવ, પૂર્ણતા, ભરપૂરતા (૩)
૫. સારું, મંગળ (૨)
૬. ક્રમ પ્રમાણે (૪)
૭. --- તૂટે તો માટી બને (૨)
૧૦. અવાજ (૨)
૧૧. તખ્ત, સિંહાસન (૨)
૧૩. બીક લાગે એવું (૪)
૧૪. મજૂર સ્ત્રી (૪)
૧૫. ગણપતિની બહેન (૨)
૧૬. પ્રદક્ષિણા (૪)
૧૮. ---માંથી ભાત બને (૨)
૨૧. યજ્ઞમાં હોમવા જોઇએ (૩)
૨૪. જોડકણું, મનહર છંદ (૩)
૨૫. મલકાતું (૪)
૨૬. કમળ, પોયણું, સોનું (૪)
૨૮. --- કાઢવું એટલે મારી નાખવું (૩)
૨૯. ધન્યતાની લાગણી (૩)

## ગુજરાત મોરી મોરી રે

ત્રિનેત્રેશ્વર મંદિર અને ચામુંડા માતા મંદિર ઉપરાંત અજરામર ટાવર ગુજરાતના કયા શહેરના જોવાલાયક સ્થળમાં ગણનાપાત્ર છે?

અ) વેરાવળ બ) મોરબી
ક) સુરેન્દ્રનગર ડ) જેતપુર

## માતૃભાષાની મહેક

કાઠિયાવાડની પરોણાગત મશહૂર છે. એવું કહેવાય છે કે ભગવાન પણ જો કાઠિયાવાડનું આતિથ્ય માણે તો થોડી વાર માટે સ્વર્ગ ભૂલી જાય. એ ભાવનાને સાર્થક કરતો દુહો છે કે કાઠિયાવાડમાં કોક દિ ભૂલો પડ ભગવાન, થા તું મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા. ભાષામાં કેવું ગજબનાક સામર્થ્ય છે.

## સુડોકુ-૯૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૪ | | | |
| ૧ | | ૩ | ૮ | | ૬ | ૪ | | ૨ |
| ૯ | | ૪ | | | | | | ૧ |
| | | ૮ | | ૬ | | ૯ | | |
| | ૧ | | ૭ | | ૫ | | ૨ | |
| | | ૫ | | ૪ | | ૭ | | |
| ૩ | | | | | | ૨ | | ૪ |
| ૮ | | ૬ | ૯ | | ૨ | ૫ | | ૭ |
| | | | ૪ | | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૨ | ૫ | ૯ | ૮ | ૬ | ૭ | ૧ |
| ૮ | ૫ | ૯ | ૭ | ૧ | ૬ | ૩ | ૪ | ૨ |
| ૭ | ૬ | ૧ | ૪ | ૨ | ૩ | ૮ | ૯ | ૫ |
| ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ | ૭ | ૫ | ૩ |
| ૯ | ૭ | ૮ | ૩ | ૬ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૮ | ૬ |
| ૬ | ૧ | ૭ | ૨ | ૪ | ૯ | ૫ | ૩ | ૮ |
| ૨ | ૯ | ૩ | ૮ | ૫ | ૧ | ૪ | ૬ | ૭ |
| ૫ | ૮ | ૪ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૯ |

## ઈર્શાદ

પગલી દેખી પગલું માંડ્યું, લપસ્યા અવળે ઢાળ!
ડાળે બેઠા માળો કરવા, અધવચ ફસડી ડાળ!
--- ચંદ્રકાન્ત શેઠ

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘વહીવટી તંત્ર સંગીન બનાવવું જરૂરી છે’ વાક્યમાં સંગીન શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) રંગીન બ) સહયોગી ક) આસાન ડ) મજબૂત

## માઈન્ડ ગેમ

‘ઠંડી મેં ગરમી કા એહસાસ’ ઉનનાં વસ્ત્રો કરાવે છે. વિશ્વનું કયું શહેર ઉચ્ચ ગુણવત્તાના ઉનને કારણે ‘વુલ સિટી’ તરીકે પ્રખ્યાત છે?

અ) Sydney બ) Biella
ક) Madrid ડ) Nairobi

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગીચ | પાંખું |
| ગિરદી | મોકળાશ |
| ગાંભીર્ય | આછકલાઈ |
| ગાયબ | પ્રગટ |
| ગેરવાજબી | ન્યાયી |

ગુજરાત મોરી મોરી રે: તારા મંદિર

ઓળખાણ પડી?: મધ્ય પ્રદેશ

માઈન્ડ ગેમ: ડેન્યુબ

ચતુર આપો જવાબ અર્થ જણાવો: આરામ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) પ્રવીણ વોરા (૧૧) પુષ્પા પટેલ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) મહેશ સંઘવી (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) વિપીન શાહ (૨૨) દેવેન્દ્ર સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ડાયના સંતોકે (૨૭) કમલ માટલિયા (૨૮) અલકા વાણી (૨૯) નિતિન જયંતિલાલ બજરિયા (૩૦) પુષ્પા ખોના (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) ઈનાક્ષીબેન દલાલ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૮) ધીરેન્દ્ર મુલરાજ (૩૯) ગીતા ઉદેશી (૪૦) પ્રતિમા પમાણી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) કિશોર સંઘરાજકા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી

# અનામતની આગ મરાઠા આંદોલનનો દંડ



(અમય ખરાડે)

## ■ વેપારીઓને

મરાઠા આંદોલનને કારણે મહારાષ્ટ્રના ઠેકઠેકાણેથી આવેલા લાખો મરાઠાઓએ દક્ષિણ મુંબઈને છેલ્લા ત્રણ દિવસથી બાનમાં લીધું છે ત્યારે વેપારી વર્ગને આ આંદોલનનો મોટો ફટકો પડ્યો છે. ગણેશોત્સવ ચાલુ છે, મુંબઈગરાઓ સહિત અન્ય રાજ્યમાંથી આવનારા લોકોની સારી એવી ભીડ મુંબઈમાં જોવા મળતી હોય છે જેનો લાભ હંમેશાં વેપારી વર્ગને થતો હોય છે, પરંતુ હાલમાં મરાઠા આંદોલનને કારણે ટ્રાફિક જૅમ, રેલવે પ્રવાસમાં મુશ્કેલી તથા દુકાનો બંધ કરાવવામાં આવી હોવાને કારણે વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. શનિ-રવિએ લોકોની ભીડ જામતી હોય છે, પરંતુ આંદોલનને કારણે મોટા ભાગના લોકોએ દક્ષિણ મુંબઈ તરફ આવવાનું ટાળ્યું છે. વેપારીઓને દુકાનો બંધ રાખવાની ફરજ પડી છે ત્યારે વેપારી વર્ગને મોટો ફટકો પડ્યો છે. સરકારે તહેવારના સમયે મરાઠા આંદોલનને પરવાનગી આપી તથા તેનો ઉકેલ જલદીથી ન લાવતા વેપારીઓને થયેલી ખોટ અંગે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. આંદોલનનો મોટો દંડ વેપારીઓને થયો છે. ■

## ■ રેલવે પ્રવાસીઓને

મુંબઈ લાઇફલાઇન ગણાતી લોકલમાં લાખો પ્રવાસીઓ રોજના પ્રવાસ કરતા હોય છે. દક્ષિણ મુંબઈમાં મોટા ભાગની ઓફિસો આવી હોવાથી નોકરિયાતોની અહીં અવરજવર વધુ હોય છે અને તેમનો એક જ સહારો લોકલ ટ્રેન હોય છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા આંદોલન દરમિયાન મરાઠાઓએ ટ્રેનમાં ભીડ કરી હતી. ઘણી ઓફિસોને બંધ રાખવાની અથવા હાફ-ડે કરવાની ફરજ પડી હતી. રેલવેને પણ આખરે જાહેરાત કરવી પડી હતી કે કામ વગર ટ્રેનમાં પ્રવાસ કરવાનું ટાળવું. મરાઠા આંદોલનકારીઓ ખુલ્લેઆમ ટિકિટ વગર ફર્સ્ટ ક્લાસ કોચમાં પણ પ્રવાસ કરતા જોવા મળ્યા હતા, છતાં તેમને રોકનારું કોઇ નહોતું. સામાન્ય રીતે ભૂલમાં કોઇ ફર્સ્ટ ક્લાસ કોચમાં ચડી જાય અથવા સામાન્ય નાગરિક ટિકિટ વગર પકડાય તો રેલવે દંડ લેવા સિવાય છૂટકો કરતી નથી, ત્યારે આંદોલનકારીઓ પાસેથી દંડ વસૂલાયો? ટ્રેનમાં ટિકિટ ચેકિંગ માટે આવનારા ટીસી ત્રણ દિવસથી અચાનક ક્યાં ખોવાઇ ગયા? એવો સવાલ મુંબઈગરાઓ કરી રહ્યા છે. અન્ય પ્રવાસીઓને અવરજવરમાં મુશ્કેલી પડી હતી. આ આંદોલનનો દંડ રેલવે પ્રવાસીઓને થયો છે. ■

## ■ મુંબઈગરાઓને

ગણેશોત્સવ શરૂ છે અને શનિવાર-રવિવાર રજાનો દિવસ આવવાને કારણે સામાન્ય મુંબઈગરાઓ દક્ષિણ મુંબઈનાં પ્રખ્યાત ગણપતિ મંડળોમાં દર્શન માટે આવતા હોય છે, પરંતુ છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા આંદોલનને કારણે ઠેકઠેકાણેથી આવેલા મરાઠાઓએ મુંબઈને બાનમાં લીધું છે ત્યારે લોકોએ અહીં આવવાનું ટાળ્યું છે. દક્ષિણ મુંબઈમાં તો રીતસરની ગંદકી ફેલાઇ છે. જ્યાં ત્યાં ખાવાનો-પાનમાવાનો કચરો જોવા મળી રહ્યો છે. આંદોલનકારીઓ રસ્તા પર, ફૂટપાથ પર સૂઇ રહ્યા છે. રસ્તા પર જ રંધાઇ રહ્યું છે, રસ્તા પર જ આંદોલનકારીઓએ ઘર બનાવી દીધું છે. ચાલવાની જગ્યા બાકી રહી નથી. દક્ષિણ મુંબઈમાં આવેલાં પર્યટન સ્થળો પર પણ આંદોલનકારીઓની ભીડ જોવા મળી રહી છે તેથી ત્યાં પણ જવું મુશ્કેલ છે. એમાં ગણપતિ વિસર્જન માટે આવનારા ભક્તોને પણ આ ભીડની ખાસ્સી અસર થઇ છે. મુંબઈગરાઓને આ આંદોલનનો મોટો દંડ થયો છે. ■

### આંદોલનને વધુ એક દિવસની પરવાનગી

# ‘હું સોમવારથી પાણી પીવાનું પણ બંધ કરીશ’: જરાંગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મનોજ જરાંગે-પાટીલે ફરી એકવાર મુંબઈમાં મરાઠા સમુદાયને અનામતની માગણી સાથે આંદોલન શરૂ કર્યું છે. મુંબઈના આઝાદ મેદાનમાં તેમની ભૂખ હડતાળ ચાલી રહી છે અને રવિવારે આંદોલનનો ત્રીજો દિવસ હતો. મહારાષ્ટ્રના લાખો મરાઠા સમાજના લોકોએ આ આંદોલનમાં ભાગ લીધો છે. દરમિયાન, રાજ્ય સરકારે હજુ સુધી આ આંદોલનના નિરાકરણ અંગે કોઈ નિર્ણય લીધો નથી. આંદોલનને વધુ એક દિવસની પરવાનગી આપવામાં આવી હતી.

આ કારણે મનોજ જરાંગેએ સરકારને ચેતવણી આપી છે. ‘અમે સોમવારથી કડક ઉપવાસ કરીશું અને પાણી પીવાનું પણ બંધ કરીશું.’

તમે અમારું શું કરવા માગો છો, અમારી પાસે આપવા માટે કશું નથી. જ્યાં સુધી અમને ઓબીસીમાંથી અનામત ન મળે ત્યાં સુધી અમે મુંબઈ છોડીશું નહીં. ઉપરાંત, સમગ્ર મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય શનિવાર અને રવિવારે ઘરે રહેતો નથી. આ યાદ રાખો. અમે જે કહીએ છીએ તે કરીએ છીએ. તમે ફક્ત આવતા શનિવાર અને રવિવાર જુઓ. અમે કાલ (સોમવાર)થી કડક ઉપવાસ શરૂ કરીશું. હવે અમે પાણી પીવાનું પણ બંધ કરીશું,

(જુઓ પાનું ૪) ▶▶

## ઉતાવળીયો નિર્ણય નહીં લઈ શકીએ: ફડણવીસ

મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોથી રાજ્યમાં મરાઠા અનામતનો મુદ્દો સળગી રહ્યો છે. મનોજ જરાંગે તેમના હજારો કાર્યકરો સાથે મુંબઈ પહોંચ્યા છે અને અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે. જરાંગેના વિરોધને રાજ્યભરમાંથી સમર્થન મળી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અનામત મુદા પર મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું હતું કે અમે ચર્ચા દ્વારા રસ્તો શોધવાનો અને કાયદાકીય રીતે અનામત મુદાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું અમારી સરકાર મનોજ જરાંગે જે માંગણીઓ કરી રહ્યા છે તેને સકારાત્મક રીતે જોઈ રહી છે. જો કોઈ માંગણી સ્વીકારવી હોય તો તે કાયદાના માળખામાં હોવી જોઈએ. તેમની માગણી મરાઠાઓને ઓબીસી શ્રેણીમાં સમાવવાની છે. જોકે, તેની સામે સામાજિક સંતુલનનો મોટો મુદો છે. તેના માટે આપણે કોર્ટ સમક્ષ ઊભા (જુઓ પાનું ૪) ▶▶

## છગન ભુજબળ ‘એક્શન મોડ’માં: ઓબીસી નેતાઓની આજે તાત્કાલિક બેઠક

મુંબઈ : મરાઠા કાર્યકર મનોજ જરાંગે પાટીલે ઓબીસીમાંથી મરાઠા સમુદાયને અનામત આપવાની માગણી માટે મુંબઈના આઝાદ મેદાનમાં ઉપવાસ શરૂ કર્યા છે. હવે, રાજ્યના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા પ્રધાન અને ઓબીસી નેતા છગન ભુજબળ ‘એક્શન મોડ’ પર જોવા મળી રહ્યા છે.

મરાઠા અનામત પર વધી રહેલા આંદોલનને ધ્યાનમાં રાખીને છગન ભુજબળે (પહેલી સપ્ટેમ્બરે) મુંબઈમાં રાજ્યના તમામ ઓબીસી નેતાઓની તાત્કાલિક બેઠક બોલાવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં ઓબીસી અનામતના સંભવિત પરિણામો અને મરાઠા અનામત પર ઓબીસી સમુદાયની ભૂમિકા પર ઊંડાણપૂર્વક ચર્ચા થશે.

બેઠક પછી ઓબીસી સમુદાયના અગ્રણી નેતાઓની સંયુક્ત પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. આ પત્રકાર પરિષદમાં ઓબીસી સમુદાયનું સત્તાવાર વલણ જાહેર (જુઓ પાનું ૪) ▶▶

## સફાઈ કામ બે શિફ્ટમાં: પાલિકા

### આંદોલનકારીઓ માટે શૌચાલય, પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આઝાદ મેદાનમાં મરાઠા સમાજના રાજ્યમાંથી મોટી સંખ્યામાં આવેલા લોકો આંદોલન કરી રહ્યા છે, તેને કારણે આઝાદ મેદાન સહિત આજુબાજુના વિસ્તારમાં મોટા પ્રમાણમાં કચરા સહિતની ગંદકી થઈ રહી છે, તેને સાફ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાના ૮૦૦થી વધુ કર્મચારીઓ બે શિફ્ટમાં સતત સફાઈનું કામ કરી રહ્યા છે. તેમ જ આંદોલનકારીઓ માટે ૩૦૦થી વધુ શૌચાલયોની વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું પાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં આવેલા આઝાદ મેદાનમાં જરાંગેના નેતૃત્વમાં મરાઠા સમુદાય દ્વારા અનામત માટે ચાલી રહેલા આંદોલનના ત્રીજા દિવસે પાલિકા દ્વારા આંદોલનકારીઓ માટે પીવાના પાણી સહિતની અન્ય સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી રહી છે. રાજ્યના જુદા જુદા વિસ્તારમાંથી મોટી સંખ્યામાં મરાઠાઓ દક્ષિણ મુંબઈમાં આઝાદ

(જુઓ પાનું ૪) ▶▶

## દક્ષિણ મુંબઈના હેરિટેજ ઝોન આંદોલનકારીઓના પિકનિક સ્પોટ

મુંબઈઃ મરાઠા સમાજને અનામત આપવાની માગણી સાથે આઝાદ મેદાનમાં આંદોલન કરી રહેલા મનોજ જરાંગે પાટીલની સાથે રાજ્યના જુદા જુદા વિસ્તારમાંથી આવેલા આંદોલનકારીઓ દક્ષિણ મુંબઈના હેરિટેજ સ્થળોને પિકનિક સ્પોટ બનાવી નાંખ્યા છે. હજારો આંદોલકારીઓ આઝાદ મેદાન સહિતના આજુબાજુના પરિસરમાં ખુલ્લામાં સ્નાન કરવાની સાથે જ શૌચક્રિયા કરી રહ્યા છે. અમુક લોકો નાચ-ગાન તો અમુક લોકો ખુલ્લામાં પોતાની માટે ખોરાક રાંધી રહ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. વરસાદે વિરામ લીધો હોવાથી મુંબઈમાં મોટી સંખ્યામાં ઊતરી આવેલા મરાઠા આંદોલનકારીઓએ આઝાદ મેદાન, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયની બહાર પોતાના આસાન લગાવીને બેસી ગયા છે. અનેક આંદોલનકારીઓ અહીં રસ્તા પર ખુલ્લામાં ન્હાવાની સાથે જ મેટ્રો સ્ટેશનની દીવાલ, પાલિકાના મુખ્યાલયની દીવાલ તથા આઝાદ મેદાનની ફરતે આવેલી જાળીઓ પર લઘુશંકા કરત તથા ન્હાતા જોવા મલ્યા હતા. આંદોલનકારીઓમાના એક ગ્રૂપના લોકો તો પાલિકાના મુખ્યાલયની નજીક આવેલા એક ફુવારામાં ન્હાતા જોવા મળ્યા હતા. અમુક આંદોલનકારીઓએ તો આઝાદ મેદાનથી લગભગ એક કિલોમીટર દૂર જહાંગીર આર્ટ ગેલેરી પાસે પહોંચીને સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. અમુક લોકો ગેટવે ઓફ ઈન્ડિયા પાસે ભગવો પહેરીને સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. ■



અન્ય પ્રવાસીઓને થઈ તકલીફ



મુંબઈગરાને સજા, આંદોલનકારીઓને મજા



સિગ્નલો પર સુકાવાયા વસ્ત્રો

## સીએસએમટી પર ભીડ: રસ્તા પર વાહનોની લાઈન

મુંબઈઃ દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે મરાઠા અનામત માટે જરાંગે પાટીલનું છેલ્લા ત્રણ દિવસથી આંદોલન ચાલી રહ્યું છે. આ માટે વિવિધ જિલ્લામાંથી મુંબઈ આવેલા આંદોલનકારીઓની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે ભીડ જોવા મળી રહી છે. મોટા ભાગના આંદોલનકારીઓ સતત ઘોષણાબાજી કરી રહ્યા છે, જ્યારે અમુક ઢોલના તાલે નાચતા તો અમુક રમતા જોવા મળ્યા હતા.

રાજ્યના ખૂણેખાંચરેથી મરાઠા આંદોલનકારીઓ મુંબઈમાં દાખલ થયા હોઇ અનેકોએ આરામ કરવા અને રાતના મુકામ સીએસએમટી સ્ટેશનનો આધાર લીધો છે. આ જ રીતે અનેક લોકોએ સબવેનો આશરો લીધો છે. રવિવારની રજા હોવાથી અનેક આંદોલનકારીઓ દક્ષિણ મુંબઈના પર્યટકસ્થળે જવા નીકળતા હોવાથી ત્યાં ભીડ ઓર વધી છે.

અનેક આંદોલનકારીઓ મુંબઈમાં ચોપાટી, ગેટવે ઓફ ઇન્ડિયા સહિત વિવિધ પર્યકટસ્થળે ફરતા જોવા મળી રહ્યા છે. તેમાં લાલબાગચા રાજા સહિત અનેક ગણેશ પંડાલો ખાતે પણ તેમની ભીડ જોવા મળી રહી છે. આને કારણે ટ્રેનોમાં પણ ગિરદી થઇ રહી છે. ■



ભોજન મેળવવા આંદોલનકારીઓની પડાપડી

(તમામ તસવીરોઃ અમય ખરાડે)

## ઓબીસીમાં અનામત અશક્ય: ચંદ્રકાંત પાટીલ

મુંબઈઃ ચંદ્રકાંત પાટીલે રવિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે મરાઠા સમુદાય સામાજિક રીતે પછાત નથી અને મરાઠાઓને દલિતોની જેમ અસ્પૃશ્ય માનવામાં આવ્યા નથી. કાનૂની દસ્તાવેજો ન ધરાવતા મરાઠા નાગરિકોને ઓબીસી હેઠળ અનામત મળવી અશક્ય છે. મરાઠા સમાજના નેતા ચંદ્રકાંત પાટીલે એવી પણ ટીકા કરી હતી કે સમુદાયને સામાજિક અને આર્થિક પછાતપણું (એસઈબીસી) હેઠળ અનામત આપવામાં આવી છે, પરંતુ તેઓ એનાથી સંતુષ્ટ નથી કેમ કે તેમાં કોઈ રાજકીય અનામત નથી.

મરાઠા સમુદાયના નેતા મનોજ જરાંગે-પાટીલ આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર બેઠા છે ત્યારે પાટીલની આ ટિપ્પણી આવી છે. રાજ્ય સરકારે મરાઠા અનામત અંગે એક કેબિનેટ સબ-કમિટીની નિમણૂંક કરી હતી, જેમાં પાટીલ ભૂતપૂર્વ ચેરમેન અને વર્તમાન પેટા-કમિટીના સભ્ય પણ છે. પાટીલે મરાઠા અનામત અંગે દેવેન્દ્ર ફડણવીસના વલણ અને તેમણે સમુદાય માટે અત્યાર સુધી લીધેલા નિર્ણયોને સમર્થન આપ્યું હતું.

પાટીલે કહ્યું કે બંધારણે જાતિગત પછાતપણું નક્કી કરવાની સત્તા ફક્ત રાજ્ય પછાત વર્ગ આયોગ (સ્ટેટ બેકવર્ડ કમિશન)ને આપી છે, શિંદે સમિતિ તે નક્કી કરી શકતી નથી. સરપંચપદ સહિતના રાજકીય લાભ મેળવવાના દ્રષ્ટિકોણથી આ બધું ચાલી રહ્યું છે. આઝાદ મેદાનમાં આંદોલનને મંજૂરી આપવામાં આવી છે ત્યારે સામાન્ય મુંબઈગરાને તકલીફ આપવાનું ખોટું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ છત્રપતિ શિવાજી મહારાજના પગલે ચાલી રહ્યા છે. અમે મહારાજ સાથે સરખામણી કરી રહ્યા નથી, નહીં તો અહીં પાછો નવો વિવાદ ઊભો થશે. કાયદેસર રીતે, જેની પાસે પુરાવા નથી, એવા મરાઠા સમુદાયના સભ્યોને ઓબીસી શ્રેણી હેઠળ અનામત મળવું અશક્ય છે. સમય બગાડવા માટે આજે કેટલીક માગણીઓ સ્વીકારવામાં આવે તો પણ, તે મુદ્દાઓ કાયદેસર રીતે ટકાઉ રહેશે નહીં.

સરકારના ‘સગેસોયરે’ (સગાંસંબંધી) અંગેના નિર્ણય અંગે તેમણે કહ્યું હતું કે આપણી પિતૃસત્તાક વ્યવસ્થાના નિયમો મુજબ, સગેસોયરે ફક્ત પિતા તરફથી માનવામાં આવે છે અને આવા બધા સંબંધીઓને પ્રમાણપત્રો મળવા લાગ્યા છે. લાખો સમુદાયના સભ્યો હવે કુણબી પ્રમાણપત્રોનો લાભ લઈ રહ્યા છે.

એનસીપી પ્રમુખ શરદ પવાર ચાર વખત મુખ્ય પ્રધાન હતા. તે સમયે તેમણે તમિલનાડુ જેવી અનામત કેમ ન આપી? તમિલનાડુમાં અનામતનો મુદ્દો હજુ પણ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે અને તે ટકશે નહીં, એમ પણ પાટીલે કહ્યું હતું. ■

### શું ફડણવીસને મુશ્કેલીમાં નાખવા આંદોલનકારીઓને મદદ કરી રહ્યા છો?

## હું બધું ખુલ્લેઆમ કરું છું, બંધબારણે નહીં: શિંદે

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પત્રકારોએ પૂછેલો એક સવાલ બહુ ચર્ચામાં છે. સાતારાથી રવાના થવાના સમયે એક પત્રકારે પૂછ્યું હતું કે શું તમે ફડણવીસને મુશ્કેલીમાં મુકવા માટે મરાઠા આંદોલનકારીઓને મદદ કરી રહ્યા છો ત્યારે શિંદેએ કહ્યું હતું કે હું બધું ખુલ્લેઆમ કરું છું. હું ગુપ્ત રીતે, બંધ દરવાજા પાછળ કંઈ કરતો નથી. આમ કહીને શિંદેએ ઉદ્ધવ ઠાકરેની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે અમે મહારાષ્ટ્રના લોકો ઇચ્છતા હતા તે સરકાર લાવ્યા છીએ. મરાઠા આંદોલન વિશે વિપક્ષ મૂંઝવણ પેદા કરી રહ્યા છે. તેઓ સમાજમાં તિરાડ પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય લેવા સક્ષમ છે.

એકનાથ શિંદેએ કહ્યું કે અંદર એક અને બહાર એક પદ ન હોવું જોઈએ, અમે સ્પષ્ટ વલણ અપનાવીશું. અમે કાનૂની મુદ્દાઓની તપાસ કરીશું અને યોગ્ય નિર્ણય લઈશું. ચર્ચા દ્વારા અમે સારો રસ્તો શોધીશું, એમ એકનાથ શિંદેએ કહ્યું. દરેકે સહકારની ભૂમિકા

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં વરસાદના નવા રાઉન્ડ માટે ફરી તૈયાર રહેજો

### ઑગસ્ટ મહિનો ૧,૧૮૪ મિ.મી. વરસાદ સાથે અત્યંત ભીનો રહ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઑગસ્ટ મહિનાના ત્રીજા અઠવાડિયામાં મુશળધાર વરસાદ પડીને મુંબઈને ધમરોળી નાખ્યા બાદ હવે ફરી એક વખત વરસાદની જોરદાર એન્ટ્રી થવાની છે. મુંબઈમાં ઑગસ્ટ મહિનામાં સરેરાશ ૧,૧૮૪ મિ.મી. વરસાદ પડવાની સાથે જ ઑગસ્ટ મહિનો અત્યંત ભીનો મહિનો રહ્યો છે અને હવે ચાલુ અઠવાડિયામાં મુંબઈમાં ફરી હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. આ દરમ્યાન રવિવારે મુંબઈમાં આખો દિવસ હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડયા હતા. મુંબઈમાં ઑગસ્ટ મહિનામાં સરેરાશ ૧,૧૮૪ મિ.મી. વરસાદ પડવાની સાથે જ ચાલુ વર્ષમાં અત્યંત ભીનો મહિનો રહ્યો છે. ઑગસ્ટ મહિનાના સરેરાશ વરસાદ કરતા પણ વધુ એટલે કે ૧૦૯ ટકા વરસાદ પડી ચૂક્યો છે. મુખ્યત્વે ૧૬ અને ૧૯ ઑગસ્ટના થયેલી અતિવૃષ્ટિને પગલે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ સરેરાશ વરસાદ ચાલુ વર્ષે ઑગસ્ટ મહિનામાં નોંધાઈ ચૂક્યો છે. ઑગસ્ટ મહિનામાં મુશળધાર વરસાદ પડયા બાદ હવે ગણેશોત્સવના બાકી રહેલા દિવસોમાં ગણેશભક્તોને આડે વિઘ્ન લાવવાનો છે. આજથી સપ્ટેમ્બર મહિનો શરૂ થયો છે અને હવામાન વિભાગે ચાલુ અઠવાડિયામાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. ઑગસ્ટમાં માસિક

(જુઓ પાનું ૪) ▶▶

## બૅંક સાથે ૭૫ લાખની ઠગાઇના કેસના ફરાર આરોપીની નવ વર્ષ બાદ ધરપકડ

થાણેઃ બૅંક સાથે ૭૫.૩૭ લાખ રૂપિયાની ઠગાઇના કેસના ફરાર આરોપીને નવ વર્ષ બાદ ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપીની ઓળખ ગોપાલ રાધેશ્યામ નાગ (૪૨) તરીકે થઇ હોઇ તે થાણે જિલ્લામાં નામ બદલીને રહેતો હતો. આ કેસ ડિસેમ્બર, ૨૦૧૨થી જૂન, ૨૦૧૬ દરમિયાન છ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ઠગાઇનો છે. આરોપીઓએ થાણે જિલ્લાની કો-ઓપરેટિવ બૅંકના મેનેજર સાથે મળીને નકલી સોનું ગિરવે મૂકીને ૭૫.૩૭ લાખની લોન મેળવી હતી.

ભાયંદર પોલીસે આ પ્રકરણે છ આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો અને કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. આ કેસમાં પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની સામે આરોપનામું પણ દાખલ કરવામાં આવ્યું હતું.



**નાનકડી માગણી:** મુંબઈમાં પાંચમા દિવસના ગણપતિનું વાજતેગાજતે વિસર્જન કરાયું હતું ત્યારે એક બાળકીએ બાપ્પાને કાનમાં આવતા વર્ષે જલદી આવવાનું કહ્યું હતું. (અમય ખરાડે)



રાજકોટમાં નેશનલ સ્પોર્ટ્સ ડે અન્વયે યોજાયેલા 'સાઇકલ ઓન સન્ડે' કાર્યક્રમમાં ૨૫૦થી વધુ સાઇક્લિસ્ટો જોડાયા હતા. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અંજારના જોગણીનાર અને મુંદરાના જૂના બંદર પાસેના સમુદ્રકાંઠેથી વધુ બે મહાકાય કન્ટેનર તણાઈ આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છના સમુદ્રમાંથી પાછલા લગભગ એકાદ મહિનાથી મહાકાય કન્ટેનરો તણાઈ આવવાનો વણથંભ્યો સિલસિલો જારી રહેતો હોય તેમ હવે અંજાર તાલુકાના જોગણીનારના અને મુંદરાના જૂના બંદર આસપાસના સમુદ્ર કિનારેથી બે જેટલા કન્ટેનર મળી આવતાં સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, જોગણીનાર મંદિર આસપાસના સમુદ્રમાં તણાઈ આવેલું કન્ટેનર ટેન્કર મળી આવ્યું હતું. બીજી તરફ, મુંદરાના જૂના બંદર પાસે પણ સમુદ્રમાં તણાઇ આવેલું એક મહાકાય કન્ટેનર તણાઈ આવ્યું હતું. કન્ટેનરના ખૂણામાં અંગ્રેજીમાં ઈ.એક્સ. એફ.યુ.૫૬૨૪૬૧૧.નંબર લખેલા હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના કચ્છ-દ્વારકા, પોરબંદર અને ગીર સોમનાથના દરિયાઈ કાંઠે અત્યાર સુધીમાં ૧૬થી વધારે કન્ટેનરો મળી ચુક્યા છે. પ્રાથમિક દ્રષ્ટિએ ગત જૂન મહિનાની ૨૧મી તારીખે 'કોમોરોસ ફ્લેગ' ધરાવતા ઓમાનના દરિયાઈ વિસ્તારમાં ડૂબી ગયેલા એમ.વી.ફોનિક્સ ૧૫ નામના માલવાહક જહાજના કન્ટેનરો હોવાનું જણાયું છે.

આ જહાજ સલાલાથી ૨૦ દરિયાઈ માઈલ ડૂબી જવા પામ્યું હતું અને તેમાં લદાયેલા આ કન્ટેનરો એક હજાર દરિયાઈ માઈલની મુસાફરી ખેડીને ગુજરાતના સાગર કાંઠે પહોંચ્યા હતા જયારે અન્ય કન્ટેનરો પાકિસ્તાનના દરિયામાં તણાયા હતાં. એમ.વી. ફોનિક્સ ૧૫ માલવાહક જહાજ ૧૫ વર્ષ જૂનું હતું અને તે ૧૧૮ મીટર લાબું હતું. તે યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઈ)ના જેબલ અલી બંદરથી સાઉદી અરેબિયાના જેડા બંદર તરફ જઈ રહ્યું હતું અને તે ડૂબી ગયું હતું. જો કે તેમાં સવાર તમામ ૨૦ જેટલા ખલાસીઓને અન્ય બીજા માલવાહક જહાજ દ્વારા ઉગારી લેવાયા હતા. દરિયામાં તણાઈ આવેલા આ કન્ટેનરો પૈકીના બાર કન્ટેનર કચ્છના સાગર કાંઠે પહોંચ્યા હતા જયારે બીજા ચાર દ્વારકાના દરિયામાં પહોંચ્યા હતા, જયારે એક-એક કન્ટેનર પોરબંદર અને ગીર-સોમનાથ જિલ્લાના દરિયા કાંઠે તણાઈ આવ્યાં હતા. ■

# ભુજમાં વિદ્યાર્થિનીની ગળું વેતરી, નિર્મમ હત્યાની ઘટનાનો ચોમેર વિરોધ

## સાક્ષીને ઝડપી ન્યાય અપાવવાની માગ સાથે ભુજમાં વિશાળ કેન્ડલ માર્ચ યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ગુરુવારે ભુજ શહેરના એરપોર્ટ રિંગરોડ પર આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કૉલેજમાં બીસીએના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતી સાક્ષી જેઠાલાલ ખાનિયા નામની વિદ્યાર્થિનીનું તેના એક તરફી પ્રેમી એવા મોહિત મુળજી સિદ્ધેશ્વરા નામના ૨૨ વર્ષીય યુવકે ગળું કાપીને સરાજાહેર કરપીણ હત્યા કરવાના અત્યંત ઘૃણાસ્પદ બનાવના કચ્છ સહિત રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. આ હૈયું હચમચાવી દેનારી ઘટનાથી અત્યંત વ્યથિત થયેલા યુવાઓ દ્વારા મૃતક સાક્ષીને શ્રદ્ધાંજલિ આપવા માટે ભુજમાં વિશાળ કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. કચ્છના વિવિધ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓએ ભુજ-માંડવી માર્ગ પર આવેલી જે.બી. ઠક્કર કોમર્સ કોલેજથી જ્યુબિલી ગ્રાઉન્ડ સુધી કેન્ડલ માર્ચ યોજીને સાક્ષી ખાનિયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેને ઝડપી ન્યાય મળે એ માટે સાંકેતિક ભાષામાં મોબાઈલ ફોનની ફ્લેશલાઇટ દ્વારા આકાશમાં પ્રકાશપુંજ ફેલાવવામાં આવ્યો હતો.આ કેન્ડલ માર્ચમાં એકઠા થયેલા વિદ્યાર્થીઓએ સાક્ષીના હત્યારા વિરુદ્ધ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે તેવી માંગ કરી હતી. ■



જૂનાગઢમાં ભવનાથ ખાતે મહાનગરપાલિકા દ્વારા આયોજિત વિસર્જન કુંડ ખાતે મોટી સંખ્યામાં ભક્તોએ ગણપતિ વિસર્જન કર્યું હતું. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# ભુજના આર.ટી.ઓ. સર્કલ પાસે સ્કૂટર સ્લીપ થતા યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજના આરટીઓ સર્કલ પાસે સ્કૂટર સ્લીપ થતાં સર્જાયેલા અકસ્માતમાં ઘાયલ થયેલા મૂળ જયપુર (રાજસ્થાન)ના વિકાસ માલીરામ લાંબા નામના યુવાને સારવાર દરમ્યાન છેલ્લા શ્વાસ લીધા હતા, જ્યારે ભુજ તાલુકાના દહીંસરા પાસે રસ્તાની વચ્ચે ઉભેલાં ભેંસના ધણ સાથે મોટરસાઇકલ ટકરાઈ જતાં મોટા સલાયાના ૩૯ વર્ષીય અકબર આમદ શિરૂનું ગંભીર ઇજાના પગલે સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ જયપુરનો અને હાલે આર.ટી.ઓ. રિલોકેશન સાઈટમાં રહીને નર્સિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવનારો હતભાગી વિકાસ લાંબા ગત ૨૭મી જુલાઈની સવારે તેની એક્ટિવા લઇને ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે આર.ટી.ઓ. સર્કલ પાસે કોઈ કારણોસર તેનું વાહન સ્લીપ થઇ જતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો.

પ્રથમ સરકારી હૉસ્પિટલમાં બાદમાં ભુજની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેને વધુ સારવાર અર્થે જોધપુર (રાજસ્થાન)ની હૉસ્પિટલમાં લઇ જવાયો હતો જ્યાં સારવાર કારગત ન નીવડતા ગત શનિવારે તેણે અંતિમ શ્વાસ લીધા હતા. ■

# ભાવનગર એલસીબીએ રિક્ષામાંથી દારૂનો ૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, એક આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે શહેરના નવાપરા પાસે આવેલ રસાલા કેમ્પ વિસ્તારમાંથી સીએનજી રિક્ષામાંથી દેશી દારૂનો જથ્થો સાથે એક શખ્સને એક લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ બનાવ અંગે એલસીબી કચેરીએથી મળતી માહિતી મુજબ શહેર વિસ્તાર પેટ્રોલિંગ તે દરમિયાન શહેરના રસાલા કેમ્પ વિસ્તારમાંથી પોલીસે રિક્ષામાંથી દેશી દારૂના ૭ કોથળા સાથે રિક્ષાચાલકની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીની ઓળખ રમાકાંતસિંહ રામકિશન તોમર ઉં.વ.૩૧ તરીકે થઈ છે. તે મૂળ ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લાનો વતની છે અને હાલ ભાવનગરના આડોડીયાવાસમાં રહે છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, દારૂનો જથ્થો નિતાબેન સરજુભાઈ રાઠોડે મોકલ્યો હતો અને ગીતાબેન ગોરધનભાઈ વલેચાએ મંગાવ્યો હતો. બંને આરોપી મહિલાઓ હજુ ફરાર છે. પોલીસે કુલ ૭૦૦ દારૂની કોથળીઓ ૧૪૦ લિટર કિંમત રૂ.૨૮,૦૦૦ અને રૂ.૧ લાખની કિંમતની રિક્ષા મળી કુલ રૂ.૧,૨૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# ભાવનગર શહેર ભાજપે બુથ સ્તર સુધી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૧૨૫ મી 'મન કી બાત' સાંભળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ત્રીજી ઓક્ટોમ્બર ૨૦૧૪ અને વિજયા દશમીથી શરૂ થયેલો 'મન કી બાત' નો ૧૨૫ મો એપિસોડ તા. ૩૧-૦૮-૨૦૨૫ અને રવિવારના રોજ પ્રસારિત થયો હતો. જેમાં મોદીજીએ રમતવીરો સહિત વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી માટે પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, રમત ગમતથી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ની ભાવના ઉજાગર કરી શકાય છે. આ ઉપરાંત યુ.પી.એસ.સી માં થોડા માર્ક માટે રહી જતા ઉમેદવારોનું ભવિષ્ય 'પ્રતિભાસેતુ' પોર્ટલ મારફતે સુનિશ્ચિત થવા અંગે માહિતી આપી હતી.

આ ઉપરાંત ભારતના મહાન ઈજનેર વિશ્વેશ્વરાયને યાદ કર્યા હતાં અને આગામી દિવસોમાં આવનારા એન્જિનિયર દિવસની દેશના એન્જિનિયરોને શુભકામનાઓ આપી હતી તેમજ વિશિષ્ટ સિદ્ધિઓ ધરાવતા દેશવાસીઓની વાતો ઉજાગર કરી હતી.

ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહના માર્ગદર્શનમાં કાર્યકર્તાઓએ બુથ સ્તરે વડા પ્રધાનના 'મન કી બાત' કાર્યક્રમને માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે, કે 'મન કી બાત' ને બુથ સ્તર સુધી પહોંચાડવાની જવાબદારીના શહેર પ્રભારી તરીકે પૂર્વ સ્ટે. ચેરમેન ધીરુભાઈ ધામેલીયા તેમજ પૂર્વ વિધાનસભાના પ્રભારી તરીકે પૂર્વ સ્ટે. ચેરમેન યુવરાજસિંહ ગોહિલ તેમજ પશ્ચિમ વિધાનસભાના પ્રભારી તરીકે પૂર્વ ડે. મેયર અશોકભાઈ બારૈયાએ સુપેરે નિભાવી હતી. ■

# ભાવનગરમાં ગણપતિના મંડપમાં જુગાર રમતાં છ શખ્સો ઝડપાયા

ભાવનગરઃ લોકલ ક્રાઇમ બ્રાન્ચે શહેરના રૂવાપરી રોડ પર જાહેર જગ્યામાં જુગાર રમતા છ શખ્સોને પકડી પાડ્યા હતા. બાલા હનુમાન મંદિર સામે ગણપતિના મંડપમાં લાઇટના અજવાળે જુગાર રમતા છ શખ્સોને ઝડપી લીધા હતા. મળતી માહિતી મુજબ એલસીબી પોલીસે મળેલી બાતમીના આધારે રેઇડ કરી હતી, જેમાં આરોપીઓ ગંજીપત્તાના પાના વડે હાર-જીતનો જુગાર રમતાં હતા. પકડાયેલા આરોપીઓમાં રાહુલ દિનેશભાઇ વેગડ ઉં.વ.૩૦ રહે.પાણીની ટાંકી પાસે, ઝાલાના પેટ્રોલ પંપ પાછળ વરતેજ સાકિર અબ્દુલભાઇ કુરેશી ઉં.વ.૩૫ રહે.મફતનગર, ત્રિમુખી હનુમાન મંદિર પાસે બોરડીગેટ, સુરેશભાઇ ભુપતભાઇ મકવાણા ઉ.વ.૨૮ રહે.પ્લોટ નંબર-૨૦૩,બાલા હનુમાન દાદાના ખાંચામાં, ખેડુત વાસ, રૂવાપરી રોડ, કાળુ કિશોરભાઇ વાઘેલા ઉં.વ.૪૭ રહે.મનાભાઇનો ચોક, મેલડીમાંની ધાર, ખેડૂતવાસ, સુનિલ ધનાભાઇ રાઠોડ ઉં.વ.૩૦ રહે.પાણીની ટાંકી પાસે, બહુચરમાંનો ચોક, ખેડુતવાસ તથા ભરત ઉર્ફે પારેવો જેન્તીભાઇ ડાભી ઉં.વ.૪૨ રહે. પ્લોટ નં.૨૨૦, રેલવે પાટા પાસે, બાલા હનુમાન મંદિર સામેના ખાંચામાં ખેડૂતવાસ વાળાનો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના અને રોકડ રૂ.૨૧,૩૦૦ની ભારતીય ચલણી નોટો જપ્ત કરી છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# 'અગલે બરસ તું જલદી આના' ના નારા સાથે ગણપતિ બાપાને ભાવુક વિદાય આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગણપતિ મહોત્સવના પાંચમા દિવસે સમગ્ર રાજકોટ શહેરમાં ગણેશ વિસર્જનની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ હતી. ઠેર-ઠેર 'અગલે બરસ તું જલદી આનાં' ના નારા અને ઢોલ-નગારા સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. રાજકોટ મનપા દ્વારા શહેરમાં કુલ છ સ્થળોએ વિસર્જન માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજકોટમાં આજી-૧ ડેમ ખાણ એક અને બે, ઓવરફ્લો સાઈડ, ન્યારા સહિત કુલ છ જગ્યાએ વિસર્જન માટેની વ્યવસ્થા કરવામાં આવે હતી.

ગણેશચતુર્થીના દિવસથી શરૂ કરી ૩, ૫, ૭ અને ૧૦ દિવસ માટે લોકો પોતાના ઘર, સોસાયટી અને શાળા કોલેજમાં ગણપતિની સ્થાપના કરતા હોય છે. ગણેશજીની પૂજા અર્ચના કર્યાં બાદ લોકો ગણપતિ બાપાનું નદી કે તળાવમાં વિસર્જન કરતા હોય છે.

આ દરમિયાન કોઈ અઘટીત ઘટના ના બને તે માટે ૫૦થી વધુ પોલીસ સ્ટાફ તેમજ હોમગાર્ડના જવાનો બંદોબસ્તમાં સતત સતર્ક રહ્યા હતાં. ભક્તોએ પાંચ દિવસ વિધિવત રીતે પૂજા-અર્ચના કરીને બપ્પાને વિદાય આપી હતી. ■

### કચ્છના કાંઠે ડ્રગ્સની ભરતી જારીઃ

# અબડાસાના મોટા પીર ટાપુ પરથી સીમા સુરક્ષા દળના જવાનોને બિનવારસુ અફઘાની ચરસના છ પડીકાં મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સમુદ્ર કાંઠાઓ પર મોટાભાગે વર્ષાઋતુ દરમ્યાન સામેપારથી તણાઈને આવતાં રહેતાં કરોડોની કિંમતના કેફી પદાર્થોના બિનવારસુ પડીકાઓના ઢગલા મળી આવવાનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેતો હોય તેમ ફરી એકવાર અબડાસા તાલુકાના સમુદ્રી વિસ્તારમાં આવેલા દુર્ગમ મોટા પીર ટાપુ પરથી સરહદી સલામતી દળના ચોકિયાત જવાનોને અફઘાની ચરસના છ જેટલાં બિનવારસુ પડીકાં મળી આવ્યાં હતા.

આ અંગે વાયોર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, ઈન્ડો-પાક વચ્ચે વર્તાઈ રહેલા તણાવ વચ્ચે હાઈ એલર્ટ પર રહેલા કચ્છના સમુદ્રી કાંઠાના વધારી દેવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ગત શનિવારે મોડી સાંજના અરસામાં બીએસએફના જવાનો મોટા પીર ટાપુના સંવેદનશીલ લેન્ડિંગ પોઇન્ટ પાસે ફૂટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે કેફી પદાર્થના સામેપારથી તણાઈને આવી ચડેલા છ જેટલા ચરસના બિનવારસુ પેકેટ તેઓને મળી આવ્યાં હતાં. દરિયામાં કરંટ વધુ હોઈ, હજુ વધારે માત્રામાં આ પ્રકારના કેફી દ્રવ્યના પડીકાં કચ્છના કાંઠે હોવાની આશંકાને પગલે સર્ચ વધારી દેવામાં આવ્યું હોવાનું તપાસકર્તાએ ઉમેર્યું હતું. ■

# નર્મદા જિલ્લામાં એક યુવકને થાંભલે બાંધી તાલિબાની સજા આપી, સ્થાનિકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરનાર યુવાન દીપક તુકારામ કોળીનું થાંભલે બાંધી ઢોરમાર મારવાનો વીડિયો વાયરલ થયા બાદ ભારે આક્રોશ જોવા મળ્યો છે. દીપકે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં થયેલા ભ્રષ્ટાચાર અંગે ગ્રામ પંચાયત અને જિલ્લા વહીવટીતંત્રને લેખિત નોંધ આપી હતી, જેના કારણે ગામના ચાર લોકોએ, જેમાં ગ્રામ પંચાયતી મહિલા સભ્ય પણ હતી, તાણ પાડીને, દીપકને દોડાવીને પિટ્યા પછી થાંભલા સાથે બાંધીને તાલિબાની શૈલીમાં સજા આપી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાતા નાગરિકોમાંલોકશાહી અને કાયદા વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ઢોર મારવામાં આવતા દીપકને ગંભીર ઇજાઓ થઈ હોવાથી હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. આ વીડિયો વાયરલ થતા નર્મદા જિલ્લામાં ભારે હોબાળો મચાવા પામ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે,જે વ્યક્તિ ભ્રષ્ટાચાર ઉજાગર કરે છે તે વ્યક્તિને આ રીતે માર મારવો એ લોકશાહીની હત્યા છે. જેથી આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવે અને ભ્રષ્ટાચારના મુદ્દે તપાસ કરવામાં આવે તેવી લોકોએ માગણી કરી હતી. દીપક તુકારામ કોળી નામના આ યુવકે પીએમ આવાસ યોજનામાં જે ભ્રષ્ટાચાર થયો છે તેની જિલ્લા વહીવટીતંત્રને ફરિયાદ કરી હતી. જે બાદ તેને આ રીતે તાલિબાની સજા મળતા આ ઘટનાએ નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા કર્યા હતાં. ■

# જામનગરમાં કૌટુંબિક વિવાદમાં એક યુવકની હત્યા, ૩ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ગોકુલનગર પાણખાણ વિસ્તારમાં એક હત્યાની ઘટના ઘટી હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે કૌટુંબિક વિવાદમાં એક યુવકની હત્યા કરી દેવામાં આવી હતી. ભંગારમાં મજૂરી કરતા ૨૭ વર્ષીય રોહિત દીલાભાઈ પરમારની તેમના સાઢુભાઈએ છરીથી હત્યા કરી દીધી હતી. રોહિતને ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેને જીજી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, ત્યાંથી અન્ય હૉસ્પિટલમાં લઈ જતા તેનું મૃત્યુ થઈ ગયું હતું.

મૃતક રોહિત દીલાભાઈ પરમારને એક ૩ વર્ષની અને બીજી ૫ વર્ષની દીકરી છે. રોહિતનું મોત થયાં બે નાની દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. આ કેસમાં ડીવાયએસપી જયવીર સિંહ ઝાલા, સીટી 'સી' પોલીસ સ્ટેશનના પીઆઈ ડાભી અને પીએસઆઈ પરમાર પણ સ્થળ પર આવી પહોંચ્યા હતાં. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે કોઈ જૂનિં કૌટુંબિક ઝઘડાના કારણે આ હત્યા થઈ હોવાનું અનુમાન છે. ■

# રાજકોટ પોલીસે નવ લાખના એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક આરોપીને ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપે ૯ લાખ રૂપિયાની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે ડ્રગ્સ, મોબાઈલ ફોન, રોકડ રકમ સહિત ૧૪ લાખ રૂપિયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સાહિલ ઉર્ફે રજાક ગોપલાણી નામના આરોપીની ધરપકડ કરી હતી. આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યાં પ્રમાણે આરોપી સાહિલ અગાઉ પણ ડ્રગ્સ સંબંધિત કેસમાં પકડાઈ ચૂક્યો હતો. જેના કારણે તેની પૃષ્ઠભૂમિની વધુ તપાસ કરવામાં આવી રહી હતી. પોલીસ હવે ડ્રગ્સના સ્રોત અને તેના ખરીદદારોની ઓળખ કરવા માટે પોલીસે તપાસના ચક્ર ગતિમાન કરી દીધા હતાં. ■

# સરેરાશ વરસાદને પગલે સૌરાષ્ટ્ર અને કચ્છના ૬૧ ડેમ ઓવરફ્લો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં ચોમાસું સારું રહ્યું છે. ગુજરાતમાં આ વર્ષે સિઝનનો સરેરાશ ૯૩.૭૬ ટકા વરસાદ જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૮૪ ટકા વરસાદ ખાબક્યો છે. હજી આગામી દિવસોમાં અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓગષ્ટના અંત સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છના ડેમોમાં કૂલ જળસંગ્રહ ક્ષમતાની સામે ૮૦ ટકા પાણીની આવી થઈ ચૂકી છે. સૌરાષ્ટ્ર કચ્છમાં જિલ્લાવાઈઝ ડેમોમાં ભાવનગર જિલ્લામાં ડેમોની જળસંગ્રહ ક્ષમતા સામે ૯૮.૭૩ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. પોરબંદર જિલ્લાના જળાશયોમાં ૯૫ ટકા અને બોટાદ જિલ્લાના જળાશયોમાં ૯૧ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. સૌથી ઓછું પાણી કચ્છ જિલ્લાના જળાશયોમાં આવ્યું છે. કચ્છ જિલ્લાના ડેમોમાં માત્ર ૬૦.૮૧ ટકા પાણીની આવક નોંધાઈ છે. ■

# મહીસાગરમાં ૧૨૩ કરોડના નલ સે જલ કૌભાંડમાં સંડોવાયેલા ૧૨ મુખ્ય આરોપીમાંથી એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહીસાગરમાં નળ સે જલ યોજનામાં આશરે ૧૨૩ કરોડના કૌભાંડ કેસમાં સીઆઈડી ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. આ મામલે ૧૨ મુખ્ય આરોપીઓમાંથી લુણાવાડા વાસ્મો કચેરીમાં આસિસ્ટન્ટ તરીકે થયેલ અલ્પેશ પરમારને સાઠંબા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. લુણાવાડા કોર્ટે તેને બે દિવસના રિમાન્ડ પર મંજૂર કર્યો છે. આ કૌભાંડમાં કુલ ૧૨ સરકારી કર્મચારીઓ અને ૧૧૧ કોન્ટ્રાક્ટરો સામે ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આરોપો ચાલી રહ્યાં છે. અત્યાર સુધીમાં ત્રણ સરકારી કર્મચારીઓ અને ચાર ઇજારેદારોને ઝડપી પાડવામાં આવ્યા છે.

આ કૌભાંડમાં ૧૨ મુખ્ય આરોપીઓમાંથી એક અલ્પેશ પરમારની સાઠંબા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. અલ્પેશ પરમાર વાસ્મો કચેરીમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતો હતો અને કૌભાંડના મુખ્ય આરોપીમાંનો એક હતો. ૧૨૩ કરોડ રૂપિયાના નલ સે જલ કૌભાંડમાં લુણાવાડા સ્થિત વાસ્મો કચેરીના તત્કાલીન આસિસ્ટન્ટ મિકેનિકલ એન્જિનિયરને સીઆઈડી ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો હતો. આરોપી અલ્પેશ જયંતિસિંહ પરમારને સાઠંબા ખાતેથી ઝડપીને લુણાવાડા કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. જ્યાં લુણાવાડા કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

નલ સે જલ કૌભાંડમાં કુલ ૧૨ સરકારી કર્મચારીઓ સામે તપાસ ચાલી રહી છે. ૩ કર્મચારી તેમજ કૌભાંડમાં સંડોવાયેલા ઇજારેદારો પૈકી ૪ ઇજારદાર એમ મળી કુલ ૧૭ કૌભાંડીઓને ઝડપી પાડ્યા હતા. સરકારી કર્મચારીઓ સાથે ૧૧૧ કોન્ટ્રાક્ટરો સામે પણ ગેરરીતિના આરોપો સામે આવ્યો હતો. ■